RNI NO GUJ/GUJ/2005/23890

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ જેઠ સુદ - ૬   શનિવાર તા.૨૦-૦૬-૨૦૨૬   અંક : ૧૪૬ વર્ષ : ૨૧   email :rajkot@aaspassindia.com   કિંમત રૂ. ૨-૫૦   પાના - ૮

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

# રાજકોટના શાપર વેરાવળમાં વૃદ્ધને બંધક બનાવી કરોડોની લૂંટ

## ૫ થી ૭ જેટલા બુકાનીધારી શખ્સો ઘરમાં હથિયારો સાથે ધસી આવ્યાઃ ૨.૪૭ કરોડની રોકડ રકમ તેમજ ૫ થી ૭ તોલા સોનાના દાગીના સહિત કરોડોની મતાની લૂંટ

રાજકોટ

રાજકોટના શાપર વેરાવળ વિસ્તારમાં ચોંકાવનારી લૂંટની ઘટના સામે આવી છે. મોડી રાત્રે ત્રાટકેલા બુકાનીધારી શખસોએ એક ઘરને નિશાન બનાવી, વૃદ્ધને બંધક બનાવી ૨ કરોડો રૂપિયાથી વધુની લૂંટ ચલાવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.મળતી માહિતી અનુસાર, શાપર વેરાવળ વિસ્તારમાં મોડી રાત્રે અંદાજે ૧ વાગ્યાની આસપાસ બની હતી. અહીં રહેતા ૭૭ વર્ષીય જીતેન્દ્રસિંહ જાડેજા નામના વૃદ્ધ ઘરમાં એકલા હતા, ત્યારે ૫થી ૭ જેટલા અજાણ્યા બુકાનીધારી શખસો ઘરમાં ઘૂસી આવ્યા હતા. લૂંટારુઓએ જીતેન્દ્રસિંહને બંધક બનાવી લીધા હતા અને ઘરમાં રાખેલી માતબર રકમ તથા દાગીનાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

પ્રાથમિક વિગતો અનુસાર, લૂંટારુઓ ઘરમાંથી ૨.૪૭ કરોડ રૂપિયા રોકડા અને આશરે ૫થી ૭ તોલા સોનાના દાગીના ઉઠાવી ગયા છે.

નોંધનીય છે કે ભોગ બનનાર જાડેજા પરિવાર ખેતી, પેટ્રોલ પંપ તેમજ પ્લોટિંગના મોટા વ્યવસાય સાથે સંકળાયેલો છે, જેથી ઘરમાં આટલી મોટી રકમ રાખવામાં આવી હોવાનું મનાય છે.

કરોડોની લૂંટની આ ઘટનાની જાણ થતાં જ રાજકોટ ગ્રામ્ય પોલીસ એસપી (SP) સહિતના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક પોલીસ તેમજ એલસીબી (LCB) ની જુદી જુદી ટીમોની રચના કરવામાં આવી છે.પોલીસે હાલ સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરીને બુકાનીધારી શખસોની શોધખોળ આદરી છે. ઘટનાસ્થળ અને તેની આસપાસના વિસ્તારોમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવીને લૂંટારુઓ કઈ તરફ ભાગ્યા છે તેની કડી મેળવવા માટે સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. આટલી મોટી રકમની લૂંટ પાછળ કોઈ જાણભેદુનો હાથ છે કે કેમ, તે દિશામાં પણ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે ફરી યુદ્ધ વિરામ

## અમેરિકા, કતાર અને ઈરાનની મધ્યસ્થી બાદ ઈઝરાયેલ યુદ્ધ વિરામ માટે તૈયાર થયું

તેલ અવીવ

મિડલ ઈસ્ટમાં અમેરિકા અને ઈરાન વચ્ચે સ્વિટ્ઝર્લેન્ડમાં યોજાનારી શાંતિ સમજૂતી અટકી હતી. તેની બાદ અમેરિકા, કતાર અને ઈરાનની મધ્યસ્થીના લીધે ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે ફરી યુદ્ધ વિરામ થયો છે. આ અંગે બે સ્થાનિક અધિકારીઓ અને એક યુએસ અધિકારીને પુષ્ટિ કરી છે. આ બેઠક પૂર્વે ઈઝરાયલે દક્ષિણ લેબનોનમાં હુમલો કર્યો હતો. તેમજ તેના લીધે ઈરાન અને અમેરિકા વચ્ચે સ્વિટ્ઝર્લેન્ડમાં યોજાનારી વાટાઘાટો મુલતવી રાખવામાં આવી હતી. તેની બાદ યુદ્ધવિરામ માટેના રાજદ્વારી પ્રયાસો તીવ્ર બનાવવામાં આવ્યા હતા.

આ પૂર્વે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે ઈઝરાયલને અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા કરારની ટીકા અંગે કડક ચેતવણી આપી હતી. જેડી વાન્સે કહ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પ ઈઝરાયલના એકમાત્ર સાથી છે. વાન્સે ટિપ્પણી કરી હતી કે ઈઝરાયલ ગંભીર રીતે અલગ પડી ગયું છે અને તેના નેતાઓ અમેરિકન રાજદ્વારી અને લશ્કરી સમર્થનના મહત્વને સમજવામાં નિષ્ફળ ગયા છે.

# હોર્મુઝની ખાડીમાંથી પસાર થતા જહાજોએ ૪૮ કલાક પહેલા ઈરાનની મંજૂરી લેવી ફરજિયાત

## શાંતિ કરાર બાદ ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ માટે નવા નિયમો જાહેર કર્યા : ૬૦ દિવસ સુધી કોઈ ટોલ નહીં વસૂલે

તેહરાન

અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા કરારને પગલે, વૈશ્વિક સ્તરે અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાતા હોર્મુઝ સ્ટ્રેટ દરિયાઈ માર્ગ પર ફરીથી ધમધમાટ શરૂ થઈ ગયો છે. જોકે, આ જળમાર્ગ ખુલ્લો કરવાની સાથે જ ઈરાન સરકારે અહીંથી પસાર થતા જહાજો માટે કડક અને નવા નિયમોની જાહેરાત કરી દીધી છે.

હવેથી કોઈપણ જહાજ ઈરાનની પૂર્વ મંજૂરી મેળવ્યા વગર હોર્મુઝમાંથી આગળ વધી શકશે નહીં. નવા નિયમો અનુસાર, જહાજોએ આ દરિયાઈ માર્ગનો ઉપયોગ કરવાના ઓછામાં ઓછા ૪૮ કલાક પહેલાં ઓનલાઈન અથવા સત્તાવાર અરજી કરવી ફરજિયાત રહેશે. એટલું જ નહીં, પસાર થતી વખતે સમગ્ર સફર દરમિયાન જહાજના કેપ્ટને સતત ત્યાંના દરિયાઈ અધિકારીઓના સંપર્કમાં રહેવું પડશે.

ઈરાનની નવી બનેલી સંસ્થા 'પર્સિયન ગલ્ફ સ્ટ્રેટ ઓથોરિટી' દ્વારા જાહેર કરાયેલી ગાઈડલાઈન મુજબ, દરેક જહાજના ઓપરેટરે પોતાની મુસાફરીની પૂરેપૂરી વિગતો, નક્કી કરેલો રૂટ અને કોન્ટેક્ટ ડિટેલ્સ અગાઉથી જ જમા કરાવવાની રહેશે. આ સાથે, જ્યાં સુધી સત્તાવાર મંજૂરી ન મળે ત્યાં સુધી જહાજના ઓપરેટરે ઈરાની ઓથોરિટી સમક્ષ સતત સંપર્કમાં રહેવું પડશે.નવા નિયમો અનુસાર, હોર્મુઝ સ્ટ્રેટનો ઉપયોગ કરવા માંગતા તમામ જહાજો માટે ૪૮ કલાક પહેલાં ટ્રાન્ઝિટ રિક્વેસ્ટ દાખલ કરવી અનિવાર્ય કરાઈ છે, જેમાં જહાજનો રૂટ, ટ્રાવેલ પ્લાન અને કોમ્યુનિકેશન વિગતો આપવાની રહેશે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે દરિયામાં રહેલા સંવેદનશીલ અને સંભવિત માઈન્સવાળા વિસ્તારોના કારણે જહાજોએ હોર્મુઝ પહોંચતા પહેલાં પોતાનો રૂટ અને સમય શેર કરવો પડશે, જેથી કોઈ અકસ્માત ન સર્જાય અને જહાજોની સુરક્ષા જળવાઈ રહે. જો કોઈ જહાજ આ નિયમોનું ઉલ્લંઘન કરશે, તો તેની સંપૂર્ણ જવાબદારી જહાજના માલિકની રહેશે.

અલબત્ત, નિયમોનું પાલન કરનારા જહાજોને ઝડપથી મંજૂરી આપવાની ખાતરી પણ આપવામાં આવી છે.

# લંડનમાં બે પેસેન્જર ટ્રેન સામસામે ટકરાતા પાયલટનું મોત નિપજ્યું : ૯૦ મુસાફરો ઘાયલ

## બેડફોર્ડ શહેર નજીક બનેલી ઘટનાના પગલે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી

બેડફોર્ડ

બ્રિટનની રાજધાની લંડનથી આશરે ૯૦ કિલોમીટર દૂર આવેલા બેડફોર્ડ વિસ્તારમાં શુક્રવારે સાંજે એક અત્યંત દર્દનાક ટ્રેન અકસ્માત સર્જાયો છે. સામસામે આવતી બે પેસેન્જર ટ્રેનો વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં એક ટ્રેન પાઈલટનું મોત નીપજ્યું છે, જ્યારે ૮૯ જેટલા મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટના બાદ બ્રિટિશ વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે 'મેજર ઈન્સિડન્ટ' જાહેર કરીને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે.રેલ ટ્રેકિંગ વેબસાઈટ્સના જણાવ્યા અનુસાર, આ અકસ્માત શુક્રવારે સાંજે આશરે ૫:૧૫ વાગ્યે બેડફોર્ડ શહેરની બહાર સર્જાયો હતો. અકસ્માતનો ભોગ બનેલી બંને ટ્રેનો દક્ષિણ તરફ લંડનના સેન્ટ પેનક્રાસ સ્ટેશન જઈ રહી હતી.

ઈસ્ટ મિડલેન્ડ્સ રેલવેના સત્તાવાર નિવેદન અનુસાર, કોર્બીથી સેન્ટ પેનક્રાસ જતી સાંજે ૪:૪૦ વાગ્યાની ટ્રેન અને નોટિંગહામથી નીકળેલી બપોરે ૩:૫૦ વાગ્યાની ટ્રેન વચ્ચે આ ભયાનક ટક્કર થઈ હતી.

# ગદાર લોકો પૈસા મેળવી બીજી તરફ ચાલ્યા ગયા : ઉદ્ધવ ઠાકરે

## પાર્ટીના કાર્યકરો કહે ત્યારે પદ છોડવા તૈયાર હોવાનો કર્યો નિર્દેશ

મુંબઈ

શિવસેનાની સ્થાપનાને ૬૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે ઉદ્ધવ ઠાકરે મોટું નિવેદન આપ્યું છે. તેમણે ભાવુક અંદાજમાં કાર્યકર્તાઓને કહ્યું કે, 'જો પાર્ટી કાર્યકર્તાઓ અને નેતાઓને લાગે કે હું શિવસેના પ્રમુખ પદ માટે યોગ્ય નથી, તો હું આજે જ પદ છોડવા તૈયાર છું. હું કોઈપણ લાયક વ્યક્તિને શિવસેનાના અધ્યક્ષ બનાવવા તૈયાર છું. હું પડકારોથી પીછેહઠ કરવાનો નથી, પરંતુ જે દિવસે શિવસેનિકોને લાગશે તે દિવસે હું હટી જઈશ.'

ઉદ્ધવ ઠાકરેએ 'ઓપરેશન તોડવા' અને બળવાખોર ધારાસભ્યો પર નિશાન સાધતા કહ્યું કે, 'ગદ્દારો પૈસા લઈને બીજી તરફ ચાલ્યા ગયા.' તેમણે યાદ અપાવ્યું કે, શિવસેના સ્થાપક બાલાસાહેબ ઠાકરે પહેલા જ કહી ચૂક્યા હતા કે, જે લોકો પાર્ટી સાથે વિશ્વાસઘાત કરે, તેમને રાજકીય જવાબ આપવો જોઈએ. ઉદ્ધવના મતે, આ પડકારો છતાં શિવસેનિકોનો આત્મવિશ્વાસ તૂટવાનો નથી અને તેઓ પહાડની જેમ મજબૂતીથી લડતા રહેશે.

કોંગ્રેસ સાથેના ગઠબંધન પર ઉઠતા સવાલોનો જવાબ આપતા ઉદ્ધવ ઠાકરેએ સ્પષ્ટ કહ્યું કે, 'જો શિવસેના ૩૦ વર્ષ સુધી ભાજપ સાથે રહીને પણ તેમાં વિલય ન થઈ, તો કોંગ્રેસમાં વિલય થવાનો સવાલ જ નથી.

જો અગાઉ શિવસેનાનો સાથ ન મળ્યો હોત તો ભાજપ ઘણા સમય પહેલા જ ખતમ થઈ ગઈ હોત.






# ગુજરાતના મોટા શહેરોમાં કપલ સ્વેપિંગનું દૂષણ

## સુરતની મહિલાએ ગુજરાતનું સૌથી મોટું વાઈફ સ્વેપિંગ રેકેટ ખુલ્લું પાડ્યું : પીડિત મહિલાએ પતિ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા રાજયવ્યાપી નેટવર્કનો પર્દાફાશ

સુરત,

સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ જેવા મોટા શહેરોમાં કપલ સ્વેપિંગનું દૂષણ ઘૂસ્યું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. એટલું જ નહીં હજારો લોકો કપલ સ્વેપિંગ કાંડમાં જોડાયેલા હોવાનું પણ કહેવામાં આવી રહ્યું છે. આ ચુંગાલમાં ફસાયેલી મહિલાઓ એક-એક કરીને હવે સામે આવી રહી છે અને મોટા-મોટા ખુલાસા કરી રહી છે.

સંસ્કૃતિને કલંક લગાવતા આ 'કાંડ'માં ચોંકાવનારા ખુલાસા થતાં આખા ગુજરાતમાં ખળભળાટ મચી ગયો છે. એવામાં સુરત શહેરમાં કપલ સ્વેપિંગની જાળમાં ફસાયેલી એક મહિલાએ કપલ સ્વેપિંગનું 'કાળું સત્ય' ઉજાગર કર્યું છે. એટલું જ નહીં આ મહિલાએ આખું નેટવર્ક કેવી રીતે ચાલે છે, એક કપલને આવું 'ગંદુ' કામ કરવાના કેટલા રૂપિયા મળે છે વગેરે બાબતો પર હચમચાવી નાખે એવા ખુલાસા કર્યા છે. આ મહિલા પોતે પીડિત છે અને તેણે તેના પતિ સામે પણ કેસ નોંધાવ્યો છે.

સુરતની આ મહિલાએ ગુજરાતનું સૌથી મોટું વાઈફ સ્વેપિંગ રેકેટ ખુલ્લું પાડ્યું છે. મહિલાએ વાતચીતમાં જણાવ્યું છે કે, 'મારા સુરતના રાજ (નામ બદલ્યું છે) નામના યુવક સાથે ૧ જુલાઈ ૨૦૨૨ના રોજ સમાજના રીતિ રિવાજથી લગ્ન થયા હતા. લગ્નના પ્રથમ ત્રણ મહિના સુધી લગ્નજીવન ખૂબ જ સારી રીતે ચાલતું હતું. પરંતુ ત્યારબાદ મારા પતિએ મને કપલ સ્વેપિંગ વિશે માહિતી આપી. ફેસબુક પરની કેટલીક ચેટ્સ પણ બતાવી અને કપલ સ્વેપિંગ કેવી રીતે ચાલે છે તેની વિગતો પણ જણાવી. પણ મેં આવા કામ કરવાની ચોખ્ખી ના પાડી દીધી.'

મહિલાએ જણાવ્યું કે, 'મારા પતિ મને કપલ સ્વેપિંગમાં સામેલ કરવા માંગે છે, જે મને બિલકુલ મંજૂર નથી. આ આખું નેટવર્ક ફેસબુકથી ચાલે છે, ફેસબુકથી આ લોકો એકબીજાના સંપર્કમાં આવે છે. આ લોકો સાચા નામથી નહીં, ફેક એકાઉન્ટ બનાવે છે. પછી એકબીજા સાથે વાત કરે છે, ત્યારબાદ વાત વીડિયો કોલ સુધી પહોંચે છે. બંને કપલ આ બાબત પર સહમત થયા પછી એક કેઝ્યુઅલ મીટિંગ ગોઠવવામાં આવે છે. આ કપલ જ મળવા માટે આવ્યું છે કે નહીં, તે ચેક કરવા માટે આ મીટિંગ ગોઠવવામાં આવે છે. હજારોથી વધારે કપલ આમાં સંકળાયેલા છે.'

પોતાના પતિની કરતૂત વિશે વાત કરતા આ મહિલાએ કહ્યું કે, ' મારા પતિ પહેલેથી આ રેકેટમાં જોડાયેલા છે, મારા જેઠ-જેઠાણી પણ આમાં સંડોવાયેલા છે. મને લાગે છે કે મારા પતિ એક પાર્ટનરની રાહ જોઈ રહ્યા હતા, એટલે જ તેમણે લગ્ન કર્યા. મારા આવ્યા પછી તેમણે ધીમે-ધીમે આ વાત ચાલું કરી કે આ રીતે આપણે કરી શકીએ, પણ મેં ચોખ્ખી ના પાડી દીધી. આ નેટવર્કનો હેતુ એ છે કે પર્સનલી એ લોકો એન્જોયમેન્ટ કરી શકે છે અને તેમને પૈસા પણ મળે છે.'

રૂપિયાને લઈને મહિલાએ કહ્યું કે, ઘણા પેઈડ કપલ પણ હોય છે. ઘણા પૈસાવાળા લોકો આવું કામ પૈસા આપીને પણ કરાવતા હોય છે.

# અમદાવાદમા મોલ, મલ્ટીપ્લેક્સ, હોટેલ, હોસ્પિટલમાં ડિજિટલ લોક હટાવવા આદેશ

## દિલ્હીની આગની ઘટના બાદ ફાયર વિભાગ બન્યું વધુ સતર્ક

અમદાવાદ,

શહેરના ફાયર વિભાગ દ્વારા આગ લાગવાના બનાવમાં વધુ જોખમ ના થાય તે માટે મોલ, મલ્ટીપ્લેક્સ, હોટેલ, હોસ્પિટલમાં ડિજિટલ લોક હટાવવાનો આદેશ આપ્યો છે. ઈમરજન્સી એક્ઝિટ ૨૪ કલાક ખુલ્લા રાખવા સૂચના આપવામાં આવી છે. આગ સમયે લોકો સરળતાથી બહાર નીકળી શકે માટે આ આદેશ આપવામાં આવ્યો છે. આ અંતર્ગત શહેરના વિવિધ એકમોમાં ફાયર વિભાગનું સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યુ છે. ચેકિંગ દરમિયાન ડિજિટલ લોક જોવા મળશે તો કાર્યવાહી કરવામાં આવશે.

થોડા દિવસ અગાઉ રાજધાની દિલ્લીની હોટેલમાં અગ્નિકાંડની તપાસમાં ખુલસા થયો હતો કે ડિજિટલ લોકના કારણે લોકો બહાર ન નિકળી શકતા જીવ ગૂમાવવાના વારો આવ્યો હતો.ત્યારે અમદાવાદમાં આવી કોઈ ઘટના ન બને તે માટે ફાયર વિભાગે આ પ્રકારના ડિજિટલ કે મેગ્નેટિક લોકને દૂર કરવા આદેશ કર્યો છે. મોલ, મલ્ટીપ્લેક્સ, હોટેલ, હોસ્પિટલ જેવા કોઈપણ જાહેર સ્થળોના ઈમરજન્સી એક્ઝિટ ૨૪ કલાક ખુલ્લા રાખવા સૂચના આપવામાં આવી છે. ફાયર વિભાગની ચેકિંગ દરમિયાન જો ડિજિટલ લોક ધ્યાને આવશે તો કાર્યવાહી થશે.

ફાયર સેફ્ટી સત્તાધિકારીઓએ મોલ, મલ્ટીપ્લેક્સ, હોટેલ, હોસ્પિટલ જેવી જાહેર ઈમારતોમાં લગાવવામાં આવેલા કેટલાક પ્રકારના ડિજિટલ (સ્માર્ટ) લોક અંગે સુરક્ષા ચિંતાઓ વ્યક્ત કરી છે. આગ અથવા ઈમરજન્સી સમયે આવા લોક કારણે બહાર નીકળવામાં અવરોધ ઊભો થઈ શકે છે, તેથી તેમને દૂર કરવા અથવા ફાયર-સેફ્ટી ધોરણ મુજબ બદલવા માટે સૂચનાઓ આપવામાં આવી હોવાની માહિતી સામે આવી છે. આ પ્રકારની કાર્યવાહીનો મુખ્ય હેતુ ઈમરજન્સીમાં લોકોની સલામત બહાર નીકળવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાનો છે.

# સુરતમાંથી નકલી ડિટર્જન્ટ બનાવતી ફેક્ટરી ઝડપાઈ : શખ્સોની અટકાયત

## જાણીતી કંપનીના નામે નકલી વોશિંગ પાઉડર તૈયાર કરવામાં આવતો હતો

સુરત,

ગુજરાતમાં નકલી ખાદ્યપદાર્થો અને બ્રાન્ડેડ વસ્તુઓના કૌભાંડો વચ્ચે હવે સુરતમાંથી નકલી વોશિંગ પાઉડર બનાવવાનો મોટો મામલો સામે આવ્યો છે. સુરતના ઉત્રાણ વિસ્તારમાં પોલીસે જાણીતી ડિટર્જન્ટ બ્રાન્ડ 'એરિયલ'ના નામે ડુપ્લિકેટ પાઉડર તૈયાર કરતી એક ફેક્ટરીનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન ત્રણ શખ્સોની અટકાયત કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, મોટા વરાછા આઉટર રિંગ રોડ નજીક આવેલા એક ગોડાઉનમાં જાણીતી કંપનીના નામે નકલી વોશિંગ પાઉડર તૈયાર થતું હોવાની બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે એરિયલ કંપનીના પ્રતિનિધિઓ અને ઉત્રાણ પોલીસની ટીમે સંયુક્ત રીતે દરોડા પાડ્યા હતા.

દરોડા દરમિયાન ગોડાઉનની અંદર મોટા પાયે ડુપ્લિકેટ પાવડર બનાવવાની કામગીરી ચાલી રહી હોવાનું સામે આવ્યું હતું. આરોપીઓ બ્રાન્ડેડ કંપનીના નામે નકલી પાઉડર તૈયાર કરીને તેને અસલી તરીકે બજારમાં વેચતા હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

પોલીસે સ્થળ પરથી એરિયલ કંપનીના લોગો ધરાવતા ખાલી અને ભરેલા પેકેટ, નકલી સ્ટીકરો, પેકિંગ માટેના બોક્સ તેમજ અન્ય કાચા માલસામાન સહિતનો મોટો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# મુક્ત જેલોની વ્યવસ્થા પર હાઈકોર્ટ ગંભીર: સોનિયા ગોકાણીની કમિટી રાજયવ્યાપી નિરીક્ષણ કરશે

## ગુજરાતમાં મુક્ત જેલોની વ્યવસ્થા, તેનો વિસ્તાર અને કેદીઓના પુનર્વસનના મુદ્દે ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ સુઓમોટો કાર્યવાહી હાથ ધરી

અમદાવાદ,

ગુજરાતમાં ઓપન કરેક્શનલ ઈન્સ્ટિટ્યુશન એટલે કે મુક્ત જેલોની વ્યવસ્થા, તેનો વિસ્તાર અને કેદીઓના પુનર્વસનના મુદ્દે ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ સુઓમોટો કાર્યવાહી હાથ ધરી છે. સુપ્રીમ કોર્ટના તાજેતરના નિર્દેશોને આધારે શરૂ થયેલી આ કાર્યવાહીમાં રાજયભરની ઓસીઆઇ સુવિધાઓની સમીક્ષા કરવામાં આવશે.

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસની બેન્ચ સમક્ષ સુનાવણી દરમિયાન એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ઓસીઆઇ સ્ટેટ મોનિટરિંગ કમિટીની રચના કરી દેવામાં આવી છે. આ કમિટી રાજ્યના વિવિધ ઓસીઆઇ કેન્દ્રોની મુલાકાત લઈને ત્યાંની સુવિધાઓ, કેદીઓની સ્થિતિ અને પુનર્વસનની પ્રક્રિયાનું નિરીક્ષણ કરશે. ત્યારબાદ તેનો અહેવાલ સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે.

સ્ટેટ મોનિટરિંગ કમિટીના ચેરમેન તરીકે ગુજરાત હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ સોનિયા ગોકાણીની નિમણૂક કરવામાં આવી છે. કમિટી ઓસીઆઇ કેન્દ્રોની વાસ્તવિક સ્થિતિનું મૂલ્યાંકન કરશે અને જરૂરી સુધારાઓ અંગે ભલામણો કરશે. સુનાવણી દરમિયાન રાજ્ય સરકારે કોર્ટને એ પણ જણાવ્યું હતું કે,ઓસીઆઇ સુવિધાઓનો વિસ્તાર કરવા માટે વધારાની જમીનની જરૂરિયાત ઉભી થઈ શકે છે.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટે નોંધ્યું હતું કે, માત્ર ભૌતિક સુવિધાઓ વધારવાથી સમસ્યાનો ઉકેલ નહીં આવે.ઓસીઆઇ સાથે જોડાયેલી નીતિઓનું પણ પુનઃમૂલ્યાંકન જરૂરી છે. ખાસ કરીને મહિલા કેદીઓ માટેની વ્યવસ્થાઓમાં સુધારાની તાતી જરૂર હોવાનું કોર્ટે અવલોકન કર્યું હતું.

કોર્ટે નોંધ્યું હતું કે, ઘણી વખત મહિલા કેદીઓ જેલમાંથી મુક્ત થયા બાદ તેમના પરિવારજનો પણ તેમને સ્વીકારતા નથી. સમાજમાં પુનર્વસન તેમના માટે મોટો પડકાર બની રહે છે. આવી મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે કૌશલ્ય વિકાસ, રોજગારલક્ષી તાલીમ અને આવકના સાધનો ઉપલબ્ધ કરાવવાની જરૂર હોવાનું કોર્ટે જણાવ્યું હતું.

# અમદાવાદમાં કોમર્શિયલ ગેસ એજન્સીમાં સિલિન્ડર બ્લાસ્ટ થતા ૩ લોકો દાઝ્યા

અમદાવાદ,

શહેરના ગીતામંદિર વિસ્તારમાં આરોગ્ય ભવન સામે આવેલી એક કોમર્શિયલ ગેસ એજન્સીમાં એક ગંભીર ગેસ સિલિન્ડર બ્લાસ્ટની ઘટના બની છે. આ દુર્ઘટના બપોરે લગભગ ૪:૩૦ વાગ્યાના અરસામાં બની હતી, જ્યારે એજન્સીમાં ગેસ રિફિલિંગની પ્રવૃત્તિ ચાલી રહી હતી. આ બ્લાસ્ટના કારણે વિસ્તારમાં ગભરાટ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, આ ઘટનામાં ત્રણ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા, જેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આગ લાગ્યાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. જેમાં ફાયર બ્રિગેડની ટીમે ૭૦ જેટલા બાટલા બહાર કાઢી આગ ઓલવવાની કામગીરી હાથ ધરી છે. આ દુર્ઘટનામાં ૩ લોકો દાઝ્યા હોવાનું જણાય છે.

ઘટનાસ્થળે પહોંચેલા ફાયર અધિકારી ડોંગરે સાહેબે મીડિયાને માહિતી આપતા જણાવ્યું કે ફાયર કંટ્રોલ રૂમમાં ૪:૪૦ વાગ્યે સિલિન્ડર બ્લાસ્ટ થયાનો કોલ મળ્યો હતો. ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ત્યારે બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત જણાયા હતા, જેમને એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.

એજન્સીના પરિસરમાં ૫૦થી વધુ ગેસ સિલિન્ડરોનો સંગ્રહ હતો, જેમાંથી ત્રણ સિલિન્ડરોમાં વિસ્ફોટ થયો હતો. ફાયર વિભાગના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવીને બાકીના સિલિન્ડરોને આગની ઝપેટમાં આવતા બચાવ્યા હતા. ફાયર અધિકારીએ ઉમેર્યું કે આશરે ૧૧૦ સિલિન્ડરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

# અમદાવાદમાં મહિલાઓને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યું હોવાની બે ચોંકાવનારી ઘટનાઓ



## પોલીસે ગણતરીના કલાકોમાં જ બંને નરાધમ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા

અમદાવાદ,

શહેરમાં મહિલાઓને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યું હોવાની બે ચોંકાવનારી ઘટનાઓ સામે આવી છે. શહેરના દાણીલીમડા અને ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા આ કિસ્સાઓમાં પરિચિતોએ જ વિશ્વાસઘાત કરીને મહિલાઓનું વર્ષો સુધી શારીરિક શોષણ કર્યું હોવાનું ખુલ્યું છે. બંને મામલાની ગંભીરતાને ધ્યાને રાખીને સ્થાનિક પોલીસે ત્વરિત એક્શન લેતા ગણતરીના કલાકોમાં જ બંને નરાધમ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

દાણીલીમડા વિસ્તારમાંથી સામે આવેલા કિસ્સામાં, બિહારથી અમદાવાદમાં પોતાના પરિચિતના ઘરે લગ્ન પ્રસંગમાં આવેલી એક યુવતીને સ્થાનિક યુવકે પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. પોલીસ ગિરફ્તમાં આવેલા આરોપીની ઓળખ દાનિશ શેખ તરીકે થઈ છે, જે છૂટક મજૂરી કામ કરે છે. દાનિશે યુવતી સાથે મિત્રતા કેળવી તેને લગ્ન કરવાની ખોટી લાલચ આપી હતી અને તેની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા.

આ સતત શારીરિક શોષણના કારણે પીડિતા ગર્ભવતી બની ગઈ હતી. ગર્ભ રહી ગયા બાદ જ્યારે તેણે દાનિશ સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો, ત્યારે આરોપીએ સાફ ઈનકાર કરી દીધો હતો. ગભરાયેલી યુવતી બિહાર પરત ફરી હતી, જ્યાં તેની તબિયત લથડતા માતાએ પૂછપરછ કરી અને સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. માતા તાત્કાલિક પુત્રીને લઈને અમદાવાદ આવી પહોંચી હતી અને દાણીલીમડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપી દાનિશની ધરપકડ કરી આગળની તબીબી તપાસ હાથ ધરી છે.

# અમદાવાદની રથયાત્રા સઘન સુરક્ષા અને ટેકનોલોજીના સમન્વય સાથે નીકળશે

## ગજરાજ પર ખાસ નજર રખાશે,જીપીએસ સિસ્ટમ સાથે ૩૬૦ ડિગ્રી કેમેરો લગાવાશે

અમદાવાદ,

અમદાવાદની આગામી રથયાત્રા આ વર્ષે સુરક્ષા અને ટેકનોલોજીના સમન્વય સાથે યોજાવા જઈ રહી છે. પરંપરાગત રીતે રથયાત્રામાં ગજરાજોનું વિશેષ મહત્વ હોય છે, પરંતુ આ વખતે તેમની સુરક્ષા માટે વહીવટી તંત્ર દ્વારા 'સ્માર્ટ ટ્રેકિંગ' સિસ્ટમનો નિર્ણય લેવામાં આવ્યો છે. આધુનિક ટેકનોલોજી દ્વારા ભગવાનની શોભાયાત્રામાં સામેલ દરેક ગજરાજ પર ચાંપતી નજર રાખવામાં આવશે.

રથયાત્રાના રૂટ પર ગજરાજની મુવમેન્ટ ટ્રેક કરવા માટે દરેક હાથીની અંબાડી પર અત્યાધુનિક જીપીએસ સિસ્ટમ બેસાડવામાં આવશે. આ સિસ્ટમ માત્ર લોકેશન જ નહીં, પરંતુ ગજરાજની ગતિવિધિઓ પર પણ સતત દેખરેખ રાખશે. આ સિસ્ટમમાં ૩૬૦-ડિગ્રી કેમેરા પણ સામેલ હશે, જેનું લાઈવ ફીડ સીધું પોલીસ કંટ્રોલરૂમ સુધી પહોંચાડવામાં આવશે. આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય રથયાત્રા દરમિયાન કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટનાઓને રોકવાનો અને ભીડમાં ગજરાજની સ્થિતિ જાણીને તુરંત પ્રતિસાદ આપવાનો છે.

વધુમાં, ગજરાજની આસપાસના અવાજના સ્તરને માપવા માટે અંબાડી પર ખાસ સેન્સિંગ મશીન પણ લગાવવામાં આવશે, જેથી ઘોંઘાટના કારણે હાથી ઉત્તેજિત ન થાય તેનું ધ્યાન રાખી શકાય.

# પાવાગઢમાં ભારે વરસાદ વચ્ચે પથ્થર ધસી પડતાં ૪ યાત્રિકો દબાયા : બે લોકોના મોત

## કાટમાળ નીચે ફસાયેલા અન્ય લોકોને હાલોલ ફાયર વિભાગની ટીમે રેસક્યૂ કરીને બહાર કાઢ્યામાં આવ્યા

પંચમહાલ,

પંચમહાલના સુપ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢ ડુંગર પર વહેલી સવારે એક મોટી દુર્ઘટના સર્જાઇ છે. પાવાગઢમાં પાટિયાપુલ નજીક અચાનક એક વિશાળ પથ્થર નીચે ગબડ્યો હતો જેના કારણે ત્યાંથી પસાર થઇ રહેલા ચાર યાત્રિકો તેની નીચે દબાઇ ગયા હતા. આ ઘટનામાં બે યાત્રિકોના મોત થયા છે અને તેમના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે જયારે કાટમાળ નીચે ફસાયેલા અન્ય લોકોને હાલોલ ફાયર વિભાગની ટીમે રેસક્યૂ કરીને બહાર કાઢ્યા હતા. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અને યાત્રિકોમાં ભારે દોડધામ અને અફરાતફરીનો માહોલ સર્જાયો છે.

મળતી માહિતી મુજબ, પાવાગઢ અને આસપાસના વિસ્તારોમાં વહેલી સવારથી જ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. પહાડી વિસ્તાર હોવાના કારણે ડુંગર પરથી પાણીનો પ્રવાહ અત્યંત વેગવંતો બન્યો હતો. વરસાદના આ ભારે પાણીના પ્રવાહને કારણે ડુંગરની માટી અને પથ્થરો નબળા પડ્યા હતા, જેના પરિણામે પાટિયાપુલ પાસે એક મોટો પથ્થર ધસી પડ્યો હતો. કમનસીબે, આ જ સમયે ત્યાંથી પસાર થતા ત્રણ ભક્તો આ પથ્થરની ઝપેટમાં આવી ગયા હતા અને નીચે દબાઈ ગયા હતા. આ દુર્ઘટના વહેલી સવારે અંદાજે ૫:૦૦ વાગ્યાની આસપાસ બની હોવાનું જાણવા મળ્યું છે.ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તંત્ર અને વહીવટી ટીમો એક્શનમાં આવી હતી. ડુંગર પર હાજર રોપ-વેની રેસક્યૂ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને પથ્થર નીચે દબાયેલા યાત્રિકોને બહાર કાઢવા માટે બચાવ કામગીરી શરૂ કરી હતી. આ સમગ્ર મામલે પાવાગઢ પોલીસને તાકીદે જાણ કરવામાં આવી હતી, જેથી પોલીસનો ઉચ્ચ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

# મોદી સરકારના છેલ્લા દસ વર્ષ દરમિયાન અંદાજે ૮૯ જેટલા પેપર લીકના બનાવો સામે આવ્યા : અમીત ચાવડા

## લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી દેશભરના વિદ્યાર્થીઓ, વાલીઓ અને યુવાનોના પ્રશ્નો, પીડા અને આક્રોશનો અવાજ બન્યા

અમદાવાદ,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ આજે જણાવ્યું હતું કે શિક્ષણ, રોજગાર અને યુવાનોના ભવિષ્ય સાથે સીધો સંબંધ ધરાવતા અત્યંત ગંભીર વિષય પર સમગ્ર ગુજરાત અને દેશનું ધ્યાન દોરવાની જરૂરિયાત ઊભી થઈ છે. આજે દેશભરમાં શિક્ષણ વ્યવસ્થા એક પ્રકારની ઉઘાડી લૂંટનું માધ્યમ બની ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે અને લાખો વિદ્યાર્થીઓ તથા વાલીઓ તેની સીધી અસર ભોગવી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં દેશ અને ગુજરાતમાં વારંવાર પરીક્ષાઓના પેપરો લીક થવાના બનાવો સામે આવ્યા છે, જેના કારણે લાખો વિદ્યાર્થીઓની વર્ષોની મહેનત, વાલીઓના આર્થિક બલિદાન અને યુવાનોના સપનાઓ પર પાણી ફરી વળ્યું છે. માત્ર એક પરીક્ષા રદ થવી એ કોઈ વહીવટી ભૂલ નથી, પરંતુ સમગ્ર પરીક્ષા વ્યવસ્થાની નિષ્ફળતા અને તેમાં ચાલતા કૌભાંડોની સાબિતી છે. તેમણે કહ્યું કે તાજેતરમાં યોજાયેલી નીટ પરીક્ષામાં પણ પેપર લીકના ગંભીર આક્ષેપો સામે આવ્યા હતા. દેશભરમાં ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ અને ગુજરાતમાં ૮૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષાની તૈયારી કરી રહ્યા હતા. અગાઉ પણ નીટ પરીક્ષા અનેક વખત વિવાદોમાં આવી ચૂકી છે. જ્યારે વારંવાર પેપર લીક થાય છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓનો સમગ્ર પરીક્ષા પદ્ધતિ પરથી વિશ્વાસ ડગમગી જાય છે.

મોદી સરકારના છેલ્લા દસ વર્ષ દરમિયાન અંદાજે ૮૯ જેટલા પેપર લીકના બનાવો સામે આવ્યા છે અને ૪૮ જેટલી પરીક્ષાઓ ફરીથી લેવાની ફરજ પડી છે. નીટ ઉપરાંત સીબીએસઇ,એસએસસી,એનડીએ વ્યાપમ સહિતની અનેક પરીક્ષાઓમાં પણ કૌભાંડો અને ગેરરીતિઓના આક્ષેપો થયા છે. તેમ છતાં સરકાર દ્વારા કોઈ કાયમી અને અસરકારક ઉકેલ લાવવામાં આવ્યો નથી. ગુજરાતની સ્થિતિનો ઉલ્લેખ કરતાં અમિત ચાવડાએ જણાવ્યું કે બિનસચિવાલય ક્લાર્ક, જુનિયર ક્લાર્ક, હેડ ક્લાર્ક, ફોરેસ્ટ ગાર્ડ સહિતની અનેક ભરતી પરીક્ષાઓના પેપરો લીક થયા.

# સોશિયલ મીડિયા બ્લેકમેઈલ: સુરત પોલીસે મહિલાનો જીવ અને તૂટતું લગ્નજીવન પણ બચાવ્યું

## બ્લેકમેઈલનો ભોગ બનેલી મહિલાના શંકાશીલ પતિને પોલીસે મહિલાની વાસ્તવિક સ્થિતિ જણાવી લગ્નજીવન ફરી પાટે ચડાવ્યું

સુરત,

બરોબર એક મહિના પહેલાં સુરતના અમરોલી પોલીસ સ્ટેશનને એક માહિતી મળી મળી હતી કે ત્રીસેક વર્ષની એક મહિલા આત્મહત્યા કરવા જઇ રહી છે. જાણકારી મળતા જ સતર્ક પોલીસ ટીમ તરત જ મહિલાના ઘરે પહોંચી ગઈ. જોકે મહિલા ત્યાં મળી નહી. આથી પોલીસકર્મીઓ તાપી નદીના કિનારે પહોંચ્યા, અહીં મહિલા ભારે માનસિક તણાવમાં બેઠેલી મળી આવી. પોલીસે સમયસર હસ્તક્ષેપ કરીને આ મહિલાને નદીમાં



ઝંપલાવી દે તે પહેલાં જ બચાવી લીધી અને પોલીસ સ્ટેશન લઇ આવ્યા.

મહિલાને પોલીસ સ્ટેશન લઇ આવ્યા પછી પોલીસે પુછપરછ શરૂ કરી. જ્યારે પોલીસે તેણીને પૂછ્યું કે આત્મહત્યાનો નિર્ણય લેવાનું કારણ શું હતું, ત્યારે મહિલા ભાવુક બની ગઈ અને જણાવ્યું કે તેનો પતિ, તેણીની સાથે ગંભીર મારપીટ કરે છે.

ઘટનાનું મૂળ કારણ જાણવા પોલીસે પતિને પૂછપરછ માટે બોલાવ્યો. જોકે પતિએ આપેલી માહિતીથી સમગ્ર કેસમાં એક નવો વળાંક આવ્યો. પૂછપરછ દરમિયાન એક ગંભીર સાયબર ગુનાનો ભેદ ખુલ્યો અને આરોપીની ધરપકડ માટે પોલીસે બિહાર જઇ આરોપીની શોધખોળ માટે ટીમ રવાના કરી. સુરત શહેર ઝોન-૫ના નાયબ પોલીસ કમિશનર (DCP) લખધીરસિંહ ઝાલાએ જણાવ્યું કે, "મહિલા આત્મહત્યા કરવા જઈ રહી હોવાની જાણકારી મળતાં જ અમારી ટીમે ઝડપી કાર્યવાહી કરીને તેનો જીવ બચાવ્યો. પરંતુ જ્યારે અમે તેના પતિની પૂછપરછ કરી, ત્યારે મહિલાની પીડા પાછળનું સાચું કારણ જાણવા મળ્યું." DCP ઝાલાએ વધુમાં જણાવ્યું કે, મહિલાની ઈન્સ્ટાગ્રામ પર એક વ્યક્તિ સાથે મિત્રતા થઈ હતી. આ વ્યક્તિએ કોઈ રીતે મહિલાનો અશ્લીલ વીડિયો રેકોર્ડ કરી લીધો હતો અને ત્યારબાદ તે વીડિયોનો ઉપયોગ કરીને મહિલાને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના ૧૨ વર્ષની ઉજવણી અંતર્ગત ચાંચ ગામે જનકલ્યાણ શિબિર યોજાઈ




## વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને સ્થળ પર જ લાભો અપાયા, યોજનાઓની માહિતીથી ગ્રામજનોને કરાયા માહિતગાર

અમરેલી:

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના ૧૨ વર્ષની ઉજવણીના ભાગરૂપે રાજુલા તાલુકા વહીવટી તંત્ર દ્વારા રાજુલા તાલુકાના ચાંચ ગામે જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનો મુખ્ય હેતુ રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ જનહિતલક્ષી યોજનાઓનો લાભ નાગરિકોને ઘરઆંગણે સરળતાથી મળી રહે તેમજ યોજનાઓ અંગે વ્યાપક જાગૃતિ ફેલાય તે રહ્યો હતો.

આ પ્રસંગે વિવિધ વિભાગોના અધિકારીઓ દ્વારા તેમની વિભાગીય યોજનાઓની વિગતવાર માહિતી રજૂ કરવામાં આવી હતી. ગ્રામજનોને યોજનાઓની પાત્રતા, અરજી પ્રક્રિયા અને મળતા લાભો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સ્થળ પર જ સહાય અને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેના કારણે ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

મામલતદાર શ્રી એચ.બી. પુરોહિત, ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી શ્રી અશ્વિનભાઈ દાણીધારીયા, અગ્રણીશ્રી હિંમતભાઈ બલદાણીયા, અગ્રણીશ્રી વિક્રમભાઈ શિયાળ, ચાંચ ગ્રામ પંચાયતના સરપંચશ્રી, તાલુકા પંચાયત વાવેરા સદસ્ય, તાલુકા પંચાયત કાતર સદસ્યશ્રી ગોવિંદભાઈ નાગર, ગામના આગેવાનોશ્રી કાનજીભાઈ ચૌહાણ, શ્રી સંજયભાઈ, સરપંચશ્રી રામજીભાઈ ચૌહાણ, તાલુકા પંચાયત સદસ્યશ્રી રણજીતભાઈ ગુજરીયા સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

જનકલ્યાણ શિબિર દ્વારા સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી અસરકારક રીતે પહોંચે અને નાગરિકોને એક જ સ્થળે વિવિધ સેવાઓ ઉપલબ્ધ થાય તેવા પ્રયાસોને વધુ વેગ મળ્યો હોવાનું ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું.

# દામનગરનાં ટ્રાફિકથી ધમધમતાં માર્ગ ઉપર પ્રાથમિક સુવિધાઓ વધારો

## શહેરીજનો અનેકવિધ સમસ્યાથી નારાજ, રખડુ શ્વાન અને આખલાઓની સમસ્યા દુર કરો




(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

દામનગર શહેરનાં ધમધમતા મુખ્ય માર્ગ અને દેવ સ્થાનો તેમજ ચાર રસ્તાઓ ફંટાય છે એવા ધોરી સમા માર્ગ ઠાસા રોડ ચોકડી પર સતત ટ્રાફિકથી ધમધમતા આ સ્થળે સ્પીડ બ્રેકરો ન હોવાથી વાહનોના ટકરાવાની અને રસ્તે રઝળપાટ કરતા શ્વાન તેમજ આખલાઓને કારણે અકસ્માતના બનાવો ઘટી રહ્યાં છે. અહીંયાથી ગારિયાધાર, પાલીતાણા, લીલીયા, સાવરકુંડલા, મહુવા, ઢસા, ગઢડા, બોટાદ, લીમડા, ભાવનગર, ઠાસા, મૂળિયાપાટ, સુવાગઢ, વિકળીયા, હડમતિયા, ભૂરખીયા હનુમાનજી મંદિર, લાઠી, અમરેલી તરફના આમાર્ગ ચોકડી પર લોકોની પ્રાથમિક સુવિધા પે એન્ડ યુઝ ટોઈલેટ ન હોવાથી ખાસ કરીને મહિલાઓ માટે તકલીફ ઊભી થાય છે. સ્થાનિક તંત્રને અને જીલ્લાના માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરોડો રૂપિયાનાં ખર્ચે પાકા રસ્તાઓ બનાવાય છે પરંતુ આવા જરૂરીયાતની જગ્યાઓ પર સ્પીડ બ્રેકરો બનાવાતા ન હોય અકસ્માતોના બનાવ બનતા રહે છે. અહીંથી જનતાના પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ પણ પસાર થતાં હોય, શું આંખ આડા કાન કરી લેતા હોય, વિકાસની વાતો વચ્ચે આવી પ્રાથમિક સુવિધાઓની પણ જરૂર હોય છે. કરોડોના વિકાસના કાર્યોને ભલે વેગ મળે પણ સ્થાનિક કક્ષાએથી પણ સત્તાધીશોએ આવા મુદાઓ ઉપર ધ્યાન અપાય તે જરૂરી હોય છે.

# સુવર્ણસંઘનાં પ્રમુખ તરીકે ચંદ્રેશ ધોળકીયાની વરણી,અમરેલી ખાતે સન્માન સમારોહ યોજાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

સુવર્ણકાર સંઘ ધ્વારા રવિવાર તા. ૧૪ જૂન ૨૦૨૬નાં રોજ ભવ્ય સન્માન સમારોહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આશરે ૩૨૫થી વધુ સભ્યો, વેપારીઓ, કારીગરો, સમાજનાઅગ્રણીઓ તથા આમંત્રિતો મહેમાનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં સુવર્ણકાર સંઘ અમરેલીનાં પૂર્વ પ્રમુખ અશ્વિનભાઈ પરીખનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે છેલ્લા દસ વર્ષ દરમિયાન સંઘના વિકાસ, એકતા અને સંગઠનને મજબૂત બનાવવા માટે આપેલા અમૂલ્ય યોગદાનને ઉપસ્થિત સૌએ બિરદાવ્યું હતું.

કાર્યક્રમનાં મુખ્ય મહેમાન તરીકે નિલેશભાઈ લુંભાણી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં સમાજમાં સંગઠનની શકિત તેમજ ચોરીના ઘરેણા સંબંધિત નિયમોની જાગૃતિ અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓ માટે સુવર્ણકાર સંઘના કન્વીનરોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ધર્મેશભાઈ ભડિયાદરા-લાઠી, પરેશભાઈ પાટડિયા-બાબરા, પરિનભાઈ રાજપુરા-લીલીયા, શરદભાઈ ધકાણ-ધારી, સંગમભાઈ ધાણક-ચલાલા, સુરેશભાઈ ધ્રાગધરીયા-રાજુલા, રાજુભાઈ કાત્રોડિયા-સાવરકુંડલા, પરેશભાઈ ધોળકિયા-દામનગર.

સુવર્ણકાર સંઘની એડવાઈઝરી કમિટીમાં અશ્વિનભાઈ પરીખ, નીતિનભાઈ રાજપરા, સંજયભાઈ ચોકસી, શૈલેષભાઈ પરીખ, કેતનભાઈ ધોળકિયા, સુરેશભાઈ સાહોલીયા, નવનીતભાઈ રાજપરાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે સુવર્ણકાર સંઘ અમરેલીના પ્રમુખ ચંદ્રેશભાઈ ધોળકિયાએ પોતાના સંબોધનમાંજણાવ્યું હતું કે, આગામી ત્રણ વર્ષ દરમિયાન સંઘ સભ્યોના પ્રશ્નોના નિરાકરણ, સરકારી યોજનાઓની જાણકારી, મોટિવેશનલ સેમિનાર, નવી જવેલરી ટેકનોલોજી અને મશીનરી ડેમો, કારીગર તાલીમ તેમજ વ્યવસાય વિકાસને કેન્દ્રમાં રાખીને વિવિધ કાર્યોક્રમો યોજવામાં આવશે. તેમણે સંઘના તમામ સભ્યોને સાથે લઈને એકતા અને વિકાસના માર્ગે આગળ વધવાની પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી.કાર્યક્રમ દરમિયાન સંઘના હોદેદારો, કારોબારી સભ્યો અને સમાજના આગેવાનોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# સગર્ભા માતા અને નવજાત શિશુ માટે ૧૦૮ બની આશીર્વાદ સમાન

## નાગેશ્રી ૧૦૮ની ટીમે તાજા જન્મેલ બાળકને કુત્રિમ શ્વાસ આપીને બાળકનો જીવ બચાવ્યો



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાની નાગેશ્રી ૧૦૮ એમ્બ્યુલન્સને આજે બપોરે ૪ કલાકે એક જાફરાબાદના મીઠાપુર ગામનો કેસ મળ્યો હતો. આ કેસ મળતાની સાથે જ નાગેશ્રી ગામની ૧૦૮ ની ટીમ તુરંત સ્થળ પર પહોંચી હતી. અને દર્દીની તપાસ કરતા જાણવા મળ્યું કે, એક સગર્ભા માતાને પ્રસુતિની અસહ્ય પીડા હતી. અને સગર્ભા માતાએ પોતાના જ ઘરે એક નવજાત શિશુને તાજેતરમાં જ જન્મ આપ્યો હતો.

પરંતુ જ્યારે બાળક જન્મે ત્યારે બાળક સામાન્ય રીતે રડતું હોય છે. પરંતુ આ બાળક રડતું ન હતું. તેમજ તેના જે હદયના ધબકારા પણ ખૂબ જ ઓછા હતા. જેથી ઈએમટી ભરત બાંભણીયા દ્વારા બાળકને તુરંત હાથ ઉપર લઈ અને તેની સારવાર આપવાની ચાલુ કરી હતી. જે અંતર્ગત નવજાત શિશુને હદયના ધબકારા ઓછા હતા. એટલે તે બાળકને CPR ની સારવાર એટલે કે છાતી પર દબાણ કરી અને કુત્રિમ શ્વાસ આપીને બાળકનો જીવ બચાવ્યો હતો. તેમજ પ્રસુતી બાદ માતાની હાલત પણ નબળી હોય જેથી ૧૦૮ કોલ સેન્ટર પર ઊપસ્થિત ઉપરી ડોક્ટર સાથે વાતચીત કરી અને એમની સૂચના મુજબ માતાનેપ પણ જરૂરી સારવાર આપવામાં આવી હતી. આમ ઇ.એમ.ટી. ભરત બાંભણિયા અને પાઈલોટ કાનજીભાઈ બારૈયા દ્વારા યોગ્ય સમયસૂચકતા વાપરી અને પોતાની સૂજબુજથી નવજાત બાળક અને માતાને યોગ્ય સારવાર આપી જીવ બચાવવામાં આવ્યો હતો. તેમજ પાયલોટ કાનજી બારૈયા દ્વારા સમયસૂચતા વાપરી સલામતી પૂર્વક સ્થળ પરથી એટલે કે મીઠાપુર ગામથી રાજુલા સરકારી હોસ્પિટલ ખાતે લઇ જવામાં આવ્યા હતા, તેમજ રાજુલા સરકારી હોસ્પિટલના ડોક્ટર દ્વારા માતા અને નવજાત શિશુને ત્યાં લઈ ગયા ત્યારે રાજુલા સરકારી હોસ્પિટલના ડૉક્ટર દ્વારા પણ ૧૦૮ ની ટીમની આવી સરાહનીય કામગીરી બદલ બિરદાવવામાં આવ્યા હતા. અને દર્દીના સગા દ્વારા પણ ૧૦૮ ટીમ અને એમની સેવાનો આભાર માન્યો હતો.

# સાવરકુંડલા તાલુકાના વિવિધ મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલકની આવશ્યકતા

અમરેલી:

પી.એમ પોષણ (મધ્યાહન ભોજન) યોજના અન્વયે જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ધાર પ્રાથમિક શાળા કેન્દ્ર નં.૫૫ (બીજો પ્રયત્ન), ધજડીપરા પ્રાથમિક શાળા કેન્દ્ર નં. ૬૬ (બીજો પ્રયત્ન), વિજયાનગર પ્રાથમિક શાળા કેન્દ્ર નંબર ૮૭ (બીજો પ્રયત્ન) પી.એમ. પોષણ (મ.ભ.યો) કેન્દ્રોમાં સંચાલકની આવશ્યકતા છે, જેમને માનદ વેતન ચૂકવવામાં આવશે. જાહેરનામાની તારીખે ઓછામાં ઓછી ઉંમર ૨૦ વર્ષથી ૬૦ વર્ષ વચ્ચેની હોવી જોઈએ. જેના આધાર તરીકે જન્મનો દાખલો અથવા સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ અરજી સાથે જોડવાના રહેશે. સરકારના શિક્ષણ વિભાગના વિવિધ ઠરાવો અને ગાઈડલાઈન મુજબ સંચાલકની જગ્યાએ નિમણૂક આપી શકાશે.

પાત્રતા ધરાવતા ઉમેદવારોએ જાહેર રજાના દિવસ સિવાય કચેરી સમય દરમિયાન સાવરકુંડલા તાલુકા મામલતદાર કચેરીની મધ્યાહન ભોજન શાખામાંથી નિયત અરજી ફોર્મ તા. ૨૯.૦૬.૨૦૨૬ સુધીમાં મેળવી લેવું. જરૂરી વિગતો અને આધાર પુરાવાઓ સાથે તા. ૦૧ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં મામલતદાર કચેરી, સાવરકુંડલાની રજીસ્ટ્રી શાખાને પહોંચાડવાનું રહેશે. નિયત સમય મર્યાદા વિત્યે મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ. નિયમ મુજબની અરજી,લાયકાત, વય મર્યાદા તથા સરકારના ઠરાવેલ ધોરણો ધરાવતા ઉમેદવારોને જ રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે તેમ મામલતદારશ્રી સાવરકુંડલાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# તાલાલામાંથી મેફેડ્રોન ડ્રગ્સ સાથે ૨ ઈસમો ઝડપાયા



સોમનાથ:

ગીર સોમનાથ એસઓજી પોલીસે એમડી ડ્રગ્સ સાથે ૨ ઈસમોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર એસઓજીના ઈન્ચાર્જ પીઆઇ ડી. એમ. કાગડા, પીએસઆઈ આર.એચ.સુવાની સુચના અને માર્ગદર્શન હેઠળ ગત તા.૧૭ ના રોજ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમીના આધારે વેરાવળ સોમનાથ બાયપાસ તાલાળા ઓવરબ્રીજ નીચેથી જુનેદ ઉર્ફે જુનેશ ગફારભાઈ પંજા અને મો.દાનીશ અસલમ મલેક નામના ૨ ઈસમોને પોલીસે ૨.૦૯૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ (એમડી) , કી.રૂ.૬,૨૭૦/- , ૨ મોબાઈલ કી.રૂ.૧૦ હજાર અને મોપેડ બાઈક કી.રૂ.૫૦ હજાર સહિત કુલ રૂ.૬૬ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસમાંથી જાણવા મળતી વિગતો અનુસાર આ ઈસમો પોતાની પાસે ડ્રગ્સ રાખી વેચાણ કરવાની એમઓ ધરાવે છે.

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ટેટ મુક્તિ ધરણા અને આવેદનપત્રનો કાર્યક્રમ યોજાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી ખાતે ગઈકાલે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ટેટ મુક્તિ ધરણા અને આવેદનપત્રનો કાર્યક્રમ શિક્ષકો દ્વારા યોજાયો જેમાં તમામ સંવર્ગના બહોળી સંખ્યામાં શિક્ષક ભાઈ/બહેનો જોડાયા હતા.





અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-અમરેલી જિલ્લા દ્વારા ટેટ મુક્તિ માટેની ન્યાયી માંગણી માટે એક મક્કમ લડતના મંડાણ કરવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટના ફરજિયાત ટેટ પરીક્ષાના ચુકાદાથી ઉભી થયેલી પરિસ્થિતિ છે, જેમાં ભારતીય કાનૂની તથા વહીવટી વ્યવસ્થાનો સ્થાપિત સિદ્ધાંત છે કે, કોઈપણ નિયમ અથવા નીતિ સામાન્ય રીતે તેની અમલની તારીખથી જ અસરકારક બનતી હોય છે. અગાઉ થયેલ નિમણૂકો અને પ્રાપ્ત થયેલ અધિકારો પર પછીથી નક્કી કરવામાં આવેલ પાત્રતાના ધોરણો લાગુ કરવાનો કુદરતી ન્યાંયની વિરુદ્ધ હોય, એવુ શિક્ષકોનું માનવું છે. તો એન સી ટી ઇ દ્વારા જાહેર કરાયેલ ટેટ સબંધિત અધિસુચના તથા માનનીય સર્વોચ્ચ ન્યાયાલય ના ચુકાદાના પરિપેક્ષમા સંસદમાં અધ્યાદેશ લાવી કાયદો બનાવી ટેટમાંથી મુક્તિ આપવામાં આવે તેવી માંગણી કરી છે.

ટેટ મુક્તિ ધરણા અને આવેદનપત્રના કાર્યક્રમમા મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલના હોલમા અમરેલી જિલ્લામાંથી બહોળી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત પ્રાંત મંત્રી ભાભલુભાઈ વરૂ, સરકારી સંવર્ગ પ્રાંત ઉપાધ્યક્ષ બાબભાઈ વાઘ, જિલ્લા પ્રાથમિક સંવર્ગ અધ્યક્ષ વિજયભાઈ મકવાણા, જિલ્લા આચાર્ય સંવર્ગ અધ્યક્ષ રામભાઈ કેશવાલા, જિલ્લા આચાર્ય સંવર્ગ મહામંત્રી મનીષભાઈ અગ્રાવત, માધ્યમિક ગ્રાન્ટેડ જિલ્લા ઉપાધ્યક્ષ, કિશોરભાઈ વરુ, મહામંત્રી શ્રીમતિ મનીષાબેન સુરાણી તથા દરેક તાલુકા અધ્યક્ષ /મહામંત્રી અને તાલુકા ટોળી દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો.

# અમરેલીની બહેરા-મૂંગા શાળાનાં ટ્રસ્ટીઓ અને વ્યવસ્થાપક સમિતીની બેઠક યોજાઈ

## દિવ્યાંગોને વધુમાં વધુ લાભ આપવા અંગે ચર્ચા-વિચારણા

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી મૂકબધિર સેવા ટ્રસ્ટ સંચાલિત બહેરાં મૂંગા શાળાના ટ્રસ્ટીઓ અને વ્યસ્થાપક સમિતિના સભ્યોની એક બેઠક તારીખ ૧૧/૬/૨૬ના રોજ મળી હતી. આ બેઠકનો મુખ્ય હેતુ નવા વર્ષના વિવિધ આયોજનો અને સમગ્ર અમરેલી જિલ્લાના દિવ્યાંગો સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિનો લાભ વધુમાં વધુ પ્રમાણમાં મેળવે એ હતો. આ અનુસંધાને સંસ્થાના શિક્ષકો દ્વારા વેકેશનમાં દિવ્યાંગ બાળકોના વાલીઓનો સંપર્ક કરી તેનું કાઉન્સિલિંગ પણ કરવામાં આવેલ.

સંસ્થાની નિઃ શૂલ્ક સેવાકીય પ્રવૃત્તિનો લાભ સમાજની દીકરીઓને મળી રહે એ અર્થે કન્યા છાત્રાલયમાં નવા ૧૦ રૂમનું બાંધકામ પણ કરાવેલ છે જેથી માત્ર અમરેલી જિલ્લાના જ નહીં પણ જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના મૂકબધિર દિવ્યાંગ બાળકોનો પણ સમાવેશ કરી શકાય. આ તકે સંસ્થાના પ્રમુખ મલયભાઈ મંગળદાસ મહેતા પણ મુંબઈથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં હવે પછીના આયોજન અંગે ચર્ચા થઈ હતી અને વિવિધ દિશાસૂચન કરાયા હતા. ખાસ કરીને બહેરાં મૂંગા બાળકોને સંસ્થામાં લાવી શિક્ષણ, તાલીમ અને સંસ્કાર ઘડતરનું કામ કરવાનું વિચારાયુંએ માટે વાલીઓને જાગૃત કરવાનું વિચારાયું.

# આનંદભાઈ ભટ્ટની અમરેલી જિલ્લા બ્રહ્મ સમાજ ઉપપ્રમુખ તરીકે વરણી




અમરેલી:

ખાંભા તાલુકા ભાજપ પ્રમુખ અને બ્રહ્મસમાજના આગેવાન આનંદભાઈ ભટ્ટની અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. આ વરણીથી સમગ્ર ખાંભા પંથકમાં ખુશીની લાગણી પ્રસરી છે.આનંદભાઈ ભટ્ટ લાંબા સમયથી સામાજિક, ધાર્મિક અને જાહેર જીવનમાં સક્રિય છે. તેઓ સમાજ સેવાના વિવિધ કાર્યો સાથે સંકળાયેલા રહ્યા છે. તેમની સેવાભાવી કાર્યશૈલી, સમાજ પ્રત્યેની નિષ્ઠા અને આગેવાની ક્ષમતાને ધ્યાનમાં રાખીને તેમને આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે.

# ધારી નજીક નબાપરામાં દીપડાના આંટાફેરા, રહેણાંક વિસ્તારમાં ભયનો માહોલ

(મિલાપ રૂપારેલ દ્વારા) અમરેલી:

અમરેલી જિલ્લામાં સિંહ અને અન્ય વન્ય પશુઓના વધતા આંટાફેરા વચ્ચે હવે ધારી નજીક આવેલા નબાપરા વિસ્તારમાં દીપડાના સતત આંટાફેરાથી સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે. છેલ્લા ત્રણથી ચાર દિવસથી દીપડો ગામના રહેણાંક વિસ્તારની આસપાસ દેખાઈ રહ્યો હોવાનું સીસીટીવી દ્રશ્યોથી સામે આવ્યું છે.



આ બનાવમાં મળતી માહિતી મુજબ છેલ્લા ત્રણથી ચાર દિવસથી રાત્રિના સમયે એક દીપડો ગામના રહેણાંક વિસ્તારમાં લટાર મારતો જોવા મળ્યો હતો. તેની હિલચાલ નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. દીપડાના આંટાફેરાના સીસીટીવી દ્રશ્યો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ગ્રામજનોમાં ચિંતા અને ભય વધુ વધી ગયો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર છેલ્લા કેટલાક દિવસોથી દીપડો વારંવાર ગામની સીમ અને રહેણાંક વિસ્તાર નજીક જોવા મળી રહ્યો છે. જેના કારણે ખાસ કરીને રાત્રિના સમયે લોકો બહાર નીકળવામાં ભય અનુભવી રહ્યા છે. ગ્રામજનોએ વન વિભાગને તાત્કાલિક કાર્યવાહી કરી દીપડાને પાંજરે પૂરવાની માંગ કરી છે.

બીજી તરફ વન વિભાગ દ્વારા પણ સમગ્ર ઘટનાને ગંભીરતાથી લઈ દીપડાની હિલચાલ પર નજર રાખવામાં આવી રહી છે. દીપડાને સુરક્ષિત રીતે પાંજરે પૂરવા માટે જરૂરી કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યુંછે. હાલ ગામમાં દીપડાના આંટાફેરાને લઈને લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

# અમરેલી આઈ.ટી.આઈ ખાતે પ્રવેશ પ્રક્રિયા શરૂ: તાલીમાર્થીઓને વિવિધ સુવિધાઓનો લાભ મળશે

અમરેલી:ઔદ્યોગિક તાલીમ સંસ્થા અમરેલી ખાતે નવા શૈક્ષણિક સત્ર માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વિવિધ ૨૪ ટ્રેડના અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા હાલ શરૂ છે.

પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઈલેક્ટ્રીશીયન, વાયરમેન, કેમિકલ, ઈન્ફોર્મેશન ટેક, ડ્રાફ્ટમેન, સિવિલ રેફ્રિજરેશન, કોમ્પ્યુટર, વેબ ડિઝાઈન, મશીનિષ્ટ, ટર્નર, ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિકલ, ઈલેક્ટ્રોનિક્સ, ફીટર, મિકેનિક મોટર વ્હીકલ, ડીઝલ મિકેનિક, વેલ્ડર, પ્લમ્બર, આર્મેટર, ટુ વ્હીલ રીપેરર, સર્વેયર, બ્યુટી પાર્લર, સીવણ, ટ્રેડમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ છે.

રાજ્ય સરકાર દ્વારા સંચાલિત આ સંસ્થા ખાતે મહિલા, એસ.સી, એસ.ટી, દિવ્યાંગ અને એક્સ આર્મીમેન વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનિઓને નિઃશુલ્ક પ્રવેશ મળે છે. જ્યારે જનરલ અને બક્ષીપંચ ભાઈઓને માસિક ૧૦૦ રૂ ફીમાં તાલીમ માટે પ્રવેશ મેળવવાની તક છે.

વિવિધ કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારોએ સત્તાવાર વેબસાઈટ https://itiadmission.gujarat.gov.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. તા. ૨૩.૦૬.૨૦૨૬ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી શકાય છે. ઓનલાઈન ફોર્મ ભરવામાં મુશ્કેલી ન પડે તે માટે આઈ.ટી.આઈ. અમરેલી કેમ્પસ ખાતે એક નિઃશુલ્ક 'હેલ્પ સેન્ટર' કાર્યરત કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ ઘરે બેઠા જ પોતાના જરૂરી તમામ દસ્તાવેજો (Documents) સંસ્થાના સત્તાવાર વોટ્સએપ નંબર (૯૪૨૯૦૯૮૧૬૮) પર મોકલીને વિનામૂલ્યે પોતાનું ફોર્મ ભરાવી શકશે, તેમ આચાર્યશ્રી, આઈ.ટી.આઈ અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર આસપાસ

# મધ્ય પૂર્વમાં શાંતિનો સૂર્યોદય

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે ઈરાન સાથેની નવી કરાર વાટાઘાટો વચ્ચે ઇઝરાયલને સ્પષ્ટ સલાહ આપી છે કે તેણે પોતાના સૌથી મજબૂત સાથી અમેરિકા સામે જાહેર વિરોધ ન કરવો જોઈએ. વાન્સે ૪૫ મિનિટની પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે અમેરિકા હંમેશા ઇઝરાયલની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે, પરંતુ કેબિનેટના કેટલાક સભ્યો દ્વારા કરારની જાહેર ટીકા સ્વીકાર્ય નથી. તેમણે યાદ અપાવ્યું કે છેલ્લા ત્રણ મહિનામાં ઇઝરાયલને પૂરા પાડવામાં આવેલા બે તૃતીયાંશ સંરક્ષણ સાધનો અમેરિકન ઉદ્યોગો દ્વારા બનાવવામાં આવ્યા છે અને તેનો ખર્ચ અમેરિકન કરદાતાઓ ઉઠાવી રહ્યા છે. તેથી, ઇઝરાયલ માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પને પોતાની સમસ્યા ગણવી એ ભૂલ છે.વાન્સે આ કરારને "પ્રદર્શન-આધારિત" ગણાવ્યો, જેનો અર્થ છે કે ઈરાને તેની તમામ પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરી તો જ તેને આર્થિક લાભ મળશે. આ કરાર ત્રણ સિદ્ધાંતો પર આધારિત છે: ઈરાન ક્યારેય પરમાણુ શસ્ત્રો નહીં મેળવે, હોર્મુઝ સ્ટ્રેટ આંતરરાષ્ટ્રીય જહાજો માટે ખુલ્લો રહેશે, અને ઈરાનને ફાયદો ફક્ત તેની પ્રતિબદ્ધતાઓના પાલન પછી જ મળશે. આ કરાર અંતિમ નથી, પરંતુ ૬૦ દિવસની વાટાઘાટો માટેનો રોડમેપ છે, જે ૧૮ જૂનથી શરૂ થયો છે અને બંને પક્ષોની સંમતિથી તેને લંબાવી શકાય છે.અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધવિરામ કરારે મધ્ય પૂર્વમાં ચાર મહિનાથી ચાલી રહેલા વિનાશક સંઘર્ષને અંત લાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ કરાર તાત્કાલિક અને કાયમી યુદ્ધવિરામની જાહેરાત કરે છે, જેમાં લેબનોનનો સમાવેશ થાય છે, જે ઈરાન માટે મુખ્ય માંગણી હતી. બંને પક્ષો દુશ્મનાવટ સમાપ્ત કરવા અને લેબનોનની પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વની ખાતરી કરવા સંમત થયા છે.આ સમજૂતીનો મુખ્ય હેતુ ઈરાનને પરમાણુ શસ્ત્રો મેળવવાથી રોકવાનો છે. કરાર મુજબ, ઈરાને તેના સમૃદ્ધ યુરેનિયમના ભંડારને ઁછઈછની દેખરેખ હેઠળ ઘટાડવાની સંમતિ આપી છે, જ્યારે બાકીના મુદ્દાઓ આગામી ૬૦ દિવસની વાટાઘાટોમાં નક્કી કરવામાં આવશે. ઈરાને અત્યાર સુધી પ્રારંભિક પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરી હોવાનું અમેરિકાનું માનવું છે. ઁછઈછના નિરીક્ષકો ફરી દેખરેખ શરૂ કરશે.કરારની સૌથી વિવાદાસ્પદ બાબત ઈરાન સામેના આર્થિક પ્રતિબંધો હટાવવાનો મુદ્દો છે.



# ૧૦-હરભાઈ ત્રિવેદી : શૈક્ષણિક પ્રયોગો અને પ્રયોગશીલ દ્રષ્ટિ

★ શિક્ષણને જીવંત, માનવતાસભર અને પ્રયોગશીલ બનાવવાનો પ્રયત્ન કરતી સંસ્થાઓ હતી.

★ શિક્ષણના મૂળભૂત પ્રશ્નો પર ચિંતન કરનારા વિચારક હતા.

## ભાવનગર ૩૦૦

**- બળદેવસિંહ ગોહિલ**

ગુજરાતના શૈક્ષણિક ઇતિહાસમાં દક્ષિણામૂર્તિ અને વિનય મંદિર જેવી સંસ્થાઓનું વિશેષ સ્થાન રહ્યું છે. આ સંસ્થાઓ માત્ર પરંપરાગત અભ્યાસક્રમ પૂરું કરતી શાળાઓ નહોતી, પરંતુ શિક્ષણને જીવંત, માનવતાસભર અને પ્રયોગશીલ બનાવવાનો પ્રયત્ન કરતી સંસ્થાઓ હતી. આ કાર્ય પાછળ નાનાભાઈ ભટ્ટ, ગિજુભાઈ બધેકા અને હરભાઈ જેવા દ્રષ્ટિવાન શિક્ષણકારોની નિષ્ઠા અને વિચારશક્તિ કાર્યરત હતી. ખાસ કરીને હરભાઈએ જે પ્રકારની શિક્ષણપ્રણાલી, શિસ્ત, જવાબદારી અને પ્રયોગશીલતા ઊભી કરી, તે આજે પણ પ્રેરણાદાયક ગણાય છે.

જવાબદારીઓની સમજપૂર્વક વહેંચણી થયા પછી હરભાઈ સંપૂર્ણ રીતે શિક્ષણકાર્યમાં નિમગ્ન થઈ ગયા હતા. તેઓ વિનય મંદિરના કાર્યમાં એટલા ઓતપ્રોત થઈ ગયા હતા કે જાણે સમગ્ર જીવન જ શિક્ષણ માટે સમર્પિત કરી દીધું હોય. દક્ષિણામૂર્તિના છાત્રાલયજીવન પ્રત્યે તેમને આત્મીયતા હતી, પરંતુ તેઓ તેની દૈનિક પ્રવૃત્તિઓમાં સક્રિય હસ્તક્ષેપ કરતા નહોતા. તેમનું મુખ્ય ધ્યાન વિનય મંદિરના શૈક્ષણિક કાર્યને વધુ સશક્ત અને અસરકારક બનાવવામાં હતું. તેમની નિયમિતતા અને સમયપાલન અદભુત હતું. વિનય મંદિરનું કાર્ય સવારે વહેલું શરૂ થતું હોવાથી તેઓ પોતાના નિવાસસ્થાનથી ઘણાં વહેલા નીકળી પડતા. શાળાનો સમય સવારે સાડા છ વાગ્યાનો હોય ત્યારે તેઓ પોણા છ વાગ્યે જ ઘરેથી નીકળી જતા. તેમણે એવો નિયમ બનાવ્યો હતો કે શાળામાં નિશ્ચિત સમય કરતાં અડધો કલાક વહેલા પહોંચવું. અંધારું હોય ત્યારે હાથમાં ફાનસ લઈને શાળાએ જવાના તેમના પ્રસંગો તેમની નિષ્ઠા અને કર્તવ્યપરાયણતાનું પ્રતિક બની ગયા હતા. વિનય મંદિરમાં કોઈ પટાવાળો કે સફાઈકર્મી નહોતો. સમગ્ર શાળા, વર્ગખંડો અને મેદાનની સફાઈ શિક્ષકો અને વિદ્યાર્થીઓ મળીને કરતા. તેમાં કોઈને નાનપ નહોતી. હરભાઈ અને ગિજુભાઈ પણ સફાઈ કાર્યમાં જોડાઈ જતા. તેઓ માનતા હતા કે પોતાનું કામ પોતે કરવામાં ગૌરવ છે અને શાળાનું વાતાવરણ સહકાર અને શ્રમની ભાવનાથી જ વિકસે છે.

શાળામાં સમયપાલન અને સહકારનું વાતાવરણ ઉભું કરવા હરભાઈ દ્વારા દરેક શિક્ષકને શાળામાં પંદર મિનિટ વહેલા આવવાની પ્રેરણા આપવામાં આવતી. શિક્ષકો શાળાના દરવાજા પાસે ઉભા રહી વિદ્યાર્થીઓનું હાસ્ય અને પ્રેમથી સ્વાગત કરતા. આ પરસ્પર સ્નેહભર્યા વાતાવરણથી દિવસની શરૂઆત થતી. ઘંટ વગાડવાની જવાબદારી પણ વિદ્યાર્થી પ્રતિનિધિઓ સંભાળતા. શરૂઆતમાં શિક્ષકો જવાબદારીઓ વહેંચી આપતા અને પછી સમગ્ર વ્યવસ્થા કુટુંબ જેવી સરળતાથી ચાલતી. વિનય મંદિરમાં વિદ્યાર્થી મંડળોની રચના કરવામાં આવી હતી. શરૂઆતમાં આ મંડળો સંપૂર્ણ લોકશાહી પદ્ધતિથી ચાલતા નહોતા, તેથી કેટલીકવાર શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે મતભેદ ઊભા થતા. ગિજુભાઈની પ્રકૃતિમાં નેતૃત્વ અને આદેશાત્મકતા હતી, જ્યારે હરભાઈ માનતા હતા કે કાર્ય પ્રત્યેની નિષ્ઠા અંદરથી વિકસવી જોઈએ, માત્ર આદેશથી નહીં. આ વિચારોને આધારે જવાબદારીઓ વહેંચવામાં આવી. ગિજુભાઈ વહીવટ સંભાળતા અને હરભાઈ શિક્ષણ તથા અધ્યાપનની જવાબદારી નિભાવતા. આજના સમયમાં જેને "એકેડેમિક હેડ" અને "એડમિનિસ્ટ્રેટિવ હેડ" કહેવાય છે, તેવી વ્યવસ્થા વિનય મંદિરમાં વર્ષો પહેલાં અમલમાં આવી ગઈ હતી. ગિજુભાઈ આચાર્ય તરીકે કાર્યરત હતા અને તેમની પ્રકૃતિમાં નેતૃત્વ તથા આદેશાત્મકતા હતી. ઘણીવાર પ્રશ્નોના ઉકેલ માટે તેઓ અધિકારનો ઉપયોગ કરતા. હરભાઈએ અનુભવ્યું કે માત્ર અધિકાર અથવા આદેશથી કોઈ વ્યક્તિમાં કાર્યનિષ્ઠા વિકસતી નથી. કાર્ય પ્રત્યેનો પ્રેમ અને જવાબદારી અંદરથી જન્મવી જોઈએ. આ વિચારોને આધારે હરભાઈ અને ગિજુભાઈએ વિનય મંદિરની જવાબદારીઓ વહેંચવાનો નવો માર્ગ સ્વીકાર્યો. બંને પોતપોતાના ક્ષેત્રમાં સ્વતંત્રપણે કાર્ય કરતા અને એકબીજાના ક્ષેત્રમાં અનાવશ્યક હસ્તક્ષેપ કરતા નહોતા. શિક્ષણ અને વહીવટને અલગ ક્ષેત્ર તરીકે માન્યતા આપવાનો હરભાઈનો વિચાર ખૂબ પ્રગતિશીલ ગણાય.હરભાઈ મૂળ મુંબઈ યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ હતા. તેમણે શિક્ષણશાસ્ત્રની કોઈ ઔપચારિક તાલીમ લીધી નહોતી, જેનો તેમને થોડો ખેદ પણ હતો. છતાં તેમની પ્રયોગશીલતા અને અભ્યાસપ્રવૃત્તિએ તેમને એક અસાધારણ શિક્ષક બનાવ્યા. તેઓ સતત શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકો વાંચતા, નવા વિચારો શોધતા અને તેનો વર્ગખંડમાં પ્રયોગ કરતા. નાનાભાઈએ શિક્ષણની તાલીમ દરમિયાન મેળવેલા પુસ્તકોનો પણ હરભાઈએ ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમની સૌથી મોટી વિશેષતા એ હતી કે તેઓ પોતાનાં નવા પ્રયોગો અન્ય શિક્ષકો સાથે વહેંચતા. પરિણામે અન્ય શિક્ષકોમાં પણ નવીનતા અને સર્જનાત્મકતા પ્રત્યે રસ જાગ્યો. હરભાઈ માત્ર શિક્ષક નહોતા; તેઓ શિક્ષકોને પ્રેરણા આપતા માર્ગદર્શક હતા. એક શિક્ષણવિદે તેમના વિષે નોંધ્યું હતું કે હરભાઈ પાસે શિક્ષણશાસ્ત્રની ઔપચારિક ડિગ્રી નહોતી, છતાં તેમની કુદરતી પ્રતિભા, વર્ગખંડનું કૌશલ્ય અને વિશાળ અભ્યાસે તેમને ઉત્તમ શિક્ષક બનાવ્યા હતા.

વિનય મંદિરની શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઝડપથી વિકસવા લાગી. ગિજુભાઈ અંગ્રેજી, હરભાઈ ગુજરાતી અને નાનાભાઈ સંસ્કૃત ભાષા શિક્ષણમાં સુધારણા માટે કાર્ય કરતા. અંગ્રેજી શિક્ષણ માટે દેશ-વિદેશમાં ચાલતા પ્રયોગોનો અભ્યાસ કરીને યોગ્ય પદ્ધતિઓ અપનાવવામાં આવતી. તે સમયમાં અંગ્રેજી ભાષાને જ મુખ્ય શિક્ષણ માનવામાં આવતું, જ્યારે ગુજરાતી ભાષા ઉપેક્ષિત હતી. છતાં હરભાઈએ ગુજરાતી ભાષાના અધ્યાપનને મહત્વ આપ્યું અને તેને રસપ્રદ તથા શાસ્ત્રીય બનાવવા પ્રયત્નો કર્યા. ગુજરાતી ભાષા શિક્ષણ અંગે પૂરતું સાહિત્ય ઉપલબ્ધ ન હોવા છતાં હરભાઈએ અંગ્રેજી શિક્ષણની પદ્ધતિઓનો અભ્યાસ કરીને તેને ગુજરાતી માટે અનુરૂપ બનાવવાનો પ્રયત્ન કર્યો. નાનાભાઈએ સંસ્કૃત ભાષાને પણ જીવંત અને રસપ્રદ બનાવવા સફળ પ્રયોગો કર્યા. શિક્ષણને માત્ર પાઠ્યપુસ્તક પૂરતું મર્યાદિત રાખવાને બદલે તેને જીવનસંગત અને અનુભૂતિસભર બનાવવાનો પ્રયત્ન કરવામાં આવતો.

વિનય મંદિર આર્થિક રીતે સમૃદ્ધ ન હોવા છતાં હરભાઈએ શિક્ષણસંબંધિત પુસ્તકો ખરીદવામાં ક્યારેય કંજૂસાઈ કરી નહોતી. ઘણીવાર પુસ્તકો વિદેશથી પણ મંગાવવામાં આવતા. નાનાભાઈએ તેમને આ બાબતમાં સંપૂર્ણ સ્વતંત્રતા આપી હતી. પરિણામે વિનય મંદિરનું શિક્ષણ વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય સ્વરૂપ ધારણ કરવા લાગ્યું.હરભાઈ શિક્ષણની દરેક નાની બાબત પર વિચાર કરતા. તેઓ માત્ર અભ્યાસક્રમ પૂર્ણ કરનારા શિક્ષક નહોતા, પરંતુ શિક્ષણના મૂળભૂત પ્રશ્નો પર ચિંતન કરનારા વિચારક હતા. તેમના વિચાર અને પ્રયોગોને પ્રેરણા આપનાર કેટલાક મિત્રો પણ હતા. તેમાં રામજી શેઠ નામના પારસીનો સમાવેશ થતો. તેમનો દીકરો વિનય મંદિરમાં ભણતો હતો અને તેઓ શાળાની પ્રવૃત્તિઓમાં રસ લેતા. રણજિતરામ મહેતા અને વિઠ્ઠલભાઈ જેવા શિક્ષણપ્રેમી મિત્રો પણ વિનય મંદિર સાથે જોડાયેલા હતા. તેઓ ઘણીવાર વર્ગખંડોમાં જઈ શિક્ષણપ્રક્રિયા નિહાળતા. એક પ્રસંગે ઈતિહાસના વર્ગમાં "ઈ.સ. ૧૮૫૭નો બળવો" વિષય ભણાવવામાં આવી રહ્યો હતો. રણજિતરામ મહેતાએ શિક્ષકને પ્રશ્ન કર્યો કે ૧૮૫૭ની ઘટનાને માત્ર "બળવો" કહેવું યોગ્ય નથી; તે રાષ્ટ્રીય જાગૃતિનું પ્રતિક હતું. શિક્ષકને આ હસ્તક્ષેપથી અણગમો થયો.વિનય મંદિરમાં શિક્ષકો અને સમાજ વચ્ચે સતત સંવાદ રહેતો. દર અઠવાડિયે ચર્ચાસભાઓ યોજાતી, જેમાં શિક્ષકો, મિત્રો અને શિક્ષણપ્રેમીઓ પોતાના વિચારો અને અનુભવો વહેંચતા. યોગ્ય સૂચનોને સ્વીકારી શાળા અને સમાજ વચ્ચે જીવંત સંબંધ જાળવવામાં આવતો.આમ, હરભાઈએ વિનય મંદિરમાં શિક્ષણને માત્ર પાઠ્યપુસ્તક અને પરીક્ષા સુધી મર્યાદિત રાખ્યું નહોતું. તેમણે શાળાને સહકાર, માનવતા અને પ્રયોગશીલતાનું કેન્દ્ર બનાવ્યું. સમયપાલન, જવાબદારી, લોકશાહી, જ્ઞાનપ્રેમ અને માનવતાના મૂલ્યો તેમના કાર્યમાં સ્પષ્ટ દેખાય છે. આજના સમયમાં પણ હરભાઈના વિચારો અને શૈક્ષણિક પ્રયોગો અત્યંત પ્રાસંગિક અને પ્રેરણાદાયક ગણાય છે.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું






**મેષ - (અ, લ, ઈ) :-** તમને આ વાતનો અહેસાસ થશે કે જો તમારું સ્વાસ્થ્ય સારું હોય તો તમે જીવનના દરેક પાસાનો આનંદ લઈ શકો છો। રાહુ એકાદશ ભાવમાં હોવાને કારણે, આ સમય દરમિયાન આ રાશિના મોટાભાગના જાતકો પોતાની ખરાબ આદતોમાં સુધારો કરવાનો પ્રયત્ન કરશે। આ અઠવાડિયામાં તમને સારો આર્થિક લાભ મળશે, પરંતુ નફા સાથે સાથે તમારું મન વિવિધ પ્રકારના રોકાણ તરફ આકર્ષિત થઈ શકે છે। તેથી ખાસ સલાહ આપવામાં આવે છે કે કોઈપણ પ્રકારનું રોકાણ કરતી વખતે વિશેષ સાવધાની રાખો અને ભાગીદારીના વ્યવસાય તથા ચાલાકીભરી આર્થિક યોજનાઓમાં હાલ રોકાણ કરવાનું ટાળો। શક્ય છે કે કોઈ દૂરના સગા તરફથી ફોન અથવા સોશિયલ મીડિયા દ્વારા તમને કોઈ દુઃખદ સમાચાર મળે। જેના કારણે તમારા માતા-પિતા સાથે સાથે તમને પણ થોડી ગભરાહટ થઈ શકે છે। તેથી શરૂઆતથી જ દરેક પરિસ્થિતિ માટે પોતાને તૈયાર રાખો। જેમ આપણે વિચારીએ તેમ જ બધું થાય, એવું હંમેશા શક્ય નથી અને આ વાત તમને આ અઠવાડિયામાં સમજવાની જરૂર પડશે। કારણ કે શક્યતા છે કે કારકિર્દીમાં વધુ સારું કરવા માટે જેમના સમર્થનની તમે આશા રાખી રહ્યા હતા, તેઓ તમને દગો આપી શકે। તેથી શરૂઆતથી જ તમારી અપેક્ષાઓ પર નિયંત્રણ રાખીને સાવધાન રહેવાની જરૂર પડશે। ઇજનેરી, મેડિકલ અને કાયદાની અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ અઠવાડિયામાં ખાસ સફળતા મળી શકે છે.




**વૃષભ - (બ, વ, ઉ)** શનિ એકાદશ ભાવમાં હોવાને કારણે તમને આ વાતનો અહેસાસ થશે કે જો તમારું સ્વાસ્થ્ય સારું હોય તો તમે જીવનના દરેક ક્ષેત્રનો આનંદ માણી શકો છો। આ સમય દરમિયાન આ રાશિના મોટાભાગના જાતકો પોતાની ખરાબ આદતોમાં સુધારો કરવાનો પ્રયત્ન કરશે। આ આખા અઠવાડિયામાં તમને જીવનના વિવિધ ક્ષેત્રોમાં પૈસા ખર્ચવા પડશે, જેના કારણે તમને થોડી આર્થિક તંગીનો અનુભવ થઈ શકે છે। તેથી શરૂઆતથી જ આર્થિક બાબતોને લઈને યોગ્ય યોજના બનાવવાની ખૂબ જરૂર રહેશે। આથી તમે તમારા ઘણા બિનજરૂરી ખર્ચોને નિયંત્રણમાં રાખી શકશો। આ અઠવાડિયામાં તમે તમારા મિત્રો અને નજીકના લોકો સાથે સારો સમય પસાર કરી શકશો। આ દરમિયાન તમે તેમના સાથે કોઈ સુંદર પ્રવાસ અથવા પિકનિક પર જવાનું આયોજન પણ કરી શકો છો। જોકે વાહન ચલાવતા સમયે ખાસ સાવધાની રાખો, નહીં તો કોઈ પ્રકારની નુકસાન થવાની શક્યતા છે। જો તમે ભાગીદારીમાં વ્યવસાય કરો છો અને વેપારના વિકાસ માટે અગાઉ કોઈ લોન અથવા કર્જ માટે અરજી કરી હોય, તો આ અઠવાડિયામાં તમારી અરજી સ્વીકારાઈ શકે છે। ત્યારબાદ તમે વહેલી તકે લોન મેળવીને વેપારમાં રોકાણ કરી શકશો। આથી ભવિષ્યમાં તમને સારો લાભ મળશે। આ અઠવાડિયામાં વિદ્યાર્થીઓનું મન અભ્યાસથી ભટકી શકે છે, જેના પાછળનું મુખ્ય કારણ ઘર-પરિવારમાં કોઈ કાર્યક્રમનું આયોજન હોઈ શકે છે। તેથી જ્યારે પણ સમય મળે ત્યારે તેને બગાડવાને બદલે એકાંતમાં જઈને અભ્યાસ કરવો વધુ સારું રહેશે.




**મિથુન - (ક, છ, ઘ) :-** શનિ દશમ ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયામાં સ્વાસ્થ્ય સંબંધિત કેટલીક સમસ્યાઓ તમારા કાર્યક્ષેત્રના મહત્વપૂર્ણ કામમાં અવરોધ ઊભો કરી શકે છે। તેથી મુશ્કેલ પરિસ્થિતિઓમાં ગભરાશો નહીં, પરંતુ હિંમતથી તેનો સામનો કરો। કારણ કે વિપરીત પરિસ્થિતિમાં ગભરાવું તમને માનસિક રીતે નબળા બનાવશે અને સાથે સાથે શારીરિક મુશ્કેલીઓ પણ વધારી શકે છે। આ અઠવાડિયામાં કાર્યસ્થળે, ભલે તે ઓફિસ હોય કે તમારો વ્યવસાય, તમારી કોઈ બેદરકારી તમને આર્થિક નુકસાન પહોંચાડી શકે છે। તેથી ઉતાવળમાં કોઈપણ કામ કરવાથી બચો અને દરેક કાર્ય યોગ્ય રીતે પૂર્ણ કરો। કેતુ ત્રીજા ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયામાં તમે પરિવારજીવનમાં ચાલી રહેલા ઝઘડા દૂર કરીને પરિવારની નબળી આર્થિક સ્થિતિને સુધારવામાં સફળ થશો। જેના કારણે તમારા માતા-પિતાને તમારા પર ગર્વ થશે અને તેઓ તમારી સમજદારી જોઈને તમને વધુ પ્રેમ આપતા જોવા મળશે। જો અગાઉ તમને કારકિર્દીમાં નિરાશાનો સામનો કરવો પડ્યો હોય, તો આ અઠવાડિયામાં પરિસ્થિતિ ફરીથી સુધરવા લાગશે અને તમારો વ્યવસાય સકારાત્મક દિશામાં આગળ વધશે.




**કર્ક - (ડ, હ) :-** તમને આ વાતનો અહેસાસ થશે કે જો તમારું સ્વાસ્થ્ય સારું હોય તો તમે જીવનના દરેક ક્ષેત્રનો આનંદ માણી શકો છો। આ સમય દરમિયાન આ રાશિના મોટાભાગના જાતકો પોતાની ખરાબ આદતોમાં સુધારો કરવાનો પ્રયત્ન કરશે। બૃહસ્પતિ પ્રથમ ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયામાં માતા-પિતાની મદદથી તમે અગાઉની કોઈ આર્થિક તંગીમાંથી બહાર આવવામાં સફળ થશો। જેના કારણે તમને માનસિક તણાવમાંથી રાહત મળશે અને પરિસ્થિતિ સુધર્યા બાદ તમે યોગ્ય દિશામાં પ્રયત્નો કરવામાં પણ સફળ થશો।આ આનંદમય અને ઉત્તમ અઠવાડિયામાં તમારું ઘર મહેમાનોથી ભરાઈ શકે છે। સાથે જ પરિવાર સાથેની સામાજિક પ્રવૃત્તિઓ પણ ઘરના સભ્યોને ખુશ રાખવામાં મદદરૂપ થશે। શનિ નવમ ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયામાં તમારું ઉત્તમ કામકાજ અને કાર્યક્ષમતા જોઈને તમારા હેઠળ કામ કરતા કર્મચારીઓ ખૂબ પ્રભાવિત થશે। તેઓ તમારી પ્રશંસા કરશે અને તમે તેમની સાથે મળીને તમારા વ્યવસાયને આગળ વધારવા અંગે વિચારતા જોવા મળશે। આથી તમને બજારમાં નામ અને પ્રસિદ્ધિ મેળવવાના અનેક અવસર મળશે। આ રાશિના વિદ્યાર્થીઓ આ અઠવાડિયામાં અભ્યાસ કરતાં વધુ પોતાનાં આરામ અને સુવિધાઓમાં સમય પસાર કરી શકે છે.




**સિંહ - (મ, ટ) :-** પ્રથમ ભાવમાં કેતુ સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયામાં નિયમિત વ્યાયામ તમને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે। આ દરમિયાન તમારા સ્વાસ્થ્યમાં ઘણા સકારાત્મક બદલાવ જોવા મળશે। ખાસ કરીને જેમને મોટાપાની સમસ્યા છે, તેમના માટે સમય ખૂબ શુભ રહેશે। કારણ કે આ સમય દરમિયાન તેઓ પોતાની કેટલીક સમસ્યાઓમાંથી કાયમ માટે મુક્તિ મેળવી શકે છે। બૃહસ્પતિ બારમા ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયું નાના રિયલ એસ્ટેટ અને આર્થિક લેવડદેવડ માટે ખૂબ શુભ રહેશે। જોકે કોઈપણ પ્રકારના મોટા રોકાણથી હાલમાં દૂર રહેવું વધુ સારું રહેશે। અને જો રોકાણ કરવું અનિવાર્ય હોય, તો કોઈ અનુભવી અથવા વડીલ વ્યક્તિની સલાહ લઈને જ આગળ વધવું। આ અઠવાડિયામાં તમે પરિવાર પ્રત્યેની તમારી જવાબદારીઓને સમજીને પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપશો। તેમના સુખ-દુઃખમાં ભાગીદાર બનવાથી તેમને લાગશે કે તમે ખરેખર તેમની કાળજી રાખો છો અને તેઓ તમારી સામે ખુલ્લેઆમ પોતાની વાત કહી શકશે.




**કન્યા - (પ, ઠ, ણ) :-** આ અઠવાડિયામાં તમને તમારી વ્યસ્ત જીવનશૈલીમાંથી થોડો સમય કાઢીને આરામ કરવાની અને નજીકના મિત્રો તથા પરિવાર સાથે ખુશીના પળો વિતાવવાની જરૂર રહેશે। કારણ કે તે તમારા સ્વાસ્થ્ય પર સકારાત્મક અસર પાડશે તેવી સંભાવના છે। રાહુ છઠ્ઠા ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયામાં તમારા અંદર સર્જનાત્મક વિચારોમાં વધારો થશે। જેના કારણે તમે પૈસા કમાવવાના નવા અવસરો શોધી સારો નફો મેળવી શકશો। જોકે કોઈપણ દસ્તાવેજ પર સહી કરતા પહેલાં તેને સારી રીતે વાંચવાની સલાહ આપવામાં આવે છે। જ્યારે પણ તમને એકલતા અનુભવાશે, ત્યારે તમારા માતા-પિતા આશીર્વાદ આપી તમારું મનોબળ વધારશે। જેના કારણે તમારું પારિવારિક જીવન સુવ્યવસ્થિત રીતે આગળ વધશે। શનિ સપ્તમ ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયું ઘણા જાતકો માટે કાર્યક્ષેત્રમાં પ્રગતિના સંકેતો આપે છે। શરૂઆતમાં થોડી વધુ મહેનત કરવી પડશે, પરંતુ ધીમે ધીમે પરિસ્થિતિઓ તમારા પક્ષમાં આવતી જણાશે। તેથી શરૂઆતથી જ સતત મહેનત કરતા રહો। આ અઠવાડિયામાં આ રાશિના ઘણા જાતકો પોતાની જૂની ભૂલોમાંથી શીખવાને બદલે ફરી તે જ ભૂલો દોહરાવી શકે છે। જેના કારણે શિક્ષણ ક્ષેત્રમાં તેમને નકારાત્મક પરિણામોનો સામનો કરવો પડી શકે છે.




**તુલા - (ર, ત) :-** શનિ છઠ્ઠા ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયામાં તમારા સ્વાસ્થ્યમાં સુધારો આવશે। તેથી એવી પ્રવૃત્તિઓમાં જોડાઓ જે રોમાંચક હોય અને તમને શાંતિ આપે। કારણ કે તે તમને માનસિક તણાવથી દૂર રાખવામાં મદદ કરશે। બૃહસ્પતિ દશમ ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયામાં પરિવારની કોઈ જમીન અથવા મિલકતમાંથી અચાનક ધનલાભ થવાની શક્યતા છે। પરંતુ આ દરમિયાન ઉત્સાહમાં આવીને સંયમ ગુમાવશો નહીં, નહિતર નફો મોટા નુકસાનમાં ફેરવાઈ શકે છે। કોઈ નજીકના સગા સાથે બનેલી અણધારી ઘટના આખા અઠવાડિયામાં પરિવારના વાતાવરણમાં અશાંતિ પેદા કરી શકે છે। જેના કારણે તમારા માનસિક તણાવમાં વધારો થશે અને બેચેનીનો અનુભવ પણ થઈ શકે છે। વ્યાવસાયિક લોકો માટે આ અઠવાડિયું શુભ રહેશે। કારણ કે અનેક ગ્રહોની અનુકૂળ સ્થિતિના પરિણામે તમને ઉત્તમ અવલોકન અને વિશ્લેષણાત્મક ક્ષમતા પ્રાપ્ત થશે, જે કારકિર્દીમાં આગળ વધવામાં ખૂબ મદદરૂપ સાબિત થશે। વિદ્યાર્થીઓ માટે પણ આ સમય ઉત્તમ રહેશે। શુભ ગ્રહોની અસર તમને સારા પરિણામ અપાવશે.




**વૃશ્ચિક - (ન, ય) :-** ચોથા ભાવમાં રાહુ સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયામાં તમને તમારી સંગત પ્રત્યે વિશેષ સાવચેતી રાખવાની જરૂર રહેશે। શક્ય છે કે તમારી આસપાસનો કોઈ સ્વાર્થી વ્યક્તિ તમને તણાવ આપે। જેના કારણે તમે યોગ્ય રીતે ખોરાક લેતા પણ અસમર્થ અનુભવશો। દશમ ભાવમાં ગ્રહસ્થિતિને કારણે, આ અઠવાડિયાની શરૂઆતથી જ પૈસા બચાવવાના વિષયમાં પરિવારના સભ્યો અને નજીકના લોકો સાથે ચર્ચા કરવાની જરૂર રહેશે। નહીં તો અઠવાડિયાના અંત સુધીમાં આર્થિક તંગીને કારણે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે। આ અઠવાડિયામાં તમારા વ્યક્તિગત જીવનનું કોઈ જૂનું રહસ્ય બહાર આવવાથી તમને કેટલીક પરેશાનીઓનો સામનો કરવો પડી શકે છે। તેથી કોઈ ભેદ ખુલવાની રાહ જોવાને બદલે, તમે જાતે જ સાચી વાત સ્વીકારીને અન્ય લોકો સમક્ષ રજૂ કરો તો વધુ સારું રહેશે। કારકિર્દી માટે આ અઠવાડિયું અનુકૂળ રહેશે। કારણ કે આ દરમિયાન તમે તમારી કોઈ નકારાત્મક આદત અથવા અવરોધમાંથી મુક્તિ મેળવી શકશો.




**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** શનિ ચોથા ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયામાં તમને એવો અનુભવ થશે કે આસપાસના લોકો તમારી પાસેથી વધુ અપેક્ષાઓ અને માંગણીઓ રાખી રહ્યા છે। જેના કારણે તમે તેમની દરેક માંગ પૂરી કરવા માટે પોતાને વધારાના દબાણ હેઠળ અનુભવો છો। પરંતુ તમને સમજવું પડશે કે તમે જેટલું કરી શકો તેનાથી વધુ કોઈને વચન ન આપો અને માત્ર બીજાને ખુશ કરવા માટે જાતને બિનજરૂરી તણાવમાં ન મૂકો। આ અઠવાડિયામાં તમને સમજાશે કે માત્ર સમજદારીપૂર્વક કરેલું રોકાણ જ લાભદાયક સાબિત થાય છે। તેથી તમારી મહેનતની કમાણીનું રોકાણ ખૂબ વિચારપૂર્વક અને યોગ્ય જગ્યાએ કરવું જરૂરી રહેશે। જો તમને કોઈ શંકા હોય તો કોઈ અનુભવી અથવા વડીલ વ્યક્તિની સલાહ જરૂર લો। આ અઠવાડિયામાં પરિવારના સભ્યો સાથે બહાર ભોજન કરવા અથવા ફિલ્મ જોવા જવાથી તમને શાંતિ અને આનંદ મળશે। સાથે જ જેને તમે પ્રેમ કરો છો તેમના સાથે ભેટોની આપ-લે કરવા માટે પણ આ સમય ખૂબ શુભ રહેશે। ત્રીજા ભાવમાં રાહુની સ્થિતિને કારણે, આ અઠવાડિયામાં તમને પગાર વધારાના સારા સમાચાર મળી શકે છે। આ સમાચાર સાંભળીને તમે ભાવુક પણ બની શકો છો। શક્ય છે કે તમારા વરિષ્ઠ અધિકારી પોતે જ તમને આ માહિતી આપે, જેના કારણે તમારી પ્રતિષ્ઠા અને માન-સન્માનમાં વધારો થશે.




**મકર - (ખ, જ) :-** જેમ કોઈપણ શાકમાં તડકો નિરસ ભોજનને સ્વાદિષ્ટ બનાવે છે, તેવી જ રીતે જીવનમાં થોડું દુઃખ પણ સકારાત્મકતા લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે। કારણ કે જો જીવનમાં દુઃખ ન હોય, તો કદાચ આપણે સુખની સાચી કિંમત અને તેનો આનંદ સમજી ન શકીએ। તેથી આ અઠવાડિયામાં દુઃખ કે મુશ્કેલી આવે ત્યારે શાંતિ રાખો અને શક્ય તેટલું પોતાને સ્વસ્થ રાખવાનો પ્રયાસ કરો। બૃહસ્પતિ સાતમા ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયાના બીજા ભાગમાં તમને આર્થિક રીતે મોટો લાભ મળી શકે છે। જેના કારણે તમે નવું ઘર અથવા વાહન ખરીદવાનું આયોજન કરી શકો છો। નવી વસ્તુઓની ખરીદીથી પરિવારના સભ્યો પણ ખૂબ ખુશ રહેશે। આ અઠવાડિયામાં તમારી પોતાની સુખ-સુવિધાઓ કરતાં પરિવારના સભ્યોની જરૂરિયાતોને વધુ મહત્વ આપવું તમારી પ્રથમ પ્રાથમિકતા હોવી જોઈએ। કારણ કે તેનાથી તમને પરિવારની કેટલીક એવી પરિસ્થિતિઓ વિશે ખબર પડશે, જેના વિશે તમે અત્યાર સુધી અજાણ હતા। વેપારીઓ માટે આ અઠવાડિયું સામાન્ય રહેશે। જોકે શનિ ત્રીજા ભાવમાં હોવાને કારણે, જો તમે કારકિર્દીમાં વધુ સારું કરવું ઇચ્છો છો, તો સમય બગાડ્યા વિના નવી યોજના બનાવવાની ખાસ જરૂર રહેશે। શિક્ષણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે આ અઠવાડિયામાં તમારે તમારા લક્ષ્યો પ્રત્યે સંપૂર્ણ પ્રતિબદ્ધ રહેવાની જરૂર પડશે। તમારી સંગત સુધારો અને એવા લોકોથી દૂર રહો.




**કુંભ - (ગ, શ, ષ, સ) :-** સાતમા ભાવમાં કેતુ સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયામાં સ્વાસ્થ્ય સંબંધિત કેટલીક સમસ્યાઓ તમારા કાર્યક્ષેત્રના મહત્વપૂર્ણ કાર્યોમાં અવરોધ ઊભો કરી શકે છે। તેથી મુશ્કેલ પરિસ્થિતિઓમાં ગભરાશો નહીં, પરંતુ હિંમતપૂર્વક તેનો સામનો કરો। કારણ કે વિપરીત પરિસ્થિતિમાં ગભરાવાથી તમે માનસિક રીતે નબળા બનશો અને શારીરિક મુશ્કેલીઓ પણ વધી શકે છે। બૃહસ્પતિ છઠ્ઠા ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયામાં તમને અચાનક ધનલાભ થવાની શક્યતા છે। જેના કારણે તમે તમારી આર્થિક સ્થિતિને ઘણી હદ સુધી મજબૂત બનાવી શકશો અને પરિવારના કોઈ સભ્યને આર્થિક મદદ કરવાનો નિર્ણય પણ લઈ શકો છો। આ અઠવાડિયામાં તમે તમારા વિચારો અને મંતવ્યો મિત્રો અને સગાઓ પર લાદતા જોવા મળી શકો છો। જોકે આવું કરવાથી બચવાની સલાહ આપવામાં આવે છે। કારણ કે તે તમારી છબી માટે લાભદાયક નહીં રહે અને લોકો તમારી સામે નારાજ થઈ શકે છે। કાર્યક્ષેત્રમાં આ અઠવાડિયામાં તમે તમારા કામમાં પ્રગતિ જોશો। તમારા કૌશલ્યને જોઈને સહકર્મીઓ તમારી પ્રશંસા કરશે અને તમારી સલાહ લેતા જોવા મળશે। તમારા બોસ અથવા વરિષ્ઠ અધિકારીઓ ભલે તમારા સામે ખુલ્લેઆમ પ્રશંસા ન કરે, પરંતુ મીટિંગ અથવા અન્ય લોકો સમક્ષ તેઓ તમારું સકારાત્મક ઉદાહરણ આપી તમારી પ્રશંસા કરશે.




**મીન - (દ, ચ, ઝ, થ) :-** રાહુ બારમા ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયામાં તમે પોતાને અવસાદ અથવા તણાવથી ઘેરાયેલા અનુભવશો। જેના કારણે મનમાં અનેક નકારાત્મક વિચારો પણ આવી શકે છે। આવી સ્થિતિમાં મનની શાંતિ જળવાઈ રહે તે માટે શક્ય તેટલું પોતાને વ્યસ્ત રાખવાનો પ્રયત્ન કરો। તમને સારી રીતે સમજ છે કે હાલ જો તમને ધનલાભ થઈ રહ્યો છે, તો જરૂરી નથી કે આવતીકાલે પણ પરિસ્થિતિ એવી જ રહે। તેથી ભવિષ્યની આર્થિક પડકારો માટે પહેલેથી તૈયારી રાખવી અને માત્ર સમજદારીપૂર્વક કરેલું રોકાણ જ કરવું વધુ યોગ્ય રહેશે। શનિ પ્રથમ ભાવમાં હોવાને કારણે, તમારી મહેનતની કમાણી કોઈપણ યોજના અથવા રોકાણમાં ખૂબ વિચારીને જ લગાવો। આ અઠવાડિયામાં પરિવારના બાળકો અને વડીલો તમારી પાસેથી વધુ સમયની અપેક્ષા રાખી શકે છે। પરંતુ તેમની આ માંગ પૂરી કરવામાં તમે સંપૂર્ણ રીતે સફળ ન થાઓ, જેના કારણે તેઓ નારાજ થઈ શકે છે। જો તમે વ્યવસાયમાં કોઈ નવા ભાગીદારને જોડવાનો વિચાર કરી રહ્યા હો, તો આ અઠવાડિયામાં કોઈપણ વચન આપતા પહેલાં તમામ વિગતોની સારી રીતે તપાસ કરવી ખૂબ જરૂરી રહેશે। ત્યારબાદ જ કોઈ નિર્ણય લો। વિદ્યાર્થીઓએ અન્ય લોકોની ટીકા સાંભળીને પોતાની ક્ષમતાઓને ઓછી ન આંકવી જોઈએ। તમે પણ સારી રીતે જાણો છો કે બિનજરૂરી શંકા રાખવાને બદલે કોઈ પ્રોફેશનલ કોર્સમાં પ્રવેશ લઈ શ્રેષ્ઠ પ્રદર્શન કરવું વધુ સારું છે.

# ગુજરાતના રાજકારણમાં સૌરાષ્ટ્ર પ્રદેશ અને પાટીદારો સત્તા મેળવવા માટેના કેન્દ્રીય પરિબળો

## ભાજપાની વિશ્વકર્મા-સંઘવીની જુગલબંધી પાટીદાર અને બિન-પાટીદાર ચહેરાઓ મારફત ૨૦૨૭ની ચૂંટણી જંગ જીતવા માટે થઈ સક્રિય

રાજકારણમાં જાગે તે પામે તે વાત સિદ્ધ છે,રાજકીય પક્ષ હંમેશા દરેક મોરચે જાગૃત રહે તે અનિવાર્ય શરત ગણવામાં આવે છે.ગુજરાતના રાજકારણ અને સત્તા માટે સૌરાષ્ટ્ર પ્રદેશ અને પાટીદાર ફેક્ટર મહત્વના પરિબળો છે."જેનું સૌરાષ્ટ્ર, તેનું ગુજરાત" આ માત્ર એક રાજકીય કહેવત નથી પણ ગુજરાતની સત્તાનો અસલી સિંહાસન માર્ગ છે. સૌરાષ્ટ સત્તાના સમીકરણો બદલી શકવાની તાકાત ધરાવે છે. અહીં મોટાભાગનો વર્ગ ગામડાઓ સાથે સંકળાયેલો છે અને ગામડાઓ ભાજપની નબળી નસ છે. ભાજપ કોઈ પણ સંજાગોમાં પાટીદારો ભાજપની તરફે રહે એ માટે હંમેશાં પ્રયાસો કરે છે. સુરતમાં પાટીદારોનો આપ તરફી વધેલો ઝોક હવે ધીરેધીરે ઓછો થઈ રહ્યો છે પણ કોંગ્રેસ અને આપને પણ સૌરાષ્ટ્રમાં તક દેખાઈ રહી છે. જેને પગલે ભાજપ પણ સક્રિય થઈ ગયું છે.

તાજેતરમાં ભાજપના બે





ટોચના નેતાઓ ગણાતા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવી દ્વારા પાટીદાર સમાજની બે સર્વોચ્ચ સંસ્થાઓના વડાઓ સાથે કરવામાં આવેલી બેઠકોએ રાજ્યના રાજકારણમાં હલચલ મચાવી છે.

ગુજરાતનું પાટીદાર પોલિટિક્સ મુખ્યત્વે લેઉવા અને કડવા પાટીદારમાં વહેંચાયેલું છે, ભાજપની નવી રણનીતિ આ બંને પાવર સેન્ટર્સને એકસાથે સાધવાની છે. ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ કડવા પાટીદારોની આસ્થાના કેન્દ્ર સમાન સિદ્ધસર ઉમિયાધામના પ્રમુખ મોંટેરશાભાઈ ઉકાણી સાથે ખાસ બેઠક કરી છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કડવા પાટીદાર મતો પર સિદસર સંસ્થાનનો મોટો પ્રભાવ છે, જેથી સંગઠન સ્તરે આ બેઠક આગામી ચૂંટણી માટે અત્યંત મહત્વની મનાય છે. જાકે, ભાજપ એવું માને છે ઉંઝા ઉમિયાધામ સંસ્થાન અને ઉત્તર ગુજરાતના પાટીદારો હંમેશાં પોતાની સાથે જ છે.

**[ રાજકારણ ]**

આ બેઠક પહેલાં, ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીએ સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતના લેઉવા પાટીદારોના સૌથી મોટા પાવર સેન્ટર ગણાતા ખોડલધામના પ્રમુખ નરેશ પટેલ સાથે બેઠક કરી હતી. નરેશ પટેલ સાથેની સંઘવીની આ મુલાકાત માત્ર સામાજિક નહોતી.

બિન-પાટીદાર અને ઓબીસી ચહેરા હોવા છતાં, જગદીશ વિશ્વકર્મા અને હર્ષ સંઘવીની જાડીને પાટીદાર સમાજને સાચવવાની જવાબદારી સોંપવામાં આવી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. પ્રદેશ અધ્યક્ષ તરીકે જગદીશ વિશ્વકર્મા સંગઠન મોરચે કડવા પાટીદારોને જોડી રહ્યા છે, તો ડેપ્યુટી સીએમ તરીકે હર્ષ સંઘવી લેઉવા પાટીદાર નેતૃત્વ સાથે સંબંધો મજબૂત કરી રહ્યા છે.

સુરતમાં હર્ષ સંઘવીએ ટેક્સટાઈલ અને ડાયમંડ ઉદ્યોગના પાટીદાર અગ્રણીઓ સાથે લાંબા સમયથી મજબૂત પકડ બનાવી રાખી છે, જ્યારે જગદીશ પંચાલે અમદાવાદ અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોના પાટીદાર પરિવારો અને વેપારીઓ સાથે સીધું ટ્યુનિંગ ગોઠવ્યું છે. ભાજપ ક્યારેય ચૂંટણીની છેલ્લી ઘડી સુધી રાહ જાવામાં માનતું નથી. ૨૦૨૭માં કોઈપણ પ્રકારની શાસન વિરોધી લહેર ઊભી ન થાય અને પાટીદાર મતોમાં કોઈ અન્ય પક્ષ (જેમ કે આપ કે કોંગ્રેસ) ગાબડું ન પાડી શકે તે માટે 'ડેમેજ કંટ્રોલ' અત્યારથી જ શરૂ કરાયું છે.

# આખરી મોહરો: બંધ રૂમનું રહસ્ય



## બંધ રૂમનું આ અટપટું રહસ્ય ઈન્સ્પેક્ટર કબીરે માત્ર એક ચેસના મોહરાની મદદથી ઉકેલી નાખ્યું

અમદાવાદના પોશ વિસ્તારમાં આવેલી 'ધ ગ્રાન્ડ પેલેસ' સોસાયટીના બંગલા નંબર ૪ માં સન્નાટો હતો. શહેરના જાણીતા ડાયમંડ મર્ચન્ટ વિરેન શાહ પોતાના જ સ્ટડી રૂમમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા.

રૂમ અંદરથી લોક હતો. બારીઓ પર મજબૂત લોખંડની ગ્રીલ હતી. આત્મહત્યા જેવો દેખાતો આ કેસ સોંપવામાં આવ્યો ઈન્સ્પેક્ટર કબીરને, જેઓ પોતાની તેજ નજર અને અસાધારણ બુદ્ધિ માટે જાણીતા હતા.

કબીર જયારે ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે વિરેન શાહ ખુરશી પર ઢળી પડ્યા હતા. ટેબલ પર અડધો ભરેલો ગ્રીન-ટીનો કપ હતો. પોસ્ટમોર્ટમના પ્રાથમિક રિપોર્ટ મુજબ વિરેન શાહનું મોત ચામાં ઝેર (સાયનાઈડ) ભળવાને કારણે થયું હતું.

ઈન્સ્પેક્ટર કબીરે રૂમની તપાસ કરી તો રૂમનો દરવાજો અંદરથી લોક હતો અને ચાવી વિરેન શાહના ખિસ્સામાં જ હતી.

ટેબલ પર ચેસ (શતરંજ)ની રમત અધૂરી મૂકેલી હતી.

વિરેન શાહના હાથમાં સફેદ રંગનો ચેસનો 'રાજા' હતો, જેને તેમણે મજબૂતીથી પકડી રાખ્યો હતો."જો આ આત્મહત્યા હોત, તો વિરેન શાહ મરતાં મરતાં ચેસનો રાજા હાથમાં ન પકડત. આ કોઈ ઈશારો છે," કબીરે મનોમન વિચાર્યું.

શંકાના દાયરામાં ત્રણ પાત્રો હતા, કબીરે ઘરમાં હાજર ત્રણ મુખ્ય વ્યક્તિઓની પૂછપરછ શરૂ કરી જેમાં રાઘવ (મોટો ભાઈ): જે વિરેન સાથે બિઝનેસમાં પાર્ટનર હતો, પણ બંને વચ્ચે પૈસાની બાબતે અણબનાવ ચાલતો હતો.

બીજું પાત્ર માયા (પત્ની): વિરેન શાહના વીમાના કરોડો રૂપિયા માયાને મળવાના હતા.

ત્રીજુ પાત્ર દેવ (સેક્રેટરી): જે વિરેન શાહની દરેક નાની-મોટી હિલચાલ પર નજર રાખતો હતો.

ત્રણેય પાસે મજબૂત 'અલીબાઈ' (ઘટના સમયે બીજે હોવાનો પુરાવો) હતો. દરવાજો અંદરથી બંધ હોવાને કારણે ત્રણેય પોતાને નિર્દોષ ગણાવતા હતા.

કબીર કલાકો સુધી એ બંધ રૂમમાં બેસી રહ્યા. તેમની નજર વારંવાર ચેસ બોર્ડ પર જતી હતી. સફેદ મોહરા વિરેન શાહના હતા

**[ ક્રાઈમ સ્ટોરી ]**

અને કાળા મોહરા સામેવાળાના. કાળા મોહરા તરફથી છેલ્લી ચાલ 'વજીર'ની હતી, જેણે સફેદ રાજાને 'ચેકમેટ' આપ્યો હતો.

અચાનક કબીરના મગજમાં ઝબકારો થયો. તેમણે દેવ (સેક્રેટરી)ને બોલાવ્યો.

"દેવ, વિરેનભાઈ સોસાયટીમાં કોની સાથે ચેસ રમતા હતા?" કબીરે પૂછ્યું.

"સર, તેઓ કોઈ બહારના વ્યક્તિ સાથે નહીં, પણ ઘરમાં જ માયા મેડમ સાથે રોજ રાત્રે ચેસ રમતા હતા," દેવે જવાબ આપ્યો.

કબીરના ચહેરા પર સ્મિત આવી ગયું. તેમણે તરત જ માયાને રૂમમાં બોલાવી.કબીરે માયા સામે જોઈને કહ્યું, "માયાજી, રમત બહુ સરસ હતી, પણ તમે એક ભૂલ કરી દીધી. વિરેન શાહ આત્મહત્યા કરવાના નહોતા, તેઓ આ મેચ જીતવાના હતા. પણ તમે રમત અધૂરી મૂકીને તેમને સાયનાઈડ આપી દીધું."

માયા ધ્રુજી ગઈ પણ તેણે પોતાનો ડર છુપાવતા કહ્યું, "તમારી પાસે શું પુરાવો છે? રૂમ તો અંદરથી બંધ હતો!"

"હા, રૂમ અંદરથી બંધ હતો," કબીરે સમજાવતા કહ્યું, "તમે વિરેનભાઈની ગ્રીન-ટીમાં પહેલાંથી જ ધીમું ઝેર ભેળવી દીધું હતું. તમે રૂમની બહાર નીકળ્યા ત્યારે તેઓ જીવતા હતા અને તેમણે દરવાજો અંદરથી બંધ કર્યો. પણ ઝેરની અસર શરૂ થતાં જ તેમને સમજાયું કે ચા તમે જ બનાવી હતી. મરતાં પહેલાં તેમની પાસે બોલવાની શક્તિ નહોતી, એટલે તેમણે ચેસના બોર્ડ પરથી કાળા વજીર (એટલે કે પત્ની) સામે પોતાના સફેદ રાજાને હાથમાં પકડી લીધો. આ તેમનો આખરી ડાઈંગ ડિક્લેરેશન (મરણોન્મુખ નિવેદન) હતું કે તેમનો કાતિલ બીજું કોઈ નહીં, પણ તેમની 'રાણી' એટલે કે તમે છો!"

ટેબલ પર રાખેલા ગ્રીન-ટીના કપ પર માયાની આંગળીઓના ફિંગરપ્રિન્ટ્સ મળી આવ્યા અને ઝેરની શીશી પણ તેના કબાટમાંથી મળી આવી.

પોલીસે માયાની ધરપકડ કરી. બંધ રૂમનું આ અટપટું રહસ્ય ઈન્સ્પેક્ટર કબીરે માત્ર એક ચેસના મોહરાની મદદથી ઉકેલી નાખ્યું.

ઈન્સ્પેક્ટર કબીરની શાંત ચિત્તે કામ કરવાની પધ્ધતિ અને વિચક્ષણ બુદ્ધિથી માયાએ રચેલ ઠંડા કલેજે પતિની હત્યા કરવાના કેસનો ઝડપથી ઉકેલ લાવી દીધો.પોલીસે માયાની ધરપકડ કરીને તેની વિરુદ્ધ કોર્ટમાં રજૂ કરી માયાએ શા માટે પતિની હત્યા કરી તે માટેના પાસાઓ ઉજાગર કરવા કાર્યવાહી હાથ ધરી હતી.હાલમાં માયા જેલના સળિયા પાછળ સમય વિતાવી રહી છે.

# ફાધર્સ ડે : પિતાનું ઋણ ચૂકવવાનો અવસર

જે રીતે એક માતા પોતાના બાળકને નિ:સ્વાર્થ પ્રેમ કરે છે, તે જ રીતે પિતાનો પણ બાળક સાથે એક ખાસ અને અતૂટ લગાવ હોય છે. પિતાને બાળકોના પ્રથમ શિક્ષક, માર્ગદર્શક અને જીવનનો સૌથી

## દરેક વ્યક્તિના જીવનમાં પિતાનું આગવું મહત્વ હોય છે,જીવનભર સંઘર્ષ કરતા પિતા માટે દીકરીના મનમાં જન્મેલી અનોખી લાગણીએ વિશ્વને આપ્યો પિતાનું ઋણ ચૂકવવાનો અવસર

મોટો સપોર્ટ સિસ્ટમ માનવામાં આવે છે. પિતાના આ જ અનમોલ યોગદાન, ત્યાગ અને સમર્પણને સન્માન આપવા માટે દર વર્ષે દુનિયાભરમાં 'ફાધર્સ ડે' ઉજવવામાં આવે છે. ચાલો જોઈએ આ વર્ષે ક્યારે છે ફાધર્સ ડે અને જાણીએ કે કઈ રીતે એક મહિલાની પહેલને કારણે પિતાઓને આ સન્માન પ્રાપ્ત થયું... જોકે, દર વર્ષે ઘણા લોકોને ફાધર્સ ડેની ચોક્કસ તારીખને લઈને મૂંઝવણ રહે છે. તેનું મુખ્ય કારણ એ છે કે આ દિવસ કોઈ ફિક્સ તારીખે નહીં, પરંતુ જૂન મહિનાના ત્રીજા રવિવારે ઉજવવામાં આવે છે. આ વખતે ફાધર્સ ડે ૨૧મી જૂનના રોજ સેલિબ્રેટ કરવામાં આવશે. વર્ષ ૨૦૨૬માં ફાધર્સ ડે ૨૧ જૂનના રોજ ઉજવવામાં આવશે. આ વર્ષે જૂન મહિનાનો ત્રીજો રવિવાર ૨૧મી તારીખે આવી રહ્યો હોવાથી ભારત સહિત અમેરિકા, કેનેડા, બ્રિટન અને વિશ્વના ઘણા દેશોમાં આ દિવસે પિતા પ્રત્યે આદર વ્યક્ત કરવામાં આવશે.વાત કરીએ ફાધર્સ ડે ઉજવવાની પરંપરા અને ઈતિહાસ વિશે તો તે અમેરિકા સાથે જોડાયેલો છે. ઓફિશિયલ ઈન્ફોર્મેશન અનુસાર પિતાના સન્માનમાં પહેલો વિશેષ કાર્યક્રમ વર્ષ ૧૯૦૮માં અમેરિકાના વેસ્ટ વર્જિનિયામાં યોજાયો હતો, પરંતુ તેને નિયમિત રીતે ઉજવવાની શરૂઆત પછીથી થઈ હતી.

આ દિવસને ગ્લોબલ લેવલ પર લોકપ્રિય બનાવવાનું સંપૂર્ણ ક્રેડિટ 'સોનોરા સ્માર્ટ ડોડા' નામની મહિલાને જાય છે.

**[ વાત અને વિચાર ]**

સોનોરાના પિતા વિલિયમ જેક્સન સ્માર્ટે તેમની પત્નીના અવસાન બાદ એકલા હાથે પોતાના ૬ બાળકોનો ઉછેર કર્યો હતો. પિતાનો આ સંઘર્ષ અને ત્યાગ જોઈને સોનોરાને વિચાર આવ્યો કે જો માતાઓ માટે 'મધર્સ ડે' ઉજવાતો હોય, તો પિતા માટે પણ એક ખાસ દિવસ હોવો જ જોઈએ. તેમની આ અનોખી પહેલના કારણે ૧૯મી જૂન ૧૯૧૦ના રોજ અમેરિકાના વોશિંગ્ટન રાજ્યના સ્પોકેન શહેરમાં પહેલી વખત સત્તાવાર ફાધર્સ ડે ઉજવવામાં આવ્યો હતો.આ દિવસને રાષ્ટ્રીય દરજ્જો અપાવવા માટે લાંબો સંઘર્ષ કરવો પડ્યો હતો. વર્ષ ૧૯૧૩માં અમેરિકી સંસદમાં આ અંગેનો પહેલો પ્રસ્તાવ રજૂ કરાયો અને ૧૯૧૬માં તત્કાલીન રાષ્ટ્રપતિ વુડરો વિલ્સને તેને સમર્થન આપ્યું



અને ત્યાર બાદ, ૧૯૬૬માં રાષ્ટ્રપતિ લિંડન બી. જોહન્સને જૂનના ત્રીજા રવિવારને ફાધર્સ ડે તરીકે જાહેર કર્યો. અંતે, વર્ષ ૧૯૭૨માં રાષ્ટ્રપતિ રિચર્ડ નિક્સને આ દિવસને કાયમી નેશનલ હોલિડે તરીકે ઓફિશિયલી મંજૂરી આપી દીધી.

ભારતમાં જો કે આ દિવસે વિદેશની જેમ કોઈ પબ્લિક હોલિડે કે જાહેર રજા હોતી નથી, પરંતુ યુવાનો અને બાળકોમાં આ દિવસને લઈને ભારે ઉત્સાહ જોવા મળે છે. લોકો આ દિવસ પોતાના પિતા સાથે વિતાવે છે, તેમને સ્પેશિયલ ગિફ્ટ, સરપ્રાઈઝ કે હાથેથી બનાવેલા ગ્રીટિંગ કાર્ડ્સ આપે છે. આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા પર પિતા સાથેના ફોટા અને હૃદયસ્પર્શી મેસેજ શેર કરવાનો પણ મોટો ક્રેઝ છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ઔ | ન | શિ | અ: | મા | ઉ | ખ | કા | હા | સા | ધ |
| ઔ | લ | ક્ષ | મા | રી | ધ | ક | ક્ષ | ફ | ર | કી | ફ |
| ઔ | ક | સ | મ | દ | વિ | ઊ | ર | મા | બં | પ્રા | લ |
| પ્રા | ગં | લા | બા | ઈ | જ્ઞા | ગ | દ | ણ | ધ | કી | ઊ |
| લી | ભ | ઓ | ક | ર | ન | અ | ઓ | બ | ળ | વિ | જ્ઞા |
| કા | રો | લ | લ | ર | સા | સા | ત | કુ | લ | આ | હા |
| ધ | ઈ | ક | અ: | ર | બ | ખ | બૂ | કા | મો | ર | લા |
| ભા | દા | વિ | ણ | તી | ભો | મો | વિ | ર | ભો | બ | ક |
| ગી | ગ | કા | વિ | એ | મ | ક | આ | લ | પ્ર | બિ | સ |
| કા | ર | ળ | ચા | ન | ભો | ઐ | બ | જ | રી | ર | બ |
| ર | ડો | ળ | ર | ર | બ | ણે | ડો | ક્ષ | વા | જ | મા |
| રી | દ | કા | ણા | એ | ભો | બા | સ | ળો | શિ | ક્ષ | ણ |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# ભગવાન જગન્નાથજીની અધૂરી મૂર્તિનું રહસ્ય

ઓડિશાના પૂરીમાં દર વર્ષે અષાઢ મહિનાની બીજના દિવસે ભગવાન જગન્નાથની ભવ્ય અને વિશ્વ પ્રસિદ્ધ રથયાત્રા કાઢવામાં આવે છે. આ વર્ષે પણ રથયાત્રા ઉત્સવની ભવ્ય શરૂઆત થવા જઈ રહી છે.

## ઓડિશાના પુરીમાં આવેલ મંદિરમાં સ્થાપિત ભગવાનની મૂર્તિઓ હસ્ત-ચરણ વગરની એટલે કે અધૂરી છે, જેની સદીઓથી સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક પૂજા થાય છે : ભગવાનની અપૂર્ણ મૂર્તિ અંગેની કથા

આ પાવન અવસરે ભગવાન જગન્નાથ, તેમના ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાનો દિવ્ય શ્રૃંગાર કરીને તેમને વિશાળ રથોમાં બિરાજમાન કરવામાં આવે છે. આ અલૌકિક ઉત્સવનો લ્હાવો લેવા અને ભગવાનના રથની દોરી ખેંચીને પુણ્યનું ભાથું ભરવા માટે દેશ-વિદેશથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહીં ઉમટી પડે છે. મોક્ષ નગરી ગણાતા જગન્નાથ પૂરીના આ મંદિર સાથે અનેક આશ્ચર્યજનક માન્યતાઓ અને રહસ્યો જોડાયેલા છે. આ રહસ્યોમાં સૌથી મોટું કૌતુક એ છે કે મંદિરમાં સ્થાપિત ભગવાનની મૂર્તિઓ હસ્ત-ચરણ વગરની એટલે કે અધૂરી છે, જેની સદીઓથી સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક પૂજા થાય છે.

આ અધૂરી મૂર્તિઓ પાછળ એક પૌરાણિક કથા પ્રચલિત છે. એકવાર પ્રભુ શ્રીકૃષ્ણ નિદ્રામાં રાધારાણીનું નામ પુકારવા લાગ્યા, જેથી ઉત્સુક બનેલી રાણીઓની જીદ પર માતા રોહિણી તેમને કૃષ્ણ-રાધાની લીલા સંભળાવવા તૈયાર થયા. કોઈ અંદર ન આવે તે માટે સુભદ્રાને દ્વાર પર પહેરો આપવા ઊભા રાખવામાં આવ્યા. થોડી જ વારમાં ત્યાં શ્રીકૃષ્ણ અને બલરામ આવ્યા, પરંતુ સુભદ્રાએ તેમને દ્વાર પર જ રોકી રાખ્યા. જોકે, અંદરથી આવતી રાધા-કૃષ્ણની પ્રેમકથાના દિવ્ય અવાજમાં ત્રણેય ભાઈ-બહેન એટલા લીન થઈ ગયા કે ભક્તિભાવના અતિરેકમાં તેમના હાથ-પગ અદ્રશ્ય થવા લાગ્યા અને શરીર સંકોચાઈ ગયું. આ અવસ્થા જોઈ દેવર્ષિ નારદે ભગવાનને પ્રાર્થના કરી કે તમે સામાન્ય જનતાના કલ્યાણ માટે પૃથ્વી પર હંમેશા આ જ ભાવ-સ્વરૂપે બિરાજમાન રહો, જેનો ભગવાને સ્વીકાર કર્યો.આ વચનને પૂરું કરવા માટે પાછળથી રાજા ઈન્દ્રદ્યુમ્નની વિનંતી પર ભગવાન

**[ ધર્મ દર્શન ]**

વિશ્વકર્મા એક વૃદ્ધ કારીગરનું રૂપ ધારણ કરીને મૂર્તિઓ બનાવવા આવ્યા. તેમણે રાજા સમક્ષ શરત મૂકી કે તેઓ ૨૧ દિવસમાં એક બંધ ઓરડામાં એકલા જ મૂર્તિઓ તૈયાર કરશે અને આ દરમિયાન કોઈએ દરવાજો ખોલવો નહી. રાજાએ શરત સ્વીકારી અને ઓરડામાંથી રોજ હથોડી-છેણીનો અવાજ આવતો રહ્યો.

જો કે એક દિવસ અચાનક અવાજ આવતો બંધ થઈ જતાં રાજા ચિંતિત થઈ ગયા કે ક્યાંક વૃદ્ધ કારીગરને કંઈ



થયું તો નથી ને! વ્યાકુળતામાં રાજા શરત ભૂલી ગયા અને ઓરડાનો દરવાજો ખોલી નાખ્યો. તે જ ક્ષણે ભગવાન વિશ્વકર્મા ત્યાંથી અદ્રશ્ય થઈ ગયા અને ઓરડામાં ત્રણેય મૂર્તિઓ અધૂરી જ રહી ગઈ. રાજાને પશ્ચાતાપ થયો, પણ તેને પ્રભુની ઈચ્છા માનીને જગન્નાથજી, સુભદ્રા અને બલભદ્રની એ જ અધૂરી મૂર્તિઓ મંદિરમાં સ્થાપિત કરી દીધી હતી. આ કારણે જ જગન્નાથ પૂરીમાં ભગવાનની મૂર્તિઓ હસ્ત-ચરણ વગરની જ છે અને તેની જ પૂજા કરવામાં આવે છે.

# વેરાવળ ચોપાટી ખાતે મહિલાઓએ યોગાભ્યાસ કર્યો મહિલાઓએ યોગ દ્વારા સ્વસ્થ જીવનનો સંદેશો આપ્યો



વેરાવળ,
યોગ તન અને મનને સ્વસ્થ રાખવાની સંપૂર્ણ વિજ્ઞાન આધારિત જીવનશૈલી છે. યોગ અને પ્રાણાયામ તણાવ ઘટાડે છે. યોગ એ માત્ર કસરત નથી, પરંતુ સ્વસ્થ શરીર, શાંત મન અને સંતુલિત જીવન તરફ દોરી જતી એક જીવનશૈલી છે.

આ જીવનશૈલીને દૈનિક રૂટિનમાં સમાવેશ કરવા માટે વેરાવળ ચોપાટી ખાતે યોગ દિવસની ઉજવણી પૂર્વે યોગાભ્યાસ કરાવવામાં આવ્યો હતો. ગુજરાત રાજયોગ બોર્ડ દ્વારા ૨૫૦ થી વધુ બહેનો દ્વારા યોગ પ્રોટોકોલનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ અને જિલ્લા યોગ કોર્ડિનેટર શ્રી શારદાબહેન બાંભણિયાએ આઈકોનિક પ્લેસ સોમનાથ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી થવાની છે. ત્યારે, મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહીને આ દિવસની ઉજવણીમાં સહભાગી થઈ યોગને ઘર ઘર સુધી પહોંચાડવામાં સહભાગી થાય એવી અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ૨૧ જૂનના રોજ વિશ્વ યોગ દિવસના અવસરે જિલ્લાના તમામ નાગરિકો ઉત્સાહભેર યોગ સાધનામાં જોડાઈ શકે તે માટે તાલુકા અને નગરપાલિકા સ્તરે પણ વિશેષ સંયુક્ત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

# રાજકોટ શહેર ભાજપ દ્વારા તમામ વોર્ડમાં યોગ રિહર્સલ તથા યોગ કાર્યક્રમોનું આયોજન

રાજકોટ, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ (૨૧ જૂન)ની ઉજવણીના ભાગરૂપે રાજકોટ શહેર ભાજપ દ્વારા શહેરના તમામ વોર્ડમાં યોગ રિહર્સલ તથા યોગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૬:૩૦ થી ૮ વાગ્યા સુધી તા.૨૦ના રોજ યોગ રિહર્સલ કાર્યક્રમ અને તા.૨૧ જૂનને વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિતે યોગ કાર્યક્રમ શહેરના વિવિધ બગીચા, શાળાઓ અને જાહેર સ્થળોએ વોર્ડવાઈઝ યોગ કાર્યક્રમો યોજાશે.

વોર્ડ પ્રમુખો, મહામંત્રીઓ અને કાર્યકર્તાઓ દ્વારા સમગ્ર આયોજનની જવાબદારી સંભાળવામાં આવી રહી છે. શહેર ભાજપના આગેવાનોએ કાર્યકર્તાઓ તેમજ રાજકોટના નાગરિકોને યોગાભ્યાસમાં જોડાઈ સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અનુરોધ કર્યો છે. યોગ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે અત્યંત લાભદાયી છે

# રાજકોટ જિલ્લા કલેકટર કચેરીના જનસેવા કેન્દ્રમાં આધારકાર્ડની સેવા શરૂ કરવા કાર્યવાહી




રાજકોટ,
રાજકોટ કલેકટર કચેરીના જનસેવા કેન્દ્રમાં પણ હવે રહી રહીને આધારકાર્ડની સેવા શરૂ કરવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આધારકાર્ડની આ સેવા શરૂ થતા લોકોની સુવિધામાં વધારો થશે.હાલ કલેકટર કચેરીના આ જનસેવા કેન્દ્રમાં હાલ રેશનકાર્ડ વિભાજન, રેશનકાર્ડમાં નવા નામ દાખલ કરવા ૭/૧૨, ૮/અના દાખલા, આવકના દાખલા સહિતની સેવાઓ લોકોને મળી રહી છે પરંતુ આધારકાર્ડની સેવા મળતી ન હતી.

જેના કારણે લોકોને હેરાનગતિ વેઠવી પડતી હતી. અહીં એ ઉલ્લેખનીય છે કે આધારકાર્ડ એ હવે લોકો માટે જરૂરી બની જવા પામેલ છે. કલેકટર તંત્રના સુત્રોએ જણાવ્યું હતું કે કલેકટર કચેરીના જનસેવા કેન્દ્રમાં આધારકાર્ડની કીટ ફીટ કરી આ સેવા શરૂ કરવા માટે કલેકટર દ્વારા જરૂરી સુચના અપાતા આ અંગેની પ્રક્રિયા તેજ કરી દેવામાં આવી છે.

શહેરમાં હાલ મ્યુ.કોર્પો.ની ત્રણેય ઝોનલ કચેરીઓ વોર્ડ ઓફીસો અને હેડ પોસ્ટ ઓફીસ ખાતે આધારકાર્ડની સેવા લોકોને મળી રહી છે. હવે કલેકટર કચેરીના જનસેવા કેન્દ્રમાં પણ આગામી ટુંક સમયમાં આધારકાર્ડની કીટ મૂકાતા નવા આધાર કાર્ડ કઢાવવા આધારકાર્ડમાં સુધારા વધારા સહિતની કામગીરી થશે.

# રાજકોટ રણછોડરાય સત્સંગ મંડળ ટ્રસ્ટ ભુજ દ્વારા રણછોડદાસજીબાપુ ચેરી. હોસ્પિટલને એ.સી. ટેમ્પો ટ્રાવેલર ભેટ અપાઈ



રાજકોટ,
શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા વર્ષોથી નેત્રયજ્ઞ મારફતે દર્દીઓને નિઃશુલ્ક સારવાર, ઓપરેશન, રહેવા-જમવાની તથા વાહનવ્યવહારની સુવિધા પૂરી પાડવામાં આવે છે. દર્દી કેન્દ્રિત આ સેવાકીય પ્રવૃત્તિથી પ્રેરાઈ ભુજ સ્થિત શ્રી રણછોડરાય સત્સંગ મંડળ ટ્રસ્ટ દ્વારા હોસ્પિટલને ૧૮ સીટર એ.સી. ટેમ્પો ટ્રાવેલર ભેટરૂપે અર્પણ કરવામાં આવ્યો છે.

ટ્રસ્ટના પ્રમુખ શૈલેષકુમાર ગોર, મંત્રી અનિલગર ગુંસાઈ, ડો. હિમાંશુ મોરબીયા સહિતના ટ્રસ્ટીઓએ નેત્રયજ્ઞમાં દર્દીઓની નિઃશુલ્ક સેવા માટે આ વાહન અર્પણ કર્યું હતું. આ વાહન દ્વારા દર્દીઓને કેમ્પ સ્થળેથી હોસ્પિટલ સુધી તેમજ ઓપરેશન બાદ પરત પહોંચાડવાની સેવા વધુ સુગમ બનશે. આ પ્રસંગે પ.પૂ. રણછોડદાસજીબાપુ આશ્રમ અને હોસ્પિટલ પરિવાર દ્વારા દાતા ટ્રસ્ટનો આભાર વ્યક્ત કરી માનવસેવાના આ કાર્યમાં તેમના મૂલ્યવાન સહયોગને બિરદાવવામાં આવ્યો હતો.

# રવિવારે રાજકોટ સરદાર પટેલ ભવન ખાતે 'સેન્ટ્ર ફોર યોગા એકસલન્સ 'નું ઉદઘાટન

## ખોડલધામ ટ્રસ્ટ - કાગવડ અને સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેનશન દ્વારા આયોજન

રાજકોટ,
શ્રી ખોડલધામ ટ્રસ્ટપ-કાગવડ સંચાલિત શ્રી સરદાર પટેલ કલ્ચલરલ ફાઉન્ડેનશન - રાજકોટ દ્વારા આગામી આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પાવન અવસરે રાજકોટ ખાતે એક નૂતન 'સેન્ટર ફોર યોગા એકસલન્સં' (યોગા સ્ટુડીયો)નું ઉદઘાટન કરવામાં આવનાર છે. શારીરિક સ્વાસ્વ્ય , માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિના ઉદ્દેશ્ય સાથે શરૂ થઈ રહેલા આ કેન્દ્રનો શુભારંભ તા. ૨૧ રવિવારે સવારે ૯:૩૦ કલાકે શ્રી સરદાર પટેલ ભવન, ન્યુ માયાણીનગર, રાજકોટ ખાતે કરવામાં આવશે.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તેમજ ઉદઘાટક તરીકે શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના અધ્યક્ષ સ્વામીશ્રી નિખિલેશ્વરાનંદજી અને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના કુલપતિશ્રી પ્રો. સુકાંત કુમાર સેનાપતિજી તેમજ શ્રી ખોડલધામ ટ્રસ્ટ, કાગવડના ચેરમેન શ્રી નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ સંસ્થામાં હવેથી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી - વેરાવળ દ્વારા માન્યતા પ્રાપ્ત 'ડિપ્લોમા ઈન યોગ'નો અભ્યાસક્રમ પણ થઈ શકશે. તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

આ સેન્ટજરમાં ભાઈઓ, બહેનો તેમજ બાળકો માટે જુદા-જુદા સ્પેશિયલ સેકશન અને સ્ટુડીયો બનાવવામાં આવ્યા છે.

થેરાણી સ્ટુડીયો : અહીં રોગ આધારિત વિશેષ યોગ સત્રો ચલાવવામાં આવે છે. જેમાં વજન ઘટાડવા માટેનો સ્પેશિયલ વેટ લોસ પ્રોગ્રામ, ડાયાબીટીસ, પાચનની સમસ્યાઓ (ગટ હેલ્થ ), હાઈ બ્લડપ્રેશર, હૃદયની તકલીફો, જેવી બીમારીઓ માટે ખાસ યોગ કરાવવામાં આવશે. આ ઉપરાંત સાઉન્ડ મેડીટેશન, રાગ થેરાપી, સાયક્લિક-એડવાન્સ મેડિટેશન, યોગ નિદ્રા જેવી સેવાઓ સામેલ છે. ગર્ભવતી બહેનો માટે પ્રેગ્નન્સી દરમિયાન અને ડિલિવરી બાદના ખાસ યોગા સત્રો પણ ઉપલબ્ધ હોવાનું જણાવાયું છે.

યોગ/એરિયલ સ્ટુડીયો : સામાન્ય ફિટનેસ માટેના રેગ્યુલર યોગ વર્ગો ઉપરાંત પ્રોપ્સે સાથે એરિયલ યોગ અને બંજી જમ્પિંગની આધુનિક સુવિધા અહીં ઉપલબ્ધ છે. બાળકોના સર્વાંગી વિકાસ અને જિલ્લાથી લઈને ઈન્ટરનેશનલ કક્ષાની સ્પર્ધાઓની તૈયારી માટે ખાસ યોગ વર્ગો તેમજ ૩ થી ૮ વર્ષના બાળકો માટે 'ફિઝિકલ લિટરસી પ્રોગ્રામ' પણ ચલાવવામાં આવે છે.

એરોબિકસટ/કથક/સેમી-કલાસિકલ સ્ટુડીયા : ફિટનેસ પ્રેમીઓ માટે બોલ, સ્ટીક, સ્ટેવપર, બેલ્ટ, વોલ વર્કઆઉટ અને બોલીવુડ મ્યુઝિક સાથે એરોબિકસ અને ઝુમ્બાણના વર્ગો ચલાવવામાં આવે છે. આ ઉપરાંત શાષીય નૃત્ય કથક (એકેડેમિક) અને સેમી-કલાસિકલ નૃત્યના વર્ગો પણ શરૂ થશે.આ ઉપરાંત હેલ્ધી લાઈફસ્ટાઈલ માટે અહીં ડાયેટિશિયન ગાઈડન્સ અને આયુર્વેદ કન્સ્લ્ટિંગની સુવિધા પણ આપવામાં આવશે.

આ સેન્ટર ખાતે દરેક પ્રવૃત્તિઓ માટે કવોલિફાઈડ અને સર્ટિફાઈડ નિષ્ણાતોની વિશાળ ટીમ કાર્યરત રહેશે. રાજકોટ શહેરના ન્યુ માયાણીનગર વિસ્તારમાં ચંદ્રેશનગર, પાણીના ટાંકાની સામે આવેલા શ્રી સરદાર પટેલ ભવન ખાતે આ આધુનિક યોગ સ્ટુડિયોમાં જોડાવા અને વધુ માહિતી મેળવવા માટે મો. નં. ૭૦૬૯૯૨૯૨૯૫, ૯૭૨૩૭૭૬૯૦૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# વેરાવળના બદલપરા ગામે રકતદાન શિબિર યોજાઈ



વેરાવળ,
વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વના ૧૨ વર્ષની ઉજવણી અવસરે ગીર સોમનાથ જિલ્લાના બાદલપરા ગામે રક્તદાન શિબિર આયોજીત કરવામાં આવી હતી.ધારાસભ્ય ભગવાનભાઈ બારડના વતનના ગામ એવા બાદલપરા ગામે અમદાવાદ પ્લેન દુર્ઘટનાના એક વર્ષની વરસી અવસરે બાદલપરા અને એની આસપાસના યુવાઓએ મોટા પ્રમાણમાં આ રક્તદાન શિબિરમાં ભાગ લઈને રક્તદાન કર્યુ હતું.

આપણા શાસ્ત્રોમાં રક્તદાનને મહાદાન કહેવામાં આવ્યું છે. જેને યથાર્થ ઠેરવતા નાના એવા ગામમાં યોજાયેલ આ રક્તદાન કેમ્પથી ૩૦૦ યુનિટ રક્ત એકઠું કરવામાં આવ્યું હતું. આ અંગે ધારાસભ્ય એ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના બાર વર્ષના સુશાસન પૂર્ણ થવા અને કેન્દ્રમાં લાંબો સમય સુધી વડાપ્રધાન રહેવાનો કીર્તિમાન તેમજ અમદાવાદ પ્લેન દુર્ઘટનાને આજરોજ એક વર્ષ પૂર્ણ થાય છે. એ નિમિત્તે આ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

# જૂનાગઢ જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા મેદસ્વિતાથી મુક્ત જીવન માટે યોગ અપનાવો



જૂનાગઢ,
આજના આધુનિક યુગમાં અનિયમિત જીવનશૈલી અને ખોટા આહાર-વિહારના કારણે મેદસ્વિતા (મોટાપો) એક ગંભીર વૈશ્વિક સમસ્યા બની રહ્યો છે. આ વૈશ્વિક સમસ્યાના નિવારણ માટે રાજય સરકાર દ્વારા મેદસ્વિતા મુક્ત અભિયાન વેગવંતું બનાવવામાં આવ્યું છે.

વર્તમાન સમયમાં વધતી જતી સ્થૂળતા અને તેના કારણે સર્જાતી આરોગ્ય સમસ્યાઓને ધ્યાનમાં રાખીને યોગને અસરકારક અને કુદરતી ઉપાય તરીકે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યો છે.યોગ દ્વારા શરીરના મેટાબોલિઝમમાં સુધારો થાય છે, ભાવનાત્મક ખાવાની ટેવ પર નિયંત્રણ મળે છે, હોર્મોનલ સંતુલન જળવાય છે, સ્નાયુઓ મજબૂત બને છે. તેમજ મન અને શરીર વચ્ચેનું જોડાણ વધુ સશક્ત બને છે. નિયમિત યોગાભ્યાસ માત્ર વજન ઘટાડવામાં જ નહીં પરંતુ સમગ્ર આરોગ્ય અને જીવનશૈલી સુધારવામાં પણ મદદરૂપ બને છે.

સ્થૂળતા નિયંત્રણ માટે સૂર્ય નમસ્કાર, ઉત્કટાસન, ત્રિકોણાસન, કુંભકાસન, શલભાસન તથા કપાલભાતિ પ્રાણાયામ જેવા યોગાસનો લાભદાયી માનવામાં આવે છે. આ યોગાસનોનો નિયમિત અભ્યાસ કરવાથી શરીરની કાર્યક્ષમતા અને તંદુરસ્તીમાં વધારો થાય છે.

આ ઉપરાંત, તંદુરસ્ત જીવનશૈલી માટે સંપૂર્ણ અને પૌષ્ટિક આહાર, નિયમિત કસરત, વાસ્તવિક લક્ષ્યાંકો નક્કી કરવાં તથા પૂરતી ઊંઘ અને સ્વ-સંભાળ જેવી બાબતોનું પણ મહત્વ છે.

# વેરાવળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ઔદ્યોગીક ભરતી મેળો યોજાયો

## ૮૦ રોજગારવાંચ્છુંઓની પ્રાથમિક પસંદગી કરવામાં આવી




મિતેશ પરમાર, વેરાવળ,
જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વેરાવળ ખાતે તા. ૧૭/૦૬/૨૦૨૬ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે નોકરીદાતાઓ તથા રોજગારવાંચ્છું વચ્ચે સેતુરૂપ બનવાના આશ્રયથી ઔદ્યોગીક ભરતી મેળો યોજાયો હતો.

આ ભરતી મેળામાં ગીર સોમનાથ જિલ્લાના મહિલા ઉમેદવારોને ઈ-મેઈલ અને સોશ્યિલ મીડિયાના જૂદા-જૂદા મધ્યમથી ઈન્ટરવ્યૂ પ્રક્રિયા માટે બોલાવવામાં આવ્યા હતાં. જેમાં કુલ ૯૫ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતાં. આ ભરતી મેળામાં સ્થાનિક નોકરીદાતા ત્રિમૂર્તિ ઓટો-વેરાવળ, શક્તિ સુપર માર્ટ-વેરાવળ, એલ.આઈ.સી.ઓફ ઈન્ડિયા- વેરાવળ, આદિત્ય બિરલા લાઈફ ઈનશ્યોરન્સ-વેરાવળ અને બોનાન્ઝા સલૂન એકેડેમી-રાજકોટ નોકરીદાતાના પ્રતિનિધિ હાજર રહ્યાં હતાં.

જેમના દ્વારા તેમના એકમ/સંસ્થા ખાતે ખાલી જગ્યા માટે ઈન્ટરવ્યૂ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી. જેમાં હાજર રહેલ ૯૫ ઉમેદવારોના શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, અનુભવ તથા આવડતના આધારે ૮૦ રોજગારવાંચ્છુંઓની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. આ રોજગારવાંચ્છુઓને ફરી બીજા રાઉન્ડ માટે બોલાવવામાં આવશે. તદ્ઉપરાંત રોજગાર કચેરીના કાઉન્સેલર દ્વાર કારકિર્દી માર્ગદર્શન તથા મોડેલ કેરિયર સેન્ટર અને એન.સી.એસ પોર્ટલનું પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યું હતું.

# વેરાવળ સિવિલ હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

## નિયમિત રક્તદાન થકી માનવજીવન બચાવવા સંકલ્પબદ્ધ થયાં કર્મચારીઓ



મિતેશ પરમાર, વેરાવળ,
વિશ્વભરના સ્વૈચ્છિક રક્તદાતાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરવા માટે 'વિશ્વ રક્તદાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણી નિમિત્તે વેરાવળ સિવિલ હોસ્પિટલમાં 'મેગા રક્તદાન કેમ્પ' યોજાયો હતો.રક્તદાન કેમ્પ સહિત આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ, હોસ્પિટલના ડોક્ટરો, સ્ટાફ અને સ્વૈચ્છિક રક્તદાતાઓએ ઉપસ્થિત રહી રક્તદાન અંગે જનજાગૃતિ ફેલાવવા શપથ લીધાં હતાં.

આ રક્તદાન કેમ્પમાં એકત્રિત કરવામાં આવેલ રક્ત જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનદાયી સાબિત થશે એવો વિશ્વાસ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ વ્યકત કર્યો હતો. રક્તદાન દ્વારા અનેક દર્દીઓને સમયસર રક્ત ઉપલબ્ધ થઈ શકશે અને તેમના જીવનને નવી આશા મળશે. તેમજ રક્તદાનના મહત્વ અંગે માર્ગદર્શન આપી વધુમાં વધુ લોકોને સ્વૈચ્છિક રક્તદાન માટે આગળ આવવા તેમણે અપીલ કરી હતી.

# ચોમાસામાં રેલ વ્યવહાર અવિરત રહેશે; દ્વારકા ભીમરાણા સેકશનમાં વધારાનો જળ નિકાલનો માર્ગ કરાયો



રાજકોટ,
મુસાફરોની સુરક્ષા અને રેલ સંરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને ચોમાસા પૂર્વેની તૈયારીઓના ભાગરૂપે એક મહત્વપૂર્ણ એન્જિનિયરિંગ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. ડિવિઝનના દ્વારકા-ભીમરાણા સેક્શનમાં વધારાના જળ નિકાલ માર્ગ (નાળા)નું નિર્માણ કાર્ય પૂર્ણ કરી લેવામાં આવ્યું છે, જેનાથી ચોમાસા દરમિયાન જળ નિકાલ વ્યવસ્થા વધુ અસરકારક અને મજબૂત બનશે.

રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝન વાણિજ્ય પ્રબંધક સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ચોમાસા દરમિયાન અતિભારે વરસાદ થવા પર પાણીનો પ્રવાહ વધી જાય છે, જેના કારણે રેલવે ટ્રેક આસપાસ જળભરાવ અને ધોવાણ જેવી પરિસ્થિતિઓ સર્જાવાની આશંકા રહે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ડિવિઝન દ્વારા દ્વારકા-ભીમરાણા સેક્શનમાં ૩ મીટર સ ૧.૮ મીટર કદના એક વધારાના જળ નિકાલ માર્ગનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ વધારાનો જળ નિકાલ માર્ગ વરસાદી પાણીના પ્રવાહને વધુ સુચારુ અને નિયંત્રિત બનાવવામાં મદદરૂપ થશે તેમજ ભારે વરસાદ દરમિયાન પાણી નિકાલની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે.

આ કાર્ય પૂર્ણ થવાથી ટ્રેક પર જળભરાવ તેમજ સંભવિત ધોવાણ (બ્રીચ)ની આશંકા ઓછી થશે અને રેલવે સંરચનાઓની સુરક્ષાને વધુ મજબૂતી મળશે. સાથે જ, ચોમાસા દરમિયાન રેલ વ્યવહારના સુરક્ષિત અને અવિરત સંચાલનમાં પણ મદદ મળશે.રાજકોટ ડિવિઝન દ્વારા ચોમાસાના પગલે સંવેદનશીલ સ્થળો પર વિશેષ દેખરેખ રાખવામાં આવી રહી છે તેમજ સંરક્ષા સંબંધિત વિવિધ કાર્યોને પ્રાથમિકતાના આધારે પૂર્ણ કરવામાં આવી રહ્યા છે.

રાજકોટ ડિવિઝન રેલ પ્રબંધક શ્રી ગિરિરાજ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, રાજકોટ ડિવિઝન મુસાફરોને સુરક્ષિત, વિશ્વસનીય અને સુગમ રેલ સેવાઓ ઉપલબ્ધ કરાવવા તેમજ રેલ સંરક્ષાને વધુ સુદ્રઢ બનાવવા માટે નિરંતર પ્રતિબદ્ધ છે. ડિવિઝન ચોમાસા દરમિયાન પણ સુરક્ષિત, સંરક્ષિત અને અવિરત રેલ પરિચાલન સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લઈ રહ્યું છે.

# વિશ્વમાં ૨૫,૦૦૦ બાળકો હત્યા, જાતીય હિંસા, અપહરણ અને યુદ્ધમાં બળજબરીથી ભરતી જેવા ગંભીર ગુનાઓનો ભોગ બન્યા

## સંયુક્ત રાષ્ટ્રના અહેવાલ મુજબ બાળકો સામે નોંધાયેલા ગંભીર ઉલ્લંઘનોની સંખ્યામાં સતત ચોથા વર્ષે વધારો થયો

ન્યુયોર્ક,

સંઘર્ષ અને યુદ્ધ ઝોનમાં બાળકોની સ્થિતિ સતત બગડી રહી છે. સંયુક્ત રાષ્ટ્ર (યુએન) ના એક નવા અહેવાલ મુજબ, ગયા વર્ષે વિશ્વભરમાં લગભગ ૨૫,૦૦૦ બાળકો હત્યા, જાતીય હિંસા, અપહરણ અને યુદ્ધમાં બળજબરીથી ભરતી જેવા ગંભીર ગુનાઓનો ભોગ બન્યા હતા. સૌથી આઘાતજનક વાત એ છે કે, ૩૦ વર્ષમાં પહેલીવાર, સરકારી દળો બાળકો સામેના સૌથી ગંભીર ઉલ્લંઘનો માટે જવાબદાર હોવાનું જાણવા મળ્યું છે.

યુએનના અહેવાલ મુજબ, બાળકો સામે નોંધાયેલા ગંભીર ઉલ્લંઘનોની સંખ્યામાં સતત ચોથા વર્ષે વધારો થયો છે. ૨૦૨૫ માં, આવા ૩૮,૫૫૮ કેસોની ચકાસણી કરવામાં આવી હતી, જેમાં બાળ હત્યા, અપહરણ, શાળાઓ અને હોસ્પિટલો પર હુમલા અને માનવતાવાદી સહાય રોકવા જેવી ઘટનાઓનો સમાવેશ થાય છે.

અહેવાલમાં જણાવાયું છે કે કુલ ૨૪,૧૭૪ બાળકો આ ઘટનાઓથી પ્રભાવિત થયા હતા. આમાંથી લગભગ એક તૃતીયાંશ છોકરીઓ હતી. ઘણા બાળકોએ એક સાથે અનેક પ્રકારની હિંસા અને દુર્વ્યવહારનો સામનો કર્યો હતો. યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસના વાર્ષિક અહેવાલ મુજબ, બાળ દુર્વ્યવહાર પર દેખરેખ શરૂ થયા પછી ત્રણ દાયકામાં પહેલી વાર, મોટાભાગના ગંભીર ઉલ્લંઘનો માટે સરકારી દળો જવાબદાર હોવાનું જાણવા મળ્યું છે. અગાઉ, સશસ્ત્ર બળવાખોરો અને આતંકવાદી જૂથોને સામાન્ય રીતે આવા કિસ્સાઓમાં મુખ્ય ગુનેગાર માનવામાં આવતા હતા.

અહેવાલમાં જણાવાયું છે કે ઇઝરાયલી સૈન્ય અને તેની સંલગ્ન સુરક્ષા એજન્સીઓએ ૨૦૨૫ દરમિયાન ૧૨,૪૪૫ ઉલ્લંઘનો સાથે સૌથી વધુ ઉલ્લંઘનો કર્યા હતા. આ પછી ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો ૪,૧૧૪ સાથે બીજા ક્રમે હતું. મ્યાનમાર, સોમાલિયા અને નાઈજીરીયામાં વિવિધ સશસ્ત્ર જૂથોએ પણ ૨૦૦૦ થી વધુ ગંભીર ઉલ્લંઘનો કર્યા હતા. સુદાન, દક્ષિણ સુદાન, સીરિયા અને યુક્રેનમાં રશિયન લશ્કરી દળોનો પણ યાદીમાં ઉલ્લેખ છે.અહેવાલ મુજબ, ૬,૨૬૬ બાળકોના મૃત્યુ માટે સરકારી દળો જવાબદાર હોવાનું જાણવા મળ્યું છે, જે પાછલા વર્ષ કરતા ૩૪ ટકા વધુ છે. ૭,૯૫૮ બાળકો ઘાયલ થયાની પણ પુષ્ટિ થઈ છે.

સંયુક્ત રાષ્ટ્રએ પુષ્ટિ આપી છે કે ગાઝામાં ઈઝરાયલી લશ્કરી કાર્યવાહી દરમિયાન ૨,૬૬૮ પેલેસ્ટિનિયન બાળકો માર્યા ગયા છે. વધુમાં, પશ્ચિમ કાંઠા અને પૂર્વ જેરુસલેમમાં ૫૫ બાળકો માર્યા ગયાની પુષ્ટિ થઈ છે. અહેવાલમાં એમ પણ જણાવાયું છે કે ગાઝામાં ૪,૫૮૮ વધારાના બાળકોના મૃત્યુ અને ૩૪૬ ઈઝરાયલી બાળકો ઘાયલ થયાના અહેવાલોની તપાસ ચાલી રહી છે.

# જિયો પ્લેટફોર્મ IPO માટે SEBI સમક્ષ DRHP ફાઈલ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ૪૯મી AGMમાં મુકેશ અંબાણીએ કરી જાહેરાત

## રિલાયન્સ ઈન્ટેલિજન્સ દરેક ભારતીય માટે AIને સુલભ બનાવશે, મુકેશ અંબાણીએ ભારતને વૈશ્વિક ટેકનોલોજી અને ગ્રીન એનર્જીમાં મહાશક્તિ બનાવવાની બ્લૂપ્રિન્ટ રજૂ કરવામાં આવી



મુંબઈ,

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ ડી. અંબાણીએ આજે અહીં કંપનીની ૪૯મી વાર્ષિક સામાન્ય સભાને સંબોધિત કરી હતી. આ છય્સ્માં સૌથી મહત્વની જાહેરાત કરતા મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે, જિયો પ્લેટફોર્મ્સના બોર્ડે ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસને મંજૂર કરી દીધું છે અને તેને આજે જ સેબી સમક્ષ ફાઇલ કરી દેવાશે. આ ક્ષણને અત્યંત ભાવુક ગણાવતા તેમણે કહ્યું હતું કે રિલાયન્સ અને તેના શેરધારકો વચ્ચેનો સંબંધ પવિત્ર અને સહિયારી વૃદ્ધિ પર આધારિત છે. આ આઈપીઓ રિલાયન્સના શેરધારકો માટે મોટી વેલ્યુ અનલોક કરશે.

તેમણે ઉમેર્યું હતું કે, જિયો પ્લેટફોર્મ્સે પેટન્ટ્સ દ્વારા નવતર સંશોધનના ક્ષેત્રમાં ફક્ત એક વર્ષની અંદર ૩૪૦મા રેન્કથી ૨૦મા રેન્ક સુધીની સિંહફાળ ભરી છે અને વિશ્વભરમાં ટોપ ૨૦ની અંદર સ્થાન મેળવનારી એકમાત્ર ભારતીય કંપની બની છે. વૈજ્ઞાનિકો, ઈજનેરો અને નવતર સંશોધકોની અમારી બાહોશ ટીમે ભારતને ગર્વ અપાવ્યો છે. છેલ્લા ૧૦ વર્ષમાં, જિયો કામગીરીના એવા સ્તરે પહોંચી ગયું છે જેને અસાધારણ જ કહી શકાય. જિયોનો યુઝર બેઝ ૫૨૪ મિલિયનને પાર કરી ગયો છે, જેણે પોતાની નં. ૧ પોઝિશનને મજબૂત કરી છે. કંપનીના પ૨્સબસ્ક્રાઈબરનો આંક ૨૬૮ મિલિયનથી વધી ગયો છે — જે ચીન પછીના કોઈ દેશમાં એક જ ઓપરેટર માટેનો સૌથી મોટો આંક છે, જેમાં ગત વર્ષે ૭૭ મિલિયનનો ચોખ્ખો ઉમેરો થયો હતો. જ્યારે આકાશ એમ. અંબાણીએ જણાવ્યું હતું કે, "જિયોનું પ્રસ્તાવિત લિસ્ટિંગ વિશ્વને બતાવી આપશે કે ભારત વૈશ્વિક સ્તર, વૈશ્વિક ક્ષમતા અને વૈશ્વિક મૂલ્ય ધરાવતી ટેક્નોલોજી કંપનીઓ બનાવી શકે છે. હું તમને અને તમામ સંભવિત નવા રોકાણકારોને ખાતરી આપું છું કે જિયોનું ભવિષ્ય વધુ ઉજ્જવળ છે."

મુકેશ અંબાણીએ 'રિલાયન્સ ઈન્ટેલિજન્સ'ને કંપનીના નવા ગ્રોથ એન્જિન તરીકે જાહેર કર્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારતે માત્ર એઆઈનો ઉપભોક્તા નહીં, પણ સર્જક અને વૈશ્વિક લીડર બનવું જોઈએ. કંપનીનો ઉદ્દેશ નફાકારક છૈં ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્લેટફોર્મ બનાવવાનો છે, જેના માટે ગૂગલ (Google), મેટા (Meta) અને એનવીડિયા (NVIDIA) સાથે ભાગીદારી કરવામાં આવી છે. જિયોએ ૨૨ ભારતીય ભાષાઓમાં સુલભ હોય તેવી એઆઈ સેવાઓ- JioBharatIQ, AI Vyapar, અને JioHealthIQ વિકસાવવાનું લક્ષ્ય રાખ્યું છે.

રિલાયન્સ ઈન્ટેલિજન્સ જામનગર ખાતે ભારતની સોવેરિન એઆઈ (AI) બેકબોન બનાવી રહી છે, જે સંપૂર્ણપણે સ્વચ્છ ઊર્જા દ્વારા સંચાલિત હશે. પ્રથમ ૧૨૦ મેગાવોટ ૨૦૨૬ના અંત સુધીમાં શરૂ થશે, જે અદ્યતન NVIDIA GB300 GPUજ થી સજ્જ હશે. આ ક્ષમતા રિલાયન્સને વિશ્વના સૌથી મોટા AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લેટફોર્મ્સમાંનું એક બનાવશે. ન્યુ એનર્જી બિઝનેસમાં રિલાયન્સ પ્લાન્ટના બાંધકામથી લઈને કમિશનિંગ થવાના તબક્કામાં પહોંચી ગયું છે. જામનગર ખાતે ૫,૦૦૦ એકરમાં ફેલાયેલું 'ધીરુભાઈ અંબાણી ગ્રીન એનર્જી ગીગા કોમ્પ્લેક્સ' વિશ્વની સૌથી સંકલિત સ્વચ્છ ઊર્જા ઉત્પાદન ઈકોસિસ્ટમમાંનું એક છે. સોલાર પીવી (ફ) સેલ અને મોડ્યુલ ઉત્પાદન લાઈન્સ કાર્યરત થઈ ગઈ છે. અનંત અંબાણીએ આ અંગે માહિતી આપી હતી કે બેટરી ગીગા ફેક્ટરીની ક્ષમતા વધારીને ૧૨૦ ય્ઉર કરવામાં આવશે. રિલાયન્સે ગ્રીન એમોનિયા માટે સેમસંગ (Samsung C&T) સાથે ૩ બિલિયન ડોલરનો ઐતિહાસિક પુરવઠા કરાર પણ કર્યો છે. કચ્છનો શુષ્ક પ્રદેશ જ્યાં અમે ૫,૫૦,૦૦૦ એકર કરતાં વધુ વિસ્તારમાં એક રિન્યુએબલ એનર્જી હબ વિકસાવી રહ્યા છીએ. તેમણે ઉમેર્યું હતું કે, જે વિશ્વમાં સપ્લાય ચેઈનને પડકારવામાં આવી રહી છે અને ટેક્નોલોજીની પહોંચને હથિયાર બનાવવામાં આવી રહી છે, ત્યાં ભારતમાં વૈશ્વિક સ્તરની બેટરી ઉત્પાદન ક્ષમતાનું નિર્માણ કરવું એ માત્ર એક વ્યાપારી નિર્ણય નથી. તે રાષ્ટ્રીય સ્થિતિસ્થાપકતા માટે એક વ્યૂહાત્મક અનિવાર્યતા છે.

રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા અંબાણીએ જણાવ્યું હતું કે, "અમારું લક્ષ્ય એક મિલિયન મહિલા સાહસિકોને સશક્ત બનાવવા ઉપરાંત બે લાખ યુવા ભારતીયોને રોજગારી મેળવવામાં મદદ કરવાનું તેમજ ગ્રામીણ પરિવર્તન માટે ૨૩ મિલિયનથી વધુ લોકો સુધી પહોંચવાનું છે. અમે આપણી કળા, કલાકારો અને કારીગરોને ટેકો આપવા સાથે ભારતીય સંસ્કૃતિને વૈશ્વિક મંચ પર પ્રેમ, આદર અને ગૌરવ સાથે આગળ વધારીએ છીએ."

# બિડેનના ટોચના સલાહકાર ડૉ. ફૌસીએ વુહાન લેબ સંશોધનને ભંડોળ પૂરું પાડ્યું હતું

## તુલસી ગેબાર્ડે વિસ્ફોટક કોવિડ ફાઈલો જાહેર કરી

વોશિંગ્ટન,

યુનાઈટેડ સ્ટેટ્સના ડિરેક્ટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સ (DNI) તરીકેના તેમના અંતિમ દિવસે, તુલસી ગેબાર્ડે COVID-19 રોગચાળાની ઉત્પત્તિ સંબંધિત "પહેલાં ક્યારેય ન જોયેલા" દસ્તાવેજો રજૂ કર્યા, જેમાં ભૂતપૂર્વ ટોચના યુએસ આરોગ્ય અધિકારી ડૉ. એન્થોની ફૌસી પર ચીનના વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીમાં વિવાદાસ્પદ સંશોધનને ભંડોળ પૂરું પાડવાનો અને વાયરસના મૂળ વિશેની માહિતી દબાવવામાં મદદ કરવાનો આરોપ મૂક્યો

ગેબાર્ડના આરોપોના કેન્દ્રમાં ડૉ. એન્થોની ફૌસી છે, જેમણે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એલર્જી એન્ડ ઈન્ફેક્શિયસ ડિસીઝ (NIAID) નું નેતૃત્વ કર્યું હતું અને બાદમાં ભૂતપૂર્વ યુએસ રાષ્ટ્રપતિ જો બિડેનના મુખ્ય તબીબી સલાહકાર તરીકે સેવા આપી હતી.

ગેબાર્ડના જણાવ્યા મુજબ, ફૌસીએ વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીમાં ચામાચીડિયાના કોરોનાવાયરસ સંબંધિત સંશોધન માટે લાખો ડોલરના યુએસ કરદાતા ભંડોળને મંજૂરી આપી હતી. તેણી દાવો કરે છે કે ભંડોળ કહેવાતા "ગેઈન-ઓફ-ફંક્શન" સંશોધન વૈજ્ઞાનિક પ્રયોગોને સમર્થન આપે છે જે વાયરસને વધુ ચેપી અથવા ખતરનાક કેવી રીતે બની શકે છે તેનો અભ્યાસ કરવા માટે સંશોધિત કરે છે.

# ઈઝરાયલે લેબનોન પર બોમ્બમારો કરતા ૧૮ લોકોના મોત : તેહરાને શાંતિ વાટાઘાટો અટકાવી

## લેબનોનમાં ઈઝરાયલના લશ્કરી કાર્યવાહીને કારણે ઈઝરાયલ તેના પ્રતિનિધિમંડળને સ્વિટ્ઝર્લેન્ડ મોકલતા અટકાવ્યા



તહેરાન,

યુએસ અને ઈરાન વચ્ચેના કરાર બાદ, વાણિજ્યિક જહાજો વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ હોર્મુઝ સ્ટ્રેટમાંથી ફરી પસાર થવા લાગ્યા છે. જોકે, યુએસના ઉપપ્રમુખ જેડી વાન્સે ઈરાન તરફથી ભવિષ્યમાં ટોલ ટેક્સની શક્યતાનો સીધો જવાબ આપવાનો ઈનકાર કર્યો છે, જેના કારણે વૈશ્વિક તેલ, શિપિંગ અને ઉર્જા ક્ષેત્રોમાં અનિશ્ચિતતા સર્જાઈ છે. જ્યારે બંને દેશો વચ્ચે હસ્તાક્ષર કરાયેલ સમજૂતી કરાર શરૂઆતના ૬૦ દિવસ માટે જહાજોને "કોઈપણ ફી વિના સલામત માર્ગ" ની ખાતરી આપે છે, ત્યારે વિશ્વભરના જહાજ માલિકો અને ઉર્જા કંપનીઓ આ સમયગાળા પછી જળમાર્ગના કાયમી શાસન અને દરિયાઈ સેવાઓ નક્કી કરવા માટે ઈરાન, ઓમાન અને અન્ય ગલ્ફ દેશો વચ્ચે આગામી ત્રિપક્ષીય વાટાઘાટો પર નજીકથી નજર રાખી રહ્યા છે.

દક્ષિણ લેબનોનમાં ઈઝરાયલી હુમલામાં મૃત્યુઆંક ૧૮ થયો છે, જેમાં વધુ એક વ્યક્તિનું મોત થયું છે. લેબનીઝ નેશનલ ન્યૂઝ એજન્સી એ અહેવાલ આપ્યો છે કે શુક્રવારે મધ્યરાત્રિથી હુમલાઓ ચાલુ છે.

# ૨૭ રાજ્યસભા બેઠકો માટેની ચૂંટણી પછી એનડીએની સંખ્યા વધીને ૧૫૩ થઈ

## બંધારણમાં સુધારો કરવા માટે રાજ્યસભામાં ૧૬૪ સાંસદોના સમર્થનની જરૂર

નવીદિલ્હી,

૨૭ રાજ્યસભા બેઠકો માટેની ચૂંટણી પછી, ઉપલા ગૃહનું ગણિત મોટાભાગે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ ગઠબંધનની તરફેણમાં હોય તેવું લાગે છે. ઝારખંડમાં રાજ્યસભાની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર પરિમલ નથવાણીની જીત બાદ, દ્ગડ્ઢછ ની સંખ્યા ૧૫૩ પર પહોંચી ગઈ છે. દરમિયાન, પશ્ચિમ બંગાળમાં, ચાર ટીએમસી સાંસદોના રાજીનામા બાદ ટીએમસી રાજ્યસભાની વધુ ચાર બેઠકો ખાલી પડી છેઃ સુખેન્દુ શેખર રોય, સુષ્મિતા દેવ, પ્રકાશ ચિક બરૈક અને કોયલ મલિક. ચૂંટણીઓ પછી, એનડીએની સંખ્યા ૧૫૭ સુધી વધી શકે છે, કારણ કે પશ્ચિમ બંગાળમાં સંખ્યા ભાજપને ટેકો આપે છે.

જાણો કે દ્ગડ્ઢછ ને બંધારણમાં સુધારો કરવા માટે રાજ્યસભામાં ૧૬૪ સાંસદોના સમર્થનની જરૂર છે, જે ઉપલા ગૃહમાં બે તૃતીયાંશ બહુમતી છે. પશ્ચિમ બંગાળમાં ચાર રાજ્યસભા બેઠકો જીતવાથી એનડીએની સંખ્યા ૧૫૭ થઈ શકે છે. આનાથી એનડીએ બે તૃતીયાંશ બહુમતીથી માત્ર સાત બેઠકો ઓછી રહેશે.

રાજ્યસભામાં વિવિધ પાર્ટીઓની બેઠકો જોઈએ તો ભાજપ ૧૧૫, ટીડીપી ૦૪,જેડીયુ ૦૪, એઆઈએડીએમકે ૦૪,એનસીપી ૦૪,શિવસેના ૦૨,એજીપી ૦૧,આરએલએમ ૦૧,પીએમકે ૦૧,આરપીઆઈ (એ) ૦૧,જેએસપી ૦૧,એનપીપી ૦૧,આરએલડી ૦૧,નામાંકિત ૦૭,અપક્ષ ૦૩,યુપીપીએલ ૦૨ (૧ સભ્યના ટેકાની બહાર),ઝેડપીએમ ૦૧ (ટેકાની બહાર) જો એનડીએને વાયએસઆરસીપી સાંસદોનો ટેકો મળે, તો એનડીએની સંખ્યા ૧૬૧ સુધી પહોંચી જશે.

વધુમાં, જો એનડીએને સીમાંકન બિલની જેમ વાયએસઆરસીપી સાંસદોનો ટેકો મળે, તો તેની સંખ્યા ૧૬૧ સુધી પહોંચી શકે છે, જે ૧૬૪ ના બે તૃતીયાંશ બહુમતીથી માત્ર ૩ ઓછી છે. એનડીએની સંખ્યા હજુ પણ બે તૃતીયાંશ બહુમતીથી ૩ ઓછી રહેશે.

# ન્યૂ યોર્કના ટાઈમ્સ સ્ક્વેરમાં ગોળીબારની ઘટનાથી લોકામાં મચી નાસભાગ : એક વ્યક્તીને ઈજા

## પોલીસે પીછો કરી હુમલાખોરને ત્વરિત ઝડપી લીધો

ન્યુયોર્ક,

અમેરિકાના ન્યૂ યોર્કના ટાઈમ્સ સ્ક્વેરમાં ગોળીબાર થયો હતો, જેમાં એક વ્યક્તિ ઘાયલ થયો હતો.એનબીએ ટીમ, ન્યૂ યોર્ક નિક્સની જીતની ઉજવણી કરવા માટે મોટી સંખ્યામાં ચાહકો એકઠા થયા હતા. ગોળીબાર શરૂ થતાં જ, બધા પોતાના જીવ બચાવવા દોડી ગયા હતા. પોલીસે ઝડપથી પીછો કર્યો અને હુમલાખોરને પકડી લીધો. ઘટનાના ઘણા વીડિયો પણ સામે આવ્યા છે. એક વીડિયોમાં પ્રવાસીઓ અને રાહદારીઓ અનેક ગોળીબાર થયા બાદ આશ્રય માટે ભાગતા દેખાય છે. પોલીસે જણાવ્યું હતું કે એક શંકાસ્પદ વ્યક્તિનો ઝડપથી પીછો કરીને તેને પકડી લેવામાં આવ્યો હતો. ફાયર વિભાગે અહેવાલ આપ્યો હતો કે એક વ્યક્તિને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, પરંતુ વધુ વિગતો જાહેર કરવામાં આવી નથી. વેબકેમ વીડિયોમાં કાળા પોશાક પહેરેલા ઓછામાં ઓછા બે માણસો ભીડવાળા ચોકડી પાસે આવીને હાથથી ગોળીબાર કરતા દેખાય છે. ગભરાયેલા લોકો આશ્રય માટે દોડી રહ્યા છે અથવા છુપાઈ રહ્યા છે કારણ કે શંકાસ્પદો શેરીમાં ભાગી રહ્યા છે, જેનો ઘણા પેટ્રોલ અધિકારીઓ પીછો કરી રહ્યા છે. ઘટનાસ્થળે પાર્ક કરેલા પોલીસ વાહનથી થોડા યાર્ડ દૂર ગોળીબાર થયો હતો.

# કેરળ સરકારની વાહન કરથી લઈને માફી યોજના સુધીના અનેક નિર્ણયોની જાહેરાત

## વિધાનસભામાં બજેટ રજૂ કરતા મુખ્યમંત્રી વી.ડી. સતીસને કર રાહત, માફી યોજના અને વાહન કરમાં ફેરફાર સહિત અનેક નિર્ણયોની જાહેરાત કરી

તિરૂવનંતપુરમ,

કેરળ સરકારે સુધારેલા બજેટ ૨૦૨૬-૨૭ માં ઘણી મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે, જે રાજ્યના કરદાતાઓ, વાહન માલિકો અને વ્યવસાયોને મોટી રાહત આપે છે. વિધાનસભામાં બજેટ રજૂ કરતા, મુખ્યમંત્રી વી.ડી. સતીસને કર રાહત, માફી યોજના અને વાહન કરમાં ફેરફાર સહિત અનેક નિર્ણયોની જાહેરાત કરી. સરકાર કહે છે કે આ પગલાંથી વ્યક્તિઓ પરનો નાણાકીય બોજ હળવો થશે, વ્યવસાયોને રાહત મળશે અને મહેસૂલ સંગ્રહમાં સુધારો થશે.

સરકારે ફ્લડ સેસ એરેયર્સ સેટલમેન્ટ સ્કીમ ૨૦૨૬ ની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ, જે વ્યવસાયો પાસે ફ્લડ સેસ બાકી છે તેઓ જો મૂળ રકમ સંપૂર્ણ ચૂકવે તો તેમને વ્યાજ અને દંડમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવશે. આ યોજના ૩૧ માર્ચ, ૨૦૨૭ સુધી મેળવી શકાય છે.જીએસટી પહેલાના કર કાયદા હેઠળ બાકી રહેલા નાના બાકી કેસ માટે પણ રાહત આપવામાં આવી છે. વ્યાજ અને દંડ સહિત ૫૦,૦૦૦ થી ૨ લાખ સુધીના કર બાકીને સંપૂર્ણપણે માફ કરવાનો પ્રસ્તાવ છે.

કેરળ સરકારે જાહેર પરિવહન અને ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા માટે વાહન કરમાં પણ સુધારો કર્યો છે. ઓલ ઈન્ડિયા ટુરિસ્ટ પરમિટ બસો પરના ત્રિમાસિક કરમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે. પ્રતિ સીટ ટેક્સ ૨,૦૦૦ થી ઘટાડીને ૯૦૦ કરવામાં આવ્યો છે, જ્યારે સ્લીપર સીટ પરનો ટેક્સ ૩,૦૦૦ થી ઘટાડીને ૧,૫૦૦ કરવામાં આવ્યો છે. સરકાર માને છે કે આનાથી કેરળમાં વધુ પ્રવાસી બસો નોંધણી કરાવવા માટે પ્રોત્સાહિત થશે અને આંતરરાજ્ય મુસાફરીને પ્રોત્સાહન મળશે. ઈલેક્ટ્રિક વાહનો માટે રોડ ટેક્સમાં રાહત પણ આપવામાં આવી છે. ૧૦ લાખ સુધીની કિંમતના ઈલેક્ટ્રિક વાહનો પરનો ટેક્સ ૫% થી ઘટાડીને ૩% કરવામાં આવ્યો છે.

# લદ્દાખમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિક અને જાહેર સ્થળોએ કચરો ફેંકવા પર કડક પ્રતિબંધ લાદવામાં આવ્યો

## સિંગલ-યુઝ પ્લાસ્ટિક પ્રતિબંધનું ઉલ્લંઘન કરતી વ્યક્તિઓ, વ્યાપારી સંસ્થાઓ, હોટલ, રેસ્ટોરન્ટ અને અન્ય સંસ્થાઓને ૧૦,૦૦૦ નો પર્યાવરણીય દંડ




લદ્દાખ,

લદ્દાખમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિક અને જાહેર સ્થળોએ કચરો ફેંકવા પર કડક પ્રતિબંધ અમલમાં આવ્યો છે. લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ આ અંગે કડક સૂચનાઓ જારી કરી છે. ઉલ્લંઘન કરવાથી ભારે દંડ થશે. લદ્દાખમાં, સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ, વેચાણ અને કચરો હવે મોંઘો પડશે.

લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાએ કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં ઓળખાયેલી સિંગલ-યુઝ પ્લાસ્ટિક વસ્તુઓ પર કડક પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો છે. નવા નિયમો હેઠળ, સિંગલ-યુઝ પ્લાસ્ટિક પ્રતિબંધનું ઉલ્લંઘન કરતી વ્યક્તિઓ, વ્યાપારી સંસ્થાઓ, હોટલ, રેસ્ટોરન્ટ અને અન્ય સંસ્થાઓને ૧૦,૦૦૦ નો પર્યાવરણીય દંડ ફટકારવામાં આવશે.

કચરો ફેંકવા બદલ ૫,૦૦૦ નો દંડ ફટકારવામાં આવશે. જાહેર સ્થળોએ કચરો ફેંકવા પર ૫,૦૦૦ નો દંડ ફટકારવામાં આવશે. વધુમાં, લેહ એરપોર્ટ અને લદ્દાખના પ્રવેશ સ્થળો પર સિંગલ-યુઝ પ્લાસ્ટિકની તપાસ કરવામાં આવશે. આ પહેલનો હેતુ લદ્દાખના નાજુક હિમાલયી પર્યાવરણનું રક્ષણ કરવાનો અને પર્યટન સ્થળોની કુદરતી સુંદરતા જાળવવાનો છે. પ્લાસ્ટિક કચરા અને ખુલ્લામાં કચરાને કારણે વધતા પ્રવાસન પ્રદેશને પર્યાવરણીય નુકસાન પહોંચાડી રહ્યું છે.

પ્રતિબંધ હેઠળ જે વસ્તુઓ પર પ્રતિબંધ રહેશેઃ પ્લાસ્ટિક કટલરી (ચમચી, કાંટા, વગેરે), પ્લાસ્ટિક કપ, પ્લેટ અને સ્ટ્રો,પ્લાસ્ટિક ટ્રે,પેકિંગ/રેપિંગ ફિલ્મ,થર્મોકોલ સુશોભન સામગ્રી,પ્લાસ્ટિકના ધ્વજ,પ્લાસ્ટિક સ્ટિરર, નિર્ધારિત જાડાઈ કરતા ઓછા પ્લાસ્ટિકના બેનરો,,ગુનેગારોને પકડવા માટે સીસીટીવીની પણ તપાસ કરવામાં આવશે.

# પહેલગામ અને બાલતાલમાં ૪૫ પર્વત બચાવ ટીમો સ્ટેન્ડબાય પર રહેશે : ૨૧ સ્થળોએ તૈનાતી

## ટીમમાં જમ્મુ અને કાશ્મીર પોલીસ, એસ ડી આર એફ, એન ડી આર એફ,સીડી આર એફ,એસ એસ બી અને બીએસએફના કર્મચારીઓનો સમાવેશ

શ્રીનગર,

૩ જુલાઈથી શરૂ થનારી અમરનાથ યાત્રા દરમિયાન યાત્રાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પહેલગામ અને બાલતાલ રૂટ પર પિસ્તાળીસ પર્વત બચાવ ટીમો તૈનાત કરવામાં આવશે. જમ્મુ અને કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક નલિન પ્રભાતે ગુરુવારે આ ટીમોને લીલી ઝંડી આપી હતી. તેમાં જમ્મુ અને કાશ્મીર પોલીસ, એસડી આરએફ, એનડીઆરએફ,સીડીઆરએફ,એસએસબી અને બીએસએફના કર્મચારીઓનો સમાવેશ થાય છે.

દક્ષિણ કાશ્મીર હિમાલયમાં સ્થિત પવિત્ર અમરનાથ ગુફાના બંને માર્ગો પર ૨૧ સ્થળોએ આ ટીમો તૈનાત કરવામાં આવશે.એસડીઆરએફના ડિરેક્ટર ઈમ્તિયાઝ હુસૈન મીરે શ્રીનગરમાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે દર વર્ષની જેમ, યાત્રાળુઓને મદદ કરવા માટે ટીમો તૈનાત કરવામાં આવશે. શ્રદ્ધાળુઓને તમામ પ્રકારની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. જો કોઈ આપત્તિ આવશે તો તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે અને તેનો સામનો કરવામાં આવશે. યાત્રાના સફળ સંચાલન માટે અન્ય સુરક્ષા દળો સાથે જમ્મુ અને કાશ્મીર પોલીસની ભૂમિકા મહત્વપૂર્ણ છે. આ પર્વત બચાવ ટીમો ખાસ તાલીમ પામેલી છે. આમાંના મોટાભાગના કર્મચારીઓને પહેલા પણ તૈનાત કરવામાં આવ્યા છે. તેઓ દેશના ખૂણે ખૂણેથી આવતા યાત્રાળુઓને, ખાસ કરીને કટોકટીની પરિસ્થિતિઓમાં, તમામ પ્રકારની સહાય પૂરી પાડે છે. મીરે જણાવ્યું હતું કે આ વર્ષે તૈનાત માટે વધારાના પ્રયાસો કરવામાં આવ્યા છે. સાધનો પણ વધારવામાં આવ્યા છે. પર્વત બચાવ ટીમને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જેથી તેઓ યાત્રાળુઓને વધુ સારી સેવાઓ પૂરી પાડી શકે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે સુરક્ષા એજન્સીઓએ યાત્રા માટે વિસ્તૃત વ્યવસ્થા કરી છે. ખીણમાં મોક ડ્રીલ કરવામાં આવી રહી છે. આ વર્ષે, અમરનાથ યાત્રા ૨૮ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે. યાત્રાનું સલામત અને સુગમ સંચાલન સુનિશ્ચિત કરવા માટે, વહીવટીતંત્ર સુરક્ષા તૈયારીઓ, કટોકટી બચાવ વ્યવસ્થા અને વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલનનું પરીક્ષણ અને મજબૂત કરવા માટે સમગ્ર ખીણમાં મોક ડ્રીલ કરી રહ્યું છે. ગુરુવારે પુલવામા અને કુલગામમાં મોક ડ્રીલ કરવામાં આવી હતી.

ડીજીપી નલિન પ્રભાતે આપત્તિઓ દરમિયાન સહયોગની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે પર્વતીય વિસ્તારોમાં વાદળ ફાટવા અને ભૂસ્ખલનના વધતા જોખમને કારણે બચાવ ટીમોની ભૂમિકા મહત્વપૂર્ણ બની ગઈ છે. ડીજીપીએ એસડીઆરએફ અને પર્વત બચાવ ટીમોના કાર્યની પ્રશંસા કરી અને ગુલમર્ગ બચાવ કામગીરીમાં તેમના પ્રયાસોની પ્રશંસા કરી.

## એસ.ટી.વિભાગમાં કંડકટરની ભરતીમાં ફર્સ્ટએઈડ સર્ટિફિકેટ બાબતે ભાજપ અગ્રણી ડો.કાનાબારે કરેલ સૂચન સીએમ, ડેપ્યુટી સીએમએ સ્વીકાર્યુ

### જે યુવક પસંદગી પ્રક્રિયામાં પાસ થાય તેને જ સર્ટિ આપવું જોઈએ તેવું કરેલ સૂચન સ્વીકારાયું



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ અને રાજય તેમજ સરકારમાં અવાર-નવાર સોશ્યલ મીડિયાના માધ્યમથી પત્ર કે ટેલીફોનિક જનહિતમાં રજુઆત કરતા ડો.ભરત કાનાબારે એસ.ટી.કંડકટરની ભરતી પ્રક્રિયા માટે જરૂરી ફર્સ્ટએઈડ સર્ટિફિકેટ અંગે સીએમઓ અને નાયબ મુખ્યમંત્રીને કરેલ રજુઆતનો સરકારે નિર્ણય કરતા રાજયનાં લાખો યુવકોમાં રાહતની લાગણી ફરી વળી છે.

વિગત એવા પ્રકારની છે કે એસ.ટી. કંડકટરની ભરતી પ્રક્રિયાના અરજી ફોર્મમાં ફર્સ્ટએઈડ સર્ટિફિકેટ જોડવું ફરજિયાત હોવાથી આ ભરતી પ્રક્રિયામાં જોડાવવા ઈચ્છતા લાખો બેરોજગાર યુવકોને ફર્સ્ટએઈડ સર્ટિફિકેટ માટે જરૂરી ૧૬ કલાકની તાલીમ, અરજી ફોર્મ સહિત માટે અંદાજિત ૧૦૦ કરોડ રૂપિયા ખર્ચે કરવો પડે તેમ હોય આ બાબત ડો.કાનાબારને ધ્યાને આવેલ.આથી, તેઓએ સીએમઓમાં રજુઆત કરી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથે ટેલીફોનિક વાતચીત કરીને જણાવ્યું કે જે ઉમેદવારનું સિલેકશન થાય તેમને જ ૧૬ કલાકની તાલીમ લેવી જરૂરી કરીને અન્ય યુવકોને થતો ખર્ચ અટકાવવો જોઈએ.ડો. કાનાબારનું સૂચન મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ સ્વીકારતા એસ.ટી.વિભાગની વડી કચેરીએ એક પરિપત્ર જાહેર કરેલ છે. જેમાં જણાવેલ છે કે,ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા કંડકટર કક્ષામાં ભરતી માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે જાહેરાતમાં કંડકટર લાયસન્સની વિગત જેવી કે જેવા ફિલ્ડમાં વિગતો ભરવી મરજીયાત (વૈકલ્પિક ) છે.વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે. ભભઉમેદવારે અરજીપત્રકમાં કંડકટર લાયસન્સ, બેઝ ની ઉપરોકત વિગતો દર્શાવવી ફરજીયાત નથી.

## કેટરેકટ સર્જરી બાદ દર્દીઓની આંખોની દ્રષ્ટિ ગુમાવવાના ગંભીર મામલામાં અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલની મોતિયાકાંડની તપાસ પુર્ણ,પીડિતોને વળતર અને જવાબદાર સંસ્થા સામે કાર્યવાહી કરાઈ

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

શાંતાબા સિવિલ હોસ્પિટલમાં કથિત તબીબી બેદરકારીના કારણે કેટરેકટ સર્જરી બાદ દર્દીઓની આંખોની દ્રષ્ટિ ગુમાવવાના ગંભીર મામલામાં રાષ્ટ્રીયમાનવ અધિકાર આયોગ દ્વારા નોંધપાત્ર કાર્યવાહી પૂર્ણ કરીને કેસ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અમદાવાદ સ્થિત માનવ અધિકાર કાર્યકર કાંતિલાલ પરમાર દ્વારા આ મામલે એનએચઆરસી સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી, જેમાં આક્ષેપ હતો કે હોસ્પિટલમાં થયેલ આંખના ઓપરેશન બાદ આશરે ૨૫ દર્દીઓની દ્રષ્ટિ પ્રભાવિત થઈ હતી.

એનએચઆરસી દ્વારા આ ફરિયાદના આધારે ગુજરાત સરકાર પાસેથી વિગતવાર અહેવાલ મંગાવવામાં આવ્યો હતો. રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રજૂ કરાયેલા અહેવાલ મુજબ ૧૪ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ નિષ્ણાત તબીબોની સમિતિ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ૧૭ દર્દીઓમાંથી ૧૨ દર્દીઓએ ઓપરેશન બાદ એક અઠવાડિયામાં દ્રષ્ટિ ગુમાવવાની ફરિયાદ નોંધાવી હોવાનું સામે આવ્યું હતું.

તપાસના ભાગરૂપે હોસ્પિટલનું ઓપરેશન





થિયેટર સીલ કરવામાં આવ્યું હતું તેમજ દવાઓ અને પાણીના નમૂનાઓ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. ઉપરાંત જવાબદાર તબીબી અધિકારીઓને કારણદર્શક નોટિસો પાઠવવામાં આવી હતી અને વહીવટી તથા આર્થિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

હોસ્પિટલને મળતી આરોગ્ય યોજનાની નાણાકીય સહાય પણ અટકાવવામાં આવી હતી તથા રૂ. ૫ કરોડનો દંડ ફટકારવાની કાર્યવાહી કરવામાં આવીહતી. સાથે જ ચેરિટી કમિશનરને પણ જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી હતી.

૩૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ રાજય સરકાર દ્વારા રજૂ કરાયેલા અંતિમ અહેવાલ મુજબ અસરગ્રસ્ત ૧૨ દર્દીઓમાંથી ૯ દર્દીઓએ કાયમી રીતે દ્રષ્ટિ ગુમાવી છે, જયારે ૩ દર્દીઓ સારવાર બાદ સ્વસ્થ થયા છે.

રાજયસરકાર દ્વારા કાયમી દ્રષ્ટિ ગુમાવનારા ૯ દર્દીઓને રૂ. ૧૦ લાખ પ્રતિ દર્દી મુજબ કુલ રૂ. ૯૦ લાખ વળતર ચૂકવવામાં આવ્યું છે, જયારે ૩ દર્દીઓને રૂ. ૨ લાખ પ્રતિ દર્દી મુજબ કુલ રૂ. ૬ લાખ વળતર આપવામાં આવ્યું છે. આમ કુલ રૂ. ૯૬ લાખ વળતર ચૂકવવામાં આવ્યું છે.

એનએચઆરસીએ નોંધ્યું છે કે તમામ અસરગ્રસ્તોને વળતર ચૂકવવામાં આવ્યું છે તેમજ જવાબદાર હોસ્પિટલ સામે જરૂરી વહીવટી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે. તેથી આયોગે વધુ હસ્તક્ષેપની જરૂરિયાત ન હોવાનું માનીને કેસ બંધ કરવાનો નિર્ણય કર્યો છે.

આ સાથે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મુખ્ય સચિવને હાજર રહેવા માટે આપવામાં આવેલ શરતી સમન્સ પણ રદ કરવામાં આવ્યા છે.

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે સ્પષ્ટ કર્યું છે કે પીડિતોને વળતર તથા જવાબદાર સંસ્થાઓ સામે જરૂરી કાર્યવાહી પૂર્ણ થઈ ચૂકી હોવાથી આ મામલામાં આગળ કોઈ કાર્યવાહી આવશ્યક નથી અને કેસ બંધ કરવામાં આવે છે.

## છાપરી ગામે દિવસે સિંહે બકરીનો શિકાર કર્યો:ગ્રામજનોમાં ભય

અમરેલી:અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના છાપરી ગામે દિવસ દરમિયાન એક સિંહે બકરીનો શિકાર કર્યો હતો. આ ઘટનાને કારણે ગ્રામજનોમાં ભય અને ચિંતાનો માહોલ સર્જાયો છે. ગામના રમેશભાઈ લાભુભાઈ પરમારની બકરી પર સિંહે હુમલો કરી તેને મારી નાખી હતી.

સામાન્ય રીતે સિંહો રાત્રિના સમયે શિકાર કરતા હોય છે, પરંતુ આ ઘટના દિવસે બનતા ગામલોકોમાં આશ્ચર્ય ફેલાયું છે. દિવસે જ સિંહ ગામની સીમ સુધી પહોંચી જતાં લોકોમાં સુરક્ષા અંગેની ચિંતા વધી છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી આસપાસના વિસ્તારમાં સિંહોની અવરજવર વધી રહી છે.બકરીના માલિક રમેશભાઈ લાભુભાઈ પરમારે આ ઘટનાને કારણે આર્થિક નુકસાન થયું હોવાનું જણાવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ વન વિભાગને માહિતી આપવામાં આવી હતી. વન વિભાગની ટીમે સ્થળની મુલાકાત લઈ જરૂરી તપાસ હાથ ધરી છે.ગ્રામજનોએ વન વિભાગ સમક્ષ સિંહોની વધતી અવરજવર પર નિયંત્રણ લાવવા તેમજ પશુપાલકોને યોગ્ય વળતર અને સુરક્ષા માટે જરૂરી પગલાં ભરવાની માંગ કરી છે. આ ઘટનાને પગલે છાપરી ગામ સહિત આસપાસના વિસ્તારોમાં લોકો વધુ સાવચેત બન્યા છે.

## ચોરખાનામાં છુપાવ્યો હતો દારૂ:બસમાંથી દારૂનો જથ્થો ઝબ્બે રૂ. ૭.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત

અમરલી:અમરેલી જિલ્લામાં દારૂની હેરાફેરી સામે પોલીસે કાર્યવાહી કરતાં ખાનગી પેસેન્જર બસમાં બનાવવામાં આવેલા ગુપ્ત ચોરખાનામાંથી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે બે શખ્સોને ઝડપી પાડ્યા છે, જ્યારે એક ફરાર હોવાનું સામે આવ્યું છે.

શહેર પોલીસને મળેલી બાતમીના આધારે પીઆઈ એમ.એમ.ઝાલાના માર્ગદર્શન હેઠળ શહેર પોલીસ ટીમે ગઈ કાલે બપોરના સમયે અમરેલી રોડ પર લાઠી બાયપાસથી ચિત્તલ તરફ જતાં માર્ગ પર ચેકિંગ દરમિયાન એક પેસેન્જર બસને અટકાવી તપાસ



કરવામાં આવી હતી. તપાસ દરમિયાન બસમાં ખાસ બનાવેલા ગુપ્ત ચોરખાનામાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો.

જેમાં વિદેશી દારૂની કુલ ૩૭ બોટલ અને બિયરના ૬૬ ટીન મળી કુલ ૧૦૩ યુનિટ અને MP-09-ZG - 9990 નંબરની બસ તેમજ બે મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૭ લાખ ૨૬ હજાર ૬૧૨ના મુદ્દામાલ સાથે મધ્યપ્રદેશના રાનાપુર તાલુકાના ચોરમાંડલી ગામના બગજરાજ કેરમસીહ ડાવર (ઉ.વ.૨૫) દિલીપ દુકાલસીહ સોલંકી (ઉ.વ.૨૬)ને ઝડપી પાડ્યા છે.

જયારે ભાભરા તાલુકાના જવાણીયા ગામનો સુરેશ વસુનીયા નામનો શખ્સ ફરાર હોવાથી તેની શોધખોળ હાથ ધરાઈ છે. અમરેલી પોલીસે ૩ આરોપી સામે પ્રોહિબિશન અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અમરેલીનાં વોર્ડ-રમાં બિસ્માર બનેલ બિલ્ડીંગને સીલ કરવા માંગ કરાઈ

### સ્થાનિક વિસ્તારમાં ઉભા થયેલ ભયનો માહોલ દુર કરો,ચીફ ઓફિસરને રજૂઆત

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી: અમરેલીમાં વોર્ડ નં.રનાં નગરસેવકોએ ચીફ ઓફિસરને આવેદનપત્રમાં જણાવેલ છે કે, અમરેલી શહેર વોર્ડ નં-૨, ચિતલ રોડ પર આવેલ ૪૦ વર્ષથી પણ વધુ જૂનું અતિ જર્જરિત પરિમલ એપાર્ટમેન્ટ બિલ્ડીગને તાત્કાલિક સીલ કરી જોખમી બિલ્ડીગ જાહેર કરી સીલ કરવામાં આવે,મનુષ્યોની જીવની જાનહાનિ અટકાવવી જરૂરી છે.



અમરેલી શહેરની જનતા જનાર્દન તેમજ આ બિલ્ડીગ પાસેના આડોશ પાડોશ સોસાયટીમાં રહેવાસીઓ યમુના પાર્ક, નાગનાથ સોસાયટી તેમજ આ વિસ્તારના વેપારી દુકાનદારો વતી જણાવવાનું કે, અમરેલી શહેરમા વોર્ડ નં-૨, ચિતલ રોડ પર આવેલ ''પરિમલ એપાર્ટમેન્ટ બિલ્ડીગ'' હાલ અત્યંત જર્જરિત અને ખખડધજ હાલતમાં છે. બિલ્ડીગના છૂટા પથ્થરના ભાગો પોપડા અને કાટમાળ વારંવાર આસપાસના ઘર અને એમના ફળિયા તેમજ રસ્તા પર પડે છે. આ રસ્તા પર સવાર-સાંજ સ્કૂલના બાળકો, વૃદ્ધો અને હજારો નાગરિકોની અવર-જવર ખૂબ રહે છે. લોકો ભયના ઓથારે રહી રહ્યા છે.

વધુમાં જણાવેલ છે કે, ગત એક વર્ષથી સ્થાનિક રહીશોએ વારંવાર મૌખિક-લેખિત રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા આજ સુધીમાં કોઈ નક્કર પગલાં લેવાયા નથી. આથી વોર્ડ નં-૨ ના વર્તમાન કોર્પોરેટર સભ્યો મીનાબેન રવિરાજભાઈ શેખવાના પતિ રવિરાજભાઈ શેખવા કે જેઓ લોકોની સુખાકારી માટે અને પ્રશ્નોને વાચા આપવા માટે હોંકારો કાર્યાલય ચલાવે છે ત્યાં વારવાર આ રજૂઆત લોકો કરતા હોય છે જેથી આ વોર્ડના સદસ્યો ત્યાં તાત્કાલિક સ્થળ પર પહોંચી અને નિરીક્ષણ કરેલ અને તંત્રને કાર્યવાહીની કરવા ધ્યાન કેન્દ્રિત કરેલ છે.

## SP સંજય ખરાતનો નાગરિકો સાથે સીધો સંવાદ:પોલીસ કામગીરીની સમીક્ષા,વિશ્વાસ અને પારદર્શિતા વધારવા પ્રયાસ

અમરેલી:અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે નાગરિકો અને પોલીસ વચ્ચે વિશ્વાસ તથા પારદર્શિતા વધારવા એક અનોખી પહેલ કરી છે. આ અંતર્ગત, તેઓ વાર્ષિક તપાસણી દરમિયાન વિવિધ પોલીસ સ્ટેશનોમાં અરજદારો સાથે સીધો સંવાદ કરી રહ્યા છે.

SP સંજય ખરાતે અરજદારો સાથે વ્યક્તિગત મુલાકાત યોજીને તેમની અરજીઓમાં થયેલી તપાસ, અત્યાર સુધીની કાર્યવાહી અને વર્તમાન સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. તેમણે કેટલીક રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી તપાસની ગુણવત્તા અને ગતિની સમીક્ષા કરી હતી.

લાઠી પોલીસ સ્ટેશનની તપાસણી



દરમિયાન, SP સંજય ખરાતે અસામાજિક તત્વો સામેની કાર્યવાહી, મહિલા સુરક્ષા, જમીન-મિલકત વિવાદો, પારિવારિક પ્રશ્નો અને અન્ય જાહેરહિતના મુદ્દાઓને લગતી અરજીઓની વિગતવાર સમીક્ષા કરી હતી. આ મુલાકાત દરમિયાન કેટલાક અરજદારોએ પોલીસની કામગીરી અને તપાસ પ્રક્રિયા અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

SP ખરાતે સંબંધિત અધિકારીઓને દરેક અરજીમાં કાયદેસર, નિષ્પક્ષ અને સમયમર્યાદામાં તપાસ પૂર્ણ કરવાની સૂચના આપી હતી. તેમણે નાગરિકોને ઝડપી અને અસરકારક સેવા ઉપલબ્ધ કરાવવા પર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે SP સંજય ખરાતે જણાવ્યું હતું કે, "પોલીસ અને જનતા વચ્ચેનો વિશ્વાસ જ અસરકારક પોલીસિંગનો પાયો છે. નાગરિકોની ફરિયાદોનું સંવેદનશીલતા, નિષ્પક્ષતા અને સમયબદ્ધતા સાથે નિરાકરણ લાવવું અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે."

## અમરેલી સહિત રાજયના ૧૦૦ મંદિરોમાં ચોરી કરનાર અમદાવાદના બે શખસ દબોચાયા

અમરેલી:ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે પીપળીયા પુલ નજીકથી અમદાવાદના નરોડા ખાતે રહેતા બે શખ્સોની રૂ. ૫.૮૩ લાખથી વધુના ચોરીના મુદ્દામાલ સાથે ધરપકડ કરી છે. પ્રાથમિક પૂછપરછમાં આ તસ્કરોએ ભાવનગર, અમરેલી, અમદાવાદ, બોટાદ, સુરેન્દ્રનગર અને દેવભૂમિ દ્વારકા સહિતના વિવિધ જિલ્લાઓમાં ૧૦૦ જેટલા મંદિરોને નિશાન બનાવ્યા હોવાની કબૂલાત કરી છે. પકડાયેલા આરોપીઓને વધુ તપાસ માટે ઘોઘા પોલીસને સોંપવામાં આવ્યા છે.ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં મિલકત સંબંધી વણશોધાયેલા ગુનાઓની તપાસમાં હતો, તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે અગાઉ મંદિર ચોરીના ગુનાઓમાં પકડાયેલા બે શખ્સો સોના-ચાંદીના દાગીના સાથે પીપળીયા પુલ પાસે કાર લઈને ઊભા છે. આ બાતમીના આધારે



પોલીસે સ્થળ પર દરોડો પાડીને અતુલ પ્રવિણભાઈ ધકાણ (ઉં.વ. ૪૬, મૂળ રહે. નવાગામ, તા. ગારીયાધાર, હાલ રહે. નરોડા) અને ભરત પ્રવિણભાઈ થડેશ્વર (ઉં.વ. ૪૭, મૂળ રહે. કરીયાણા, તા. બાબરા, હાલ રહે. નરોડા)ની અટકાયત કરી હતી.

પોલીસે આરોપીઓની તલાશી લેતા તેમની પાસેથી કોઈ પણ આધાર કે બિલ વગરનો શંકાસ્પદ મુદ્દામાલ મળી આવ્યો હતો, જેમાં નીચે મુજબની વસ્તુઓનો સમાવેશ થાય છે: સોનાના દાગીના અને ઢાળીયા: ૧ ગ્રામની સોનાની નથ કડી (રૂ. ૫,૨૫૦), ૧ ગ્રામ ૪૦૦ મિલી ગ્રામની સોનાની નથડી સર (રૂ. ૬,૮૦૦), ૧૫ ગ્રામ ૨૦ મિલી ગ્રામનો સોનાનો ઢાળીયો (રૂ. ૧,૬૮,૦૦૦) અને ૬ ગ્રામ ૩૮૦ મિલી ગ્રામનો સોનાનો બીજો ઢાળીયો (રૂ. ૫૯,૦૦૦). ચાંદીના ઢાળીયા: ૬૦૩ ગ્રામનો ચાંદીનો ઢાળીયો (રૂ. ૪૮,૦૦૦) અને ૩૯૫ ગ્રામનો બીજો ચાંદીનો ઢાળીયો (રૂ. ૩૩,૦૦૦). અન્ય સાધન-સામગ્રી અને રોકડ રૂ. ૩,૦૦૦ની રૂ. ૧૦,૦૦૦ની કિંમતના ૨ મોબાઈલ ફોન અને ગુનામાં વપરાયેલી રૂ. ૨,૫૦,૦૦૦ની કિંમતની ઈકો કાર (રજી. નંબર- GJ-27-BE-3218) સહિત પોલીસે કુલ રૂ. ૫,૮૩,૦૫૦નો મુદ્દામાલ શક પડતી મિલકત તરીકે કબ્જે કરીને બંને વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની સઘન પૂછપરછ દરમિયાન બંને આરોપીઓની ચોરી કરવાની ખાસ પદ્ધતિ સામે આવી છે. તેઓ મંદિરોમાં દર્શન કરવાના બહાને જતા અને રેકી કરતા હતા. ત્યારબાદ મંદિર બંધ હોય ત્યારે તાળા તોડીને મૂર્તિ પર ચડાવેલા સોના-ચાંદીના દાગીના તેમજ દાનપેટીમાંથી રોકડ રકમની ચોરી કરી નાસી છૂટતા હતા.